દૈનિક મુંબઈ સમાચાર ૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 49 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ -૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 February 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


મેટિની પૂર્તિ ૫ ૬ ૭

## ભારત ઝિમ્બાબ્વેને કચડીને સેમિ ફાઇનલની લગોલગ



ચેન્નઈઃ ભારતે અહીં ગુરુવારે ઝિમ્બાબ્વેને ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડની મૅચમાં ૭૨ રનથી હરાવીને સેમિ ફાઇનલની દિશામાં દોટ મૂકી હતી. ભારતે ૨૫૭ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યા બાદ ઝિમ્બાબ્વેની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૪ રન બનાવી શકી હતી. ભારતે હવે રવિવારે પણ વેસ્ટ ઇન્ડિઝને કોલકાતામાં હરાવવું પડશે. અભિષેક શર્મા (૩૦ બૉલમાં પંચાવન રન), હાર્દિક પંડ્યા (૨૩ બૉલમાં અણનમ ૫૦) અને તિલક વર્મા (૧૬ બૉલમાં અણનમ ૪૪)એ ભારતને ૪/૨૫૬નો પોતાનો વિક્રમજનક સ્કોર અપાવ્યો હતો.

વિગતવાર અહેવાલ ૧૦

**ઍર ટિકિટના રિફન્ડના નવા નિયમો જાહેર કરાયા**

# બુકિંગના ૪૮ કલાકમાં ઍર ટિકિટ કૅન્સલ કરાવી તો નો-ચાર્જ

## આ ઉપરાંત બે દિવસમાં ટિકિટમાં ફેરફાર પણ કોઈ પણ વધારાના ચાર્જ વિના કરી શકાશે






નવી દિલ્હીઃ ઍર ટિકિટ રિફન્ડ માટેના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ) નવા નિયમો વિશે માહિતી આપી હતી. ડીજીસીએએ જણાવ્યું છે કે હવે મુસાફરો બુકિંગ કર્યાના ૪૮ કલાકની અંદર કોઈપણ વધારાનો ચાર્જ ચૂકવ્યા વિના એક ટિકિટ રદ કરી શકે છે અથવા તેની તારીખ- સમય બદલી શકે છે. જો કે, આ ચોક્કસ શરતોને આધીન રહેશે.

મુસાફરો માટે વધુ અનુકૂળ નવો નિયમ લાવતા ડીજીસીએએ એમ પણ કહ્યું કે જો ટિકિટ સીધી ઍરલાઈનની વેબસાઈટ પરથી બુક કરવામાં આવી હોય અને બુકિંગ કર્યાના ૨૪ કલાકની અંદર મુસાફર ભૂલ બતાવે છે તો ઍરલાઇન્સને તે વ્યક્તિના નામ પર ભૂલ સુધારવા માટે કોઈ વધારાનો ચાર્જ વસૂલશે નહીં. ટ્રાવેલ એજન્ટ/પોર્ટલ મારફતે ટિકિટ ખરીદવાના કિસ્સામાં રિફન્ડની જવાબદારી ઍરલાઇન્સની રહેશે કારણ કે એજન્ટો તેમના નિયુક્ત પ્રતિનિધિઓ છે. ઍરલાઇન્સ ખાતરી કરશે કે રિફન્ડ પ્રક્રિયા ૧૪ વર્કિંગ ડેની અંદર પૂર્ણ થવી જોઈએ. ઉપરાંત મુસાફરને આવતી મેડિકલ ઈમર્જન્સીના કારણે ટિકિટ રદ કરવાના નિયમોમાં પણ ફેરફાર કરાયો છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ કંપનીઓના મુસાફરોને એરલાઈન ટિકિટના રિફંડ માટે સિવિલ એવિયેશન રિક્વાયરમેન્ટ (સીએઆર) માં સુધારો, સમયસર રિફન્ડ ન મળવા અંગે મુસાફરોની વધતી ફરિયાદો બાદ કરવામાં આવ્યો છે.

ડિસેમ્બર ૨૦૨૫માં ઇન્ડિગો ફ્લાઇટના શિડ્યૂલમાં અડચણ દરમિયાન પણ રિફન્ડનો મુદ્દો સામે આવ્યો હતો અને તે સમયે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એરલાઇનને ચોક્કસ સમયમર્યાદામાં રિફન્ડ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હવે એરલાઇન્સને કહેવામાં આવ્યું છે કે તે ટિકિટ બુક કરાવ્યા પછી મુસાફરોને ૪૮ કલાકના સમયગાળા માટે લૂક-ઇન ઓપ્શન પ્રદાન કરે. આ સમયગાળા દરમિયાન મુસાફર કોઈપણ વધારાના ચાર્જ વિના ટિકિટ રદ કરી શકે છે અથવા તેમાં સુધારો કરી શકે છે, સિવાય કે સુધારેલી ફ્લાઇટના સામાન્ય વર્તમાન ભાડાં જેની

(જુઓ પાનું ૨) ▶▶






**એનસીઈઆરટીના વિવાદાસ્પદ પાઠ્યપુસ્તક પર પ્રતિબંધ મૂકતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે,**

# 'માફીથી કામ નહીં ચાલે, દોષીઓનાં નામ આપો'

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે વિવાદાસ્પદ એનસીઈઆરટી આઠમા ધોરણના પાઠ્યપુસ્તક પર કડક વલણ અપનાવ્યું છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે આઠમા ધોરણની સામાજિક વિજ્ઞાનની પુસ્તકમાં 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' નામના પ્રકરણ અંગેના કેસની સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તના નેતૃત્વ હેઠળની જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીનો સમાવેશ કરતી બેન્ચે એનસીઈઆરટીને સખત ઠપકો આપ્યો હતો. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ પુસ્તક પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકી દીધો હતો. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે આવા પુસ્તકો વાંચવાથી બાળકોમાં એકતરફી કે પૂર્વગ્રહયુક્ત મંતવ્યો કેળવાશે. તેથી ન્યાયતંત્રની ગરિમા જાળવવા માટે બાળકોને આવા પુસ્તકો આપવા ખોટા છે. સુપ્રીમ

(જુઓ પાનું ૨) ▶▶

### દોષીઓ સામે ઍક્શનઃ સરકાર

જમશેદપુરઃ આઠમા ધોરણના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સંબંધિત પ્રકરણને મામલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને નારાજગી વ્યક્ત કરી હતી અને આ મામલે જવાબદારી નક્કી કરી સંકળાયેલા લોકો વિરુદ્ધ પગલાં લેવાની બાંયધરી આપી હતી.

સરકાર ન્યાયતંત્ર માટે સંપૂર્ણ આદર ધરાવે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ન્યાયતંત્રનો અનાદર કરવાનો અમારો કોઈ ઈરાદો નહોતો.

ન્યાયતંત્રને બદનામ કરવાનું આ સુનિયોજિત કાવતરું હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે એનસીઈઆરટીના આઠમા ધોરણના પુસ્તક પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હતો અને આ પાઠ્ય પુસ્તકની ફિઝિકલ અને ડિજિટલ એમ

(જુઓ પાનું ૨) ▶▶

# ઈઝરાયલ સાથે મુક્ત વેપાર કરાર ટૂંકમાંઃ મોદી

## બંને દેશના સંબંધો મોદીની મુલાકાતમાં સ્પેશ્યલ વ્યૂહાત્મક ભાગીદારીના દરજ્જા સાથે નવી ઊંચાઈએઃ ૧૬ એમઓયુ કરાયા

જેરુસલેમઃ ભારત અને ઈઝરાયલે સમયની પરીક્ષામાં પસાર થયેલા તેમના સંબંધોને સ્પેશ્યલ વ્યૂહાત્મક ભાગીદારીની સપાટીએ લઈ ગયા હતા. બન્ને દેશો પારસ્પરિક લાભ મળે એવી મુક્ત વેપાર સંધિ ઝડપથી કરવા સંમત થયા હતા. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગાઝા શાંતિ પહેલને જોરદાર ટેકો આપતા ભારપૂર્વક કહ્યું હતું કે માનવતા સંઘર્ષનો શિકાર ન બનવી જોઈએ.

મોદી અને ઈઝરાયલના તેમના સમકક્ષ બેન્જામિન નેતાન્યાહુ વચ્ચેની વાતચીતને પગલે બન્ને દેશાએ વેપાર, કૃષિ, ઊર્જા, સાયબરસ્પેસ અને ડિજિટલ પેમેન્ટમાં સહકારનું વિસ્તરણ કરવાના કરારો કર્યા હતા. બન્ને દેશ વચ્ચે ૧૬ મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) થયા હતા. મોદી અને નેતાન્યાહુ વચ્ચે સ્પેશ્યલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનો દરજ્જો, ક્રિટિકલ ઍન્ડ ઈમેર્જિંગ ટેક્નોલોજી પાર્ટનરશિપ, સેન્ટર ઑફ એક્સલન્સ ઍન્ડ વિલેજ ઑફ એક્સલૅન્સ, ઈન્ડિયા ઈઝરાયલ ઍકેડેમિક ફોરમ તથા રક્ષા, સુરક્ષા, વેપાર, ટેક્નોલોજી અને કૃષિના ક્ષેત્રોમાં એમઓયુ તથા આતંકવાદ વિરુદ્ધ સહયોગ વધારવાના મુદ્દે સમજૂતી થઈ હતી. મોદીએ કહ્યું હતું કે ફ્યુચર રેડી ફાર્મિંગ, ભારત-મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક

(જુઓ પાનું ૨) ▶▶




PARAS

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમની વાત સાચી, એકલું ન્યાયતંત્ર જ ભ્રષ્ટ નથી

**ભારતમાં** શાળામાં ભણાવવાનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરતી સંસ્થા નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ (એનસીઈઆરટી)ના ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં 'ન્યાયિક ભ્રષ્ટાચાર' એટલે કે જ્યુડિશિયલ કરપ્શનનું પ્રકરણ સમાવાયું એ મુદ્દે બબાલ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્કૂલનાં છોકરાંને ભણાવાય તેની સામે આક્રોશ ઠાલવ્યો તેના પગલે જ્યુડિશિયલ કરપ્શન ચેપ્ટરવાળા પુસ્તક પર પ્રતિબંધ મૂકી દેવાયો છે.

કપિલ સિબલે સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો ઉઠાવ્યો તેના પગલે ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે ભારે નારાજગી વ્યક્ત કરીને કહ્યું કે, દુનિયામાં કોઈને પણ ન્યાયતંત્રને બદનામ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે. જસ્ટિસ સૂર્યકાન્તે તો ન્યાયતંત્રને બદનામ કરવાનું ષડ્યંત્ર રચાયું હોવાની આશંકા વ્યક્ત કરીને એમ પણ કહ્યું કે, આ પ્રકરણનો સમાવેશ સારી રીતે વિચારીને લેવાયેલો નિર્ણય લાગે છે એ જોતાં આ કેસ હું જાતે જ સાંભળીશ. આ પુસ્તકમાં માત્ર ન્યાયતંત્રમાં જ ભ્રષ્ટાચાર હોવાનો ઉલ્લેખ છે તેની સામે પણ સુપ્રીમ કોર્ટે વાંધો લીધો છે. રાજકારણ, વહીવટીતંત્ર કે જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર વિશે એક શબ્દ પણ નથી તેની સામે પણ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.

સુપ્રીમ કોર્ટની આ વાત સાવ સાચી છે. ભારતમાં ભ્રષ્ટાચાર સર્વવ્યાપી છે અને રાજકારણ તથા વહીવટીતંત્ર તો ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે છતાં તેમના ભ્રષ્ટાચાર વિશે કશું ના કહેવાય ને માત્ર ન્યાયતંત્રના ભ્રષ્ટાચારના પાઠ ભણાવાય એ પૂર્વગ્રહ પ્રેરિત તો કહેવાય જ. અલબત્ત બીજાં ક્ષેત્રોના ભ્રષ્ટાચારની વાત નથી કરી તેનો મતલબ એ નથી કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાક નથી. માત્ર ન્યાયતંત્રનો ઉલ્લેખ કરાયો તેથી માનનીય ચીફ જસ્ટિસ અને બીજા ન્યાયાધીશોને ભલે લાગી આવ્યું પણ આપણું ન્યાયતંત્ર સાવ દૂધે ધોયેલું તો નથી જ. આ વાત ન્યાયતંત્રમાં કામ કરી ચૂકેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સહિતના દિગ્ગજો કહી ચૂક્યા છે. આ દેશમાં હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને ભ્રષ્ટાચાર બદલ હોદ્દા પરથી દૂર કરાયા હોય કે પછી તગેડી મુકાય તેની બદનામીથી બચવા માટે ન્યાયાધીશે પોતે રાજીનામું ધરી દીધું હોય એવા કેટલાય કિસ્સા પણ નોંધાયેલા છે. ૧૯૯૩માં જસ્ટિસ વી. રામાસ્વામી સામે તો ઈમ્પિચમેન્ટ મૉશન લાવીને સંસદે તેમને દૂર કરવાની કાર્યવાહી કરવી પડી હતી.

જસ્ટિસ રામાસ્વામીને સંસદીય સમિતિએ નાણાકીય ગેરરીતિઓ માટે દોષિત ઠેરવ્યા હતા. તેના પગલે તેમને દૂર કરવા માટે ઈમ્પિચમેન્ટ એટલે કે મહાભિયોગ કાર્યવાહી કરાયેલી. ભારતના ઈતિહાસમાં મહાભિયોગની કાર્યવાહીનો સામનો કરનારા જસ્ટિસ રામાસ્વામી સુપ્રીમ કોર્ટના પહેલા ન્યાયાધીશ છે. રાજકીય કારણોસર જસ્ટિસ રામાસ્વામીને દૂર કરવાનો પ્રસ્તાવ સંસદમાં ઊડી ગયેલો પણ સંસદીય સમિતિએ તેમને દોષિત ઠેરવેલા તેથી ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એ તો સાબિત થયેલું જ. ૨૦૧૧માં કોલકાતા હાઇ કોર્ટના જસ્ટિસ સૌમિત્ર સેને ભંડોળના દુરુપયોગના દોષી સાબિત થયા પછી તેમની સામે પણ ઈમ્પિચમેન્ટ મૉશન લવાયેલી પણ કાર્યવાહીના થોડા સમય પહેલાં રાજીનામું આપીને તેમણે આબરુ બચાવી લીધેલી.

જસ્ટિસ યશવંત વર્માનો કિસ્સો તો તાજો જ છે. માર્ચ ૨૦૨૫માં, દિલ્હી હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના ઘરે આગ લાગી ત્યારે જંગી પ્રમાણમાં બિનહિસાબી રોકડ મળી આવી હતી. સ્ટોર રૂમમાં રખાયેલી ઘણી નોટો અડધી બળી ગઈ હતી. દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસે ધ્યાન દોર્યું છતાં સુપ્રીમ કોર્ટે ભીનું સંકેલીને જસ્ટિસ વર્માને બચાવવા ફાફાં માર્યાં હતાં. આ વાત મીડિયામાં આવી ગઈ ને બળેલી ચલણી નોટોના વીડિયો વાયરલ થયા પછી સુપ્રીમ કોર્ટે પગલાં લેવાં જ પડે તેમ હતાં છતાં વર્માને બચાવવાના ભરપૂર પ્રયત્નો થયા.

સુપ્રીમ કોર્ટે પહેલાં તો જસ્ટિસ વર્મા સામે એફઆઈઆર નોંધાવવાની માગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ વર્માને હટાવવાની અને સસ્પેન્ડ કરવાની માગણી ઉગ્ર બનતાં જસ્ટિસ વર્માને અલાહાબાદ હાઈ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અલાહાબાદ હાઈ કોર્ટના વકીલો અને અન્ય ન્યાયાધીશોએ ઉગ્ર વિરોધ કરતાં બદલી મોકૂફ રાખીને છેવટે તપાસનો આદેશ આપવો પડેલો. જસ્ટિસ વર્મા સામે પણ મહાભિયોગની પ્રક્રિયા જુલાઈ ૨૦૨૫માં સંસદના ચોમાસુ સત્રમાં શરૂ કરાયેલી પણ વાત આગળ વધી નથી.

આ તો ઉચ્ચ અદાલતોનાં બહુ જાણીતાં ઉદાહરણોની વાત કરી, બાકી આક્ષેપોની ઘટનાઓ તો બીજી પણ છે. નીચલી અદાલતોમાં તો લોલેલોલ ચાલે છે અને ન્યાયાધીશો ન્યાયતંત્રના કર્મચારીઓનું કરી નાંખવામાં સામેલ હોય એવી ઘટનાઓ પણ બની છે. ૨૦૦૮ના ગાઝિયાબાદ પ્રોવિડન્ટ ફંડ કૌભાંડમાં કોર્ટ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડનાં નાણાં ચાંઉ થઈ ગયેલાં એવું બહાર આવેલું અને આ ઉચાપતમાં ઘણા જિલ્લા અને ઉચ્ચ અદાલતના ન્યાયાધીશો સામેલ હતા.

૨૦૧૭માં મેડિકલ કૉલેજ લાંચ કેસમાં ખાનગી મેડિકલ કોલેજોએ પોતાની તરફેણમાં ચુકાદા લાવવા માટે જજોને મોટી સંખ્યામાં લાંચ આપી હોવાના આક્ષેપો થયેલા. આ કેસની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી પણ પછી ભીનું સંકેલી દેવામાં આવ્યું.

ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એવું સુપ્રીમ કોર્ટ જે હાઈ કોર્ટના જજોએ કહ્યું હોય એવાં તો ઢગલાબંધ ઉદાહરણો છે. જે પુસ્તક વિશે વિવાદ થયો છે તે પુસ્તકમાં ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈનો ઉલ્લેખ છે. જસ્ટિસ ગવઈએ ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર હોવાનું સ્વીકારીને જુલાઈ ૨૦૨૫માં કહ્યું હતું કે, ન્યાયતંત્રની અંદર ભ્રષ્ટાચાર અને ખોટા કાર્યોના કેસોની જાહેર વિશ્વાસ પર ખરાબ અસર પડે છે.

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રૂમા પાલે તો ઉચ્ચ ન્યાયતંત્રમાં પ્રવર્તતાં સેવન સિન્સ એટલે કે સાત પાપની વાત કરીને ભારે ખળભળાટ મચાવેલો. જસ્ટિસ રૂમા પાલના કહેવા પ્રમાણે, સાથી જજના અન્યાયી વર્તન પ્રત્યે આંખ આડા કાન કરવા, ન્યાયિક સ્વતંત્રતાના ધોરણોને વિકૃત બનાવીને દંભ કરવો, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકમાં પારદર્શકતાનો અભાવ, સુપ્રીમ કોર્ટના જજ દ્વારા જૂના ચુકાદાઓમાંથી બેઠા ફકરા ઉઠાવીને મૂકી દેવાની ચોરી, ન્યાયતંત્રના ભ્રષ્ટાચારને રોકવા માટેના ધમપછાડા, જજોમાં પ્રોફેશનલ ક્ષમતાનો અભાવ અને ભાઈ-ભત્રીજાવાદ એ સાત પાપ પ્રવર્તે છે. ઘણા નિવૃત્ત ન્યાયાધીશોએ આ વાતમાં સૂર પુરાવ્યો હતો. ૨૦૧૬માં તો સુપ્રીમ કોર્ટના ચાર જજે પ્રેસ કોન્ફરન્સ કરીને ચીફ જસ્ટિસ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરીને સનસનાટી મચાવી દીધેલી. આ બધી ઘટનાઓ આપણી નજર સામે છે ને એ છતાં ચીફ જસ્ટિસને લાગે છે કે, ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર છે એવું સ્થાપિત કરવા પાછળ કોઈ કાવતરું છે તો તેનો કોઈ ઉપાય નથી.

સુપ્રીમ કોર્ટને રાજકારણ, વહીવટીતંત્ર કે જાહેર જીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો ઉલ્લેખ જ નથી કરાયો તેની સામે વાંધો પડ્યો છે પણ આ ભ્રષ્ટાચારને નાથવામાં ન્યાયતંત્ર ઊણું ઉતર્યું છે એ પણ વાસ્તવિકતા છે. ભારતમાં બંધારણ સર્વોપરિ છે અને ન્યાયતંત્ર બંધારણનું અર્થઘટન કરીને તેનો અમલ કરાવવાની ફરજ બજાવે છે. ન્યાયતંત્ર ૧૦૦ ટકા ક્ષમતા સાથે પોતાની ફરજ બજાવે તો રાજકારણ, વહીવટીતંત્ર કે જાહેર જીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને રોકી શકે પણ ન્યાયતંત્ર એ ફરજ પણ યોગ્ય રીતે બજાવતું નથી.

ભ્રષ્ટાચારના હજારો કેસ પડતર છે પણ ન્યાયતંત્ર તારીખ પે તારીખ કરીને તેમને લંબાવ્યા કરે છે. ન્યાયતંત્રના ભ્રષ્ટાચારના કારણે ઘણા કેસોમાં તો દેખીતા પુરાવા છતાં અપરાધી નેતાઓ કે અધિકારીઓને કશું થતું નથી. આ સ્થિતિ કેમ છે તેનો સુપ્રીમ કોર્ટે જવાબ આપવો જોઈએ પણ તેના બદલે સુપ્રીમ કોર્ટ બીજાંને નહીં ને અમને જ કેમ ભ્રષ્ટ ગણાવ્યા એ વાત જ કરે એ યોગ્ય નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૭-૨-૨૦૨૬, આમ્લકી એકાદશી

- ભારતીય દિનાંક ૮, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૧૦-૪૮ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૧ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭-૫૧, રાત્રે ક. ૨૧-૪૯
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૯, મધ્યરાત્રે ક. ૦૪-૦૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ એકાદશી. આમ્લકી એકાદશી (આમળા), ભદ્રા બપોરે ક. ૧૧-૩૬થી ક. રાત્રે ક. ૨૨-૩૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, રાહુ દેવતાનું પૂજન, શિવપૂજા, અગરના ઔષધીય પ્રયોગો, આભૂષણ, વસ્રો, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, ધાન્ય ઘરે લાવવું, રાજ્યાભિષેક, પશુ લેવડદેવડ, ઘર-ખેતર-જમીન મકાન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ સટ્ટા કરવાની આદત, મંગળ-હર્ષલ ચતુષ્કોણ સમતોલપણા વિનાના, સૂર્ય-રાહુ યુતિ વડીલો સાથે વિવાદ થાય, ચંદ્ર-શુક્ર ત્રિકોણ પરિવારમાં વ્યવહારું બને, ચંદ્ર-બુધ ત્રિકોણ ભાષાઓના જાણકાર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, મંગળ-હર્ષલ ચતુષ્કોણ, સૂર્ય-રાહુ યુતિ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૨૮)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ઈરાન અને અમેરિકા વચ્ચે કલાકો સુધી અણુ વાટાઘાટો

જીનિવાઃ ઈરાન અને અમેરિકાએ ગુરુવારે જીનિવામાં ઈરાનની અણુ મંત્રણા પર કલાકો સુધી ચર્ચા કરી હતી. આ પ્રયાસને અંતિમ તક માનવામાં આવી રહી છે કારણ કે અમેરિકાએ ઈરાન પર ડીલ માટે દબાણ ઊભું કરવા મિડલ ઈસ્ટમાં ફાઈટર જેટ્સ અને વોરશિપનો મોટો કાફલો તહેનાત કર્યો છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઈરાનના અણુ કાર્યક્રમ પર કન્ટ્રોલ કરવા માટે એક કરાર કરવા ઈચ્છે છે અને તેમને એક તક જોવા મળી રહી છે. બીજી તરફ ઈરાન ગયા મહિને રાષ્ટ્રવ્યાપી વિરોધને પગલે દેશમાં વધી રહેલા અસંતોષનો સામનો કરી રહ્યો છે. દરમિયાન ઈરાને કહ્યું હતું કે તે યુરેનિયમ સંવર્ધન કરવાનું ચાલુ રાખવા માગે છે. નોંધનીય છે કે ટ્રમ્પે જૂન મહિનામાં ઈરાનની ત્રણ ન્યૂક્લિયર સાઈટ્સ પર હુમલો કરવાનો આદેશ આપ્યો હતો.

ઈરાને કહ્યું હતું કે જો કોઈ અમેરિકન હુમલો થાય છે મિડલ ઈસ્ટ અમેરિકાના તમામ લશ્કરી બૅઝને નિશાન બનાવવામાં આવશે જેનાથી હજારો અમેરિકન સૈનિકો ખતરામાં પડી શકે છે. ઈરાને ઇઝરાયલ પર હુમલો કરવાની ધમકી પણ આપી છે, જેનો અર્થ છે કે મધ્ય પૂર્વમાં ફરીથી પ્રાદેશિક યુદ્ધ ફાટી શકે છે. ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ જિનેવા માટે ઉડાણ ભરતા અગાઉ કહ્યું હતું કે આ યુદ્ધમાં કોઈની જીત થશે નહીં. આ ખૂબ ભયાનક યુદ્ધ હશે. કારણ કે અમેરિકાના મિલિટરી બૅઝ આ વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ છે. કદાચ આખો વિસ્તાર તેમાં સામેલ થઈ જશે. એટલા માટે આ ખૂબ જ ભયાનક સ્થિતિ છે.

## ધિક્કારભર્યું ભાષણઃ આસામના સીએમને હાઈ કોર્ટની નૉટિસ

ગુવાહાટીઃ ધિક્કાર ભાષણ અને 'મિયાં' સમુદાય વિરુદ્ધ કરેલા કોમવાદી નિવેદનને મામલે કરવામાં આવેલી સંખ્યાબંધ જનહિતની અરજીને ધ્યાન પર લઈને ગુવાહાટી હાઈ કોર્ટે ગુરુવારે આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા સરમાને નૉટિસ પાઠવી હતી.

કેસ સંબંધિત દાખલ કરવામાં આવેલી ત્રણ અલગ અલગ અરજીને મામલે કોર્ટે રાજ્ય સરકાર અને ડીજીપીને પણ નૉટિસ પાઠવી હતી.

મુખ્ય ન્યાયાધીશ આશુતોષ કુમાર અને ન્યાયાધીશ અરુણ દેવ ચૌધરીની બનેલી ખંડપીઠે આ ત્રણ અરજીની સુનાવણી કરી હતી.

કેસની આગામી સુનાવણી માટે કોર્ટે ૨૧ માર્ચ મુકરર કરી હતી. પ્રતિવાદીઓએ કેસની આગામી સુનાવણી અગાઉ આ નૉટિસને મામલે પ્રતિક્રિયા આપવાની રહેશે.

જોકે કોર્ટે અન્ય કોઈ આદેશ ન આપ્યો હોવાનું ઍડવોકેટ શાન્તનુ બોર્થાકુરે કહ્યું હતું. (એજન્સી)

## સેના યુદ્ધ ક્ષમતાઓને વધારવા માટે ડ્રોન પ્લાટૂન સામેલ કરશે

પઠાણકોટ (પંજાબ): વેસ્ટર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર કટિયારે ગુરુવારે જણાવ્યું હતું કે ડ્રૉન યુદ્ધ ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે ઈન્ફન્ટ્રી, આર્ટિલરી અને આર્મ્ડ રેજિમેન્ટમાં સમર્પિત 'આશિન' ડ્રૉન પ્લાટૂન બનાવી રહી છે.

પત્રકારો સાથે વાત કરતા લેફ્ટનન્ટ જનરલ કટિયારે એમ પણ કહ્યું કે વિશિષ્ટ 'ભૈરવ' યુનિટ્સને દુશ્મનના વિસ્તારમાં ડીપ ઓપરેશન્સનું કામ સોંપવામાં આવશે. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે આધુનિક યુદ્ધમાં ડ્રૉનના વધતા મહત્વને ઓળખીને સેનાએ તેની રચનાઓનું પુનઃગઠન કર્યું છે. અમને સમજાયું છે કે ડ્રોનનો ઉપયોગ અત્યંત મહત્વપૂર્ણ છે. તેથી અમે તમામ યુનિટ્સમાં એટલે સુધી કે સૌથી નાના સબ-યુનિટ્સમાં ડ્રોનનો ઉપયોગ એકીકૃત કર્યો છે.

તેમણે કહ્યું કે સમર્પિત 'આશિન' ડ્રૉન પ્લાટૂન ઈન્ફેંટ્રી બટાલિયન્સની અંદર સબ-યુનિટ્સ બનાવવામાં આવ્યા છે અને દરેક રેજિમેન્ટમાં આ પ્રકારની વિશેષ પ્લાટૂન ઉભા કરવામાં આવશે. આ પ્લાટૂને ડ્રોન ઓપરેશનમાં કુશળતા પ્રાપ્ત કરી છે. દરેક રેજિમેન્ટ ઈન્ફેંટ્રી, આર્ટિલરી અથવા આર્મર્ડમાં ડ્રોન યુદ્ધમાં નિષ્ણાત આવા યુનિટ્સ હશે. ઓપરેશનલ તૈયારી પર ભાર મૂકતા વેસ્ટર્ન આર્મી કમાન્ડરે કહ્યું કે ભવિષ્યની લડાઈઓમાં સૈનિકોનું રક્ષણ કરવા અને ચોક્કસ હુમલાઓ કરવા માટે ઝડપી કાર્યવાહીની જરૂર પડી શકે છે.

તેમણે કહ્યું હતું કે આ વિશિષ્ટ બટાલિયનો આપણી હુમલો કરવાની ક્ષમતા અને સ્પેશિયલ ઓપરેશન કેપેબિલિટીને વધારશે. આવનારા સમયમાં સ્વતંત્ર રીતે કાર્ય કરવા અને દુશ્મનના વિસ્તારમાં ઘૂસવા માટે સક્ષમ નાની, ચપળ ટીમોની જરૂર પડશે. 'ભૈરવ' યુનિટ્સનો પ્રતિકૂળ વિસ્તારોમાં કામગીરી માટે ઉપયોગ કરવામાં આવશે. લેફ્ટનન્ટ જનરલ કટિયારે એ પણ ખુલાસો કર્યો કે ઈવેન્ટ દરમિયાન પ્રદર્શિત કરાયેલા મોટાભાગના ડ્રોન વેસ્ટર્ન કમાન્ડ વર્કશોપમાં બનાવવામાં આવ્યા હતા.

વધુમાં તેમણે કહ્યું હતું કે અમે સેનામાં જ ડ્રૉન બનાવવાનું શરૂ કર્યું છે અને તેનું ઉત્પાદન મોટા પાયે કરી રહ્યા છીએ.

અમે અમારી ઓપરેશનલ જરૂરિયાતો અને અમને જરૂરી ટેકનોલોજી સમજીએ છીએ અને અમે તેમને અમારા પોતાના વર્કશોપમાં વધુ અસરકારક રીતે બનાવી શકીએ છીએ. ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા આર્મી કમાન્ડરે કહ્યું કે ભારતે આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા અને જ્યારે જવાબી કાર્યવાહી કરવામાં આવી તો તેના જવાબમાં લશ્કરી અને હવાઈ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો.

ત્યારબાદ તેઓએ યુદ્ધવિરામની માગણી કરી, તેમણે આપણી સમક્ષ સીધી નહીં પરંતુ અન્ય દેશો મારફતે માગણી કરી હતી. તેઓ આપણી સામે લડી શકતા નથી.

## સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ક્રિએટરને પણ આવકમાંથી સારો હિસ્સો આપેઃ સરકાર

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાન અશ્વિની વૈષ્ણવે સોશ્યલ મીડિયા કંપનીઓને તેમના મંચમાં કરોડો યુઝરને લઈ આવતા અને કન્ટેન્ટ પ્રસિદ્ધ કરવાની જવાબદારી ઉપાડતાં ક્રિએટર (સર્જક) સાથે તેમની આવકનો હિસ્સો ન્યાયી રીતે વિભાજિત કરવાનો અનુરોધ કર્યો હતો.

ડિજિટલ ન્યૂસ પબ્લિસર્સ એસોસિયેશન કોન્ક્લેવ ૨૦૨૬માં બોલતાં તેમણે મૂળ કાર્ય અને બૌદ્ધિક સંપત્તિ પર ભાર મૂકીને તેને સામાજિક પ્રગતિના કરોડરજ્જુ ગણાવ્યા હતા.

વૈષ્ણવે કહ્યું હતું કે સોશ્યલ મીડિયાએ કન્ટેન્ટનું સર્જન કરનારા લોકો સાથે આવકનો ભાગ કાયદેસર રીતે વિભાજિત કરવો જોઈએ. સમાચાર હોય કે પરંપરાગત મીડિયામાં યોગદાન આપતા સર્જકો, ઈન્ફ્લ્યુએન્સર. પ્રોફેસર અને સંશોધકો જેઓ પ્લેટફોર્મ પર કાર્યનો પ્રચાર-પ્રસાર કરે છે. ભારતમાં ક્રિએટર ઈકોસિસ્ટમ ઝડપથી આગળ વધી રહી છે. ૨૦૩૦ સુધી આ ૪૪૦૩.૫ મિલિયન ડૉલર સુધી પહોંચી જવાનો અંદાજ છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના અહેવાલ પ્રમાણે હાલમાં ૨૦ લાખથી વધારે લોકો કન્ટેન્ટનું સર્જન કરીને નાણાં કમાય છે.

### બૅંક સાથે ૨૨૦૦ કરોડની છેતરપિંડી

## સીબીઆઈએ અનિલ અંબાણી, રિલાયન્સ કમ્યુનિકેશન્સ વિરુદ્ધ કેસ દાખલ કર્યો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૧૭ દરમિયાન બૅંક ઑફ બરોડા સાથે કરેલી રૂ. ૨,૨૦૦ કરોડની છેતરપિંડીને મામલે સીબીઆઈએ અનિલ અંબાણી અને રિલાયન્સ કમ્યુનિકેશન્સ વિરુદ્ધ નવેસરથી કેસ દાખલ કર્યો હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

બૅંક દ્વારા મંગળવારે દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે આ કેસ દાખલ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

કેસ દાખલ કર્યા બાદ સીબીઆઈએ અનિલ અંબાણીના નિવાસસ્થાન તેમ જ રિલાયન્સ કમ્યુનિકેશન્સના રજિસ્ટર્ડ કાર્યાલય પર દરોડા પાડી લૉનના ટ્રાન્ઝેક્શન સંબંધિત અનેક દસ્તાવેજ જપ્ત કર્યા હતા, એમ સીબીઆઈના પ્રવક્તા દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. દાખલ કરવામાં આવેલા એફઆઈઆર મુજબ રિલાયન્સ કમ્યુનિકેશન દ્વારા લેવામાં આવેલી લૉનને કારણે બૅંકને ૨,૨૦૦ કરોડ કરતાં વધુનું નુકસાન થયું હતું. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### માફીથી કામ

કોર્ટે કહ્યું હતું કે, બંદૂક ચલાવાઈ છે અને ન્યાયતંત્ર લોહીલુહાણ થઈ ગયું છે.

સુપ્રીમ કોર્ટમાં એવું નિરીક્ષણ કર્યું હતું કે, આ એક ઊંડું કાવતરું છે અને ન્યાયતંત્રને બદનામ કરવા માટેનું ગણતરીપૂર્વકનું પગલું છે.

સુપ્રીમ કોર્ટે એનસીઈઆરટી ના ડિરેક્ટર અને શાળા શિક્ષણ સચિવને કારણદર્શક નોટિસ જાહેર કરીને પૂછ્યું કે જવાબદાર લોકો સામે કાર્યવાહી કેમ ન કરવી જોઈએ. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે આ સંસ્થાને નબળી પાડવા અને ન્યાયતંત્રની ગરિમા ઘટાડવા માટે ઇરાદાપૂર્વકનું કાવતરું હોય તેવું લાગે છે. બેન્ચે જણાવ્યું હતું કે આવાં ખોટાં કામ, જે ન્યાયતંત્રને કાયમી અસર કરે છે, તે ગુનાઈત અદાલતી તિરસ્કારની વ્યાખ્યામાં આવે છે. બેન્ચે જણાવ્યું હતું કે તે સંપૂર્ણ તપાસની માગ કરે છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો આ કાર્યવાહીને અનિયંત્રિત રીતે આગળ વધવા દેવામાં આવે છે તો તે ન્યાયતંત્ર પર જાહેર વિશ્વાસને ઓછો કરશે. કોઈને પણ સજા કર્યા વિના છોડવામાં આવશે નહીં. સંસ્થાના વડા તરીકે જવાબદાર કોણ છે તે શોધવાની મારી ફરજ છે. તેમને સજા થવી જ જોઈએ.'' એવું લાગે છે કે ન્યાયતંત્રને બદનામ કરવાનું એક ઇરાદાપૂર્વકનું કાવતરું રચવામાં આવી રહ્યું છે.

એનસીઈઆરટીએ આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે તેના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં ''જ્યુડિશિયલ કરપ્શન''ના પ્રકરણને લઈને માફી માગી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે માફી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો. કાર્યવાહી કરતા ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે એનસીઈઆરટી પાઠ્યપુસ્તકમાં વિવાદાસ્પદ પ્રકરણ પર પ્રતિબંધ મૂક્યો હતો અને નકલોના પબ્લિકેશન, રી-પ્રિન્ટિંગ અને ડિજિટલ શૅરિંગ પર પ્રતિબંધ મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે એનસીઈઆરટી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા સમક્ષ કડક સવાલો ઉઠાવ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું હતું કે, ''અમે વધુ સંપૂર્ણ તપાસ ઇચ્છીએ છીએ. ન્યાયતંત્રના વડા તરીકે જવાબદારી સુનિશ્ચિત કરવી મારી ફરજ છે. આ પાછળ જેની ભૂલ છે તેમને સજા થવી જ જોઈએ.''

મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે, ''જ્યાં સુધી કેટલીક જવાબદારી નક્કી ના થાય ત્યાં સુધી હું આ કાર્યવાહી બંધ કરીશ નહીં.'' અમે જાણવા માગીએ છીએ કે આ પાછળ કોણ છે, તેમના નામ જણાવો. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓ તાત્કાલિક તેના નિર્દેશોનું પાલન કરે અને ચેતવણી આપી કે જો નિર્દેશોનો કોઈપણ રીતે અવગણના કરવામાં આવશે તો ''ગંભીર કાર્યવાહી'' કરવામાં આવશે.

એનસીઈઆરટી ના બુધવારના સંદેશાવ્યવહાર પર વાંધો ઉઠાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેમાં માફીનો એક પણ શબ્દ નથી અને તેને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કર્યો. જો કે, સુનાવણી શરૂ થતાં જ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ શિક્ષણ મંત્રાલય તરફથી બિનશરતી માફી માગી. જોકે, સુપ્રીમ કોર્ટે માફી નકારી કાઢી હતી.

### બુકિંગના ૪૮ કલાકમાં

માટે ટિકિટમાં સુધારો કરવાની માગ કરવામાં આવી છે. આ સુવિધા એવી ફ્લાઇટ માટે ઉપલબ્ધ રહેશે નહીં જેની બુકિંગની તારીખથી સ્થાનિક ફ્લાઇટ માટે ૭ દિવસ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ માટે ૧૫ દિવસથી ઓછો સમય બાકી હોય જ્યારે ટિકિટ સીધી એરલાઇનની વેબસાઇટથી બુક કરવામાં આવી હોય. ૪૮ કલાકનો સમયગાળો પૂરો થયા પછી આ વિકલ્પ ઉપલબ્ધ રહેશે નહીં અને મુસાફરે ફેરફાર અથવા રદ કરવા માટે સંબંધિત શુલ્ક ચૂકવવા પડશે.

ડીજીસીએએ કહ્યું હતું કે ઍરલાઇન્સે બુકિંગ કર્યાના ૨૪ કલાકની અંદર મુસાફર દ્વારા ભૂલ દર્શાવવામાં આવે ત્યારે તે જ વ્યક્તિના નામે સુધારા માટે કોઈ વધારાનો ચાર્જ વસૂલવો જોઈએ નહીં, જ્યારે ટિકિટ સીધી ઍરલાઇન વેબસાઇટ દ્વારા બૂક કરવામાં આવી હોય. મેડિકલ ઈમરજન્સીના કારણે ટિકિટ રદ થવાના કિસ્સામાં જ્યાં મુસાફર અથવા તે જ પીએનઆર પર લિસ્ટેડ પરિવારનો કોઈ સભ્ય મુસાફરી સમયગાળા દરમિયાન દાખલ/હોસ્પિટલમાં દાખલ થાય છે તો ઍરલાઇન્સ રિફંડ અથવા ક્રેડિટ શેલ પ્રદાન કરી શકે છે. અન્ય કિસ્સાઓમાં રિફન્ડ ત્યારે જ મળશે જ્યારે ઍરલાઈનનને ઍરોસ્પેસ મેડિસિન નિષ્ણાંત અથવા ડીજીસીએ પેનલના નિષ્ણાત પાસેથી ટ્રાવેલ ફિટનેસ સર્ટિફિકેટ પ્રાપ્ત થાય.

### દોષીઓ સામે

તમામ નકલ જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

સોશ્યલ સાયન્સના પાઠ્ય પુસ્તકમાં અયોગ્ય સામગ્રી બદલ નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)એ માફી માગ્યાના એક દિવસ બાદ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તના વડપણ હેઠળની ખંડપીઠે કહ્યું હતું કે ન્યાયતંત્ર પર ગોળીબાર કરવામાં આવ્યો છે અને તે લોહી ગળતી હાલતમાં છે.

યોગ્ય સત્તાધિકારીઓ સાથેની સલાહમસલત બાદ આ પ્રકરણ ફરી લખવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીનો પણ સમાવેશ કરતી ખંડપીઠે એનસીઈઆરટીના ડિરેક્ટર અને સેક્રેટરી ઑફ ધ ડિપાર્ટમેન્ટ ઑફ સ્કૂલ એજ્યુકેશનને કારણદર્શક નૉટિસ પાઠવી શા માટે તેમની વિરુદ્ધ કોર્ટના અનાદરની કાર્યવાહી કરવામાં ન આવે તે જણાવવા કહ્યું હતું.

વિવાદને પગલે એનસીઈઆરટીએ આ પુસ્તક વૅબસાઈટ પરથી પાછું ખેંચી લીધું હતું. (એજન્સી)

### ઈઝરાયલ સાથે

(આઈએમઈસી) કોરિડોર અને આઈટુયુટુ (ઈન્ડિયા-ઈઝરાયલ-યુએઈ-યુએસએ) પ્રોજેક્ટસની પણ સમજૂતી કરવામાં આવી હતી.

ઈઝરાયલના સહયોગથી ભારતમાં સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવી છે અને આની સંખ્યા ૧૦૦ પર લઈ જવામાં આવશે. તદુપરાંત વિલેજ ઑફ એક્સલન્સ સ્થાપવામાં આવશે જેનાથી ભારતના ગામડાના લોકોને લાભ મળશે. ખેતીમાં નવી પદ્ધતિ લાવવા રેડી ફાર્મિંગની દિશામાં આગળ વધવામાં આવશે.

ભારત અને ઈઝરાયલે ટેક્નોલોજીના ટ્રાન્સફરના માળખા હેઠળ લશ્કરના હથિયારોના સંયુક્ત વિકાસ અને ઉત્પાદન માટે કરાર કરીને ગાઢ સંરક્ષણ સહકારનું વિસ્તરણ કરવા પ્રતિબદ્ધ થયા હતા.

મોદીએ કહ્યું હતું કે ભારત અને ઈઝરાયલ એવો સમાન મત ધરાવે છે કે વિશ્વમાં આતંકવાદને કોઈ સ્થાન નથી અને બંને દેશ આતંકવાદ અને તેના ટેકેદારોનો પ્રતિકાર કરવામાં ખભેથી ખભા મિલાવશે. (એજન્સી)

## ‘લવ જિહાદ’ કાયદો અમલમાં લાવવા સરકારી ગતિવિધિઓ તેજ

મુંબઈઃ પુણેમાં એક યુવતીના કથિત અપહરણ અને ‘લવ જિહાદ’ના કિસ્સાએ હાલમાં સમગ્ર રાજ્યમાં ભારે ચર્ચા જગાવી છે. તે દરમિયાન એક મોટી હિલચાલ જોવા મળી રહી છે. ‘લવ જિહાદ’ કાયદો અમલમાં લાવવા માટે સરકારી સ્તરે ગતિવિધિઓ તેજ બની છે.

દેશના અન્ય રાજ્યોની જેમ મહારાષ્ટ્રમાં પણ ‘લવ જેહાદ’ અને જબરદસ્તીથી કરવામાં આવતા ધર્માંતરણ પર રોક લગાવવા માટે રાજ્ય સરકાર સક્રિય થઈ હોવાનું સામે આવી રહ્યું છે. આ મામલે વિશેષ સમિતિની બે થી ત્રણ બેઠકો યોજાઈ ચૂકી છે અને આ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલો ડ્રાફ્ટ કાયદા અને ન્યાય વિભાગને મોકલી દેવામાં આવ્યો હોવાની પ્રાથમિક માહિતી મળી છે. રાજ્યના પોલીસ મહાનિર્દેશકની અધ્યક્ષપદ હેઠળ આ સમિતિની રચના ફેબ્રુઆરી ૨૦૨૫માં કરવામાં આવી હતી. તેમાં મહિલા અને બાળ વિકાસ, લઘુમતી વિભાગ, કાયદો અને ન્યાય વિભાગ, સામાજિક ન્યાય અને ગૃહ વિભાગના સચિવોનો સમાવેશ થાય છે. દેશમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન જેવા ભાજપ શાસિત રાજ્યોમાં લવ જેહાદ વિરોધી અને ધર્માંતરણ વિરોધી કાયદા પહેલાથી જ અમલમાં છે. એક ઉચ્ચ સ્તરીય સમિતિએ આ રાજ્યોના કાયદાઓનો વિગતવાર અભ્યાસ કર્યો છે. સૂત્રોએ માહિતી આપી હતી કે રાજ્યમાં આ કાયદો વહેલી તકે લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ■

# એપીએમસીમાં ૨૦ વર્ષથી રેકોર્ડ તપાસાયા નથી, કરોડોની મહેસૂલનું નુકસાન

નવી મુંબઈઃ એશિયાના સૌથી મોટા જથ્થાબંધ બજારોમાંના એક મુંબઈ કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી) દ્વારા વીસ વર્ષથી વધુ સમયથી શાકભાજી અને ફળ બજારમાં રેકોર્ડની તપાસ કરવામાં આવી નથી. જેના કારણે બજાર સમિતિને કરોડો રૂપિયાના સેસ રેવન્યુનું નુકસાન થયું છે અને સંબંધિત તંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા થયા છે. બજાર પરિસરમાં વેપારીઓના ખરીદી અને વેચાણ રેકોર્ડ, એન્ટ્રી અને એક્ઝિટ રજિસ્ટર, બિલ બુક, બેલેન્સ રસીદો અને સેસ ચુકવણી દસ્તાવેજોની તપાસ કરવી એ એક નિયમિત વહીવટી પ્રક્રિયા માનવામાં આવે છે. જોકે, શાકભાજી અને ફળ વિભાગમાં વર્ષોથી આ પ્રક્રિયા લાગુ કરવામાં આવી નથી, એવું કહેવામાં આવી રહ્યું છે.

દરરોજ મોટા પાયે ટર્નઓવર થતી આ બજારમાં જો તપાસ જ ન થઈ હોય, તો મહેસૂલમાં મોટો તફાવત ઊભો થવાની શક્યતા નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. જો ઊંડાણપૂર્વક ઓડિટ કરવામાં આવે તો બાકી નીકળતી રકમ કરોડો સુધી પહોંચી શકે છે, તેવો અંદાજ છે.

કેટલાક ડિરેક્ટરો અને વહીવટી અધિકારીઓની મિલીભગતને કારણે ઇરાદાપૂર્વક નિરીક્ષણ ટાળવામાં આવ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં, લાંબા સમય સુધી ઓફિસ નિરીક્ષણ કેમ ન થયું? શું સેસ વસૂલાત માટે ઓડિટ મિકેનિઝમ કાર્યરત હતું? અને શું સંબંધિત અધિકારીઓએ આ બાબતને અવગણી હતી? જેવા કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

વેપારીઓ અને ખેડૂત સંગઠનો સ્વતંત્ર તપાસ સમિતિની નિમણૂક કરીને તમામ વ્યવહારોની સંપૂર્ણ તપાસની માંગ કરી રહ્યા છે. ■

# વીએસઆર કંપનીના વિમાનોમાં મુસાફરી ન કરવાનો નાયબ મુખ્ય પ્રધાનનો નિર્ણય

મુંબઈઃ ડેપ્યુટી સીએમ અજિત પવારના કમનસીબ વિમાન અકસ્માત બાદ રાજ્યના રાજકારણમાં મોટો ફટકો પડ્યો છે. અજિત પવારના નિધન પછી તેમના ભત્રીજા અને રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પવારે આ અકસ્માત પર સવાલો ઉઠાવ્યા છે. એક તરફ રોહિત પવાર વીએસઆર એવિએશન કંપની પર સવાલો ઉઠાવી રહ્યા છે, તો બીજી તરફ હવે શિવસેના શિંદે જૂથે એક મહત્વનો નિર્ણય લીધો છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ ‘વીએસઆર’ કંપનીના વિમાનોમાં મુસાફરી ન કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી પક્ષના કોઈપણ પ્રધાન, વિધાનસભ્ય, નેતા કે ખુદ એકનાથ શિંદે આ કંપનીના વિમાનની સેવાનો ઉપયોગ કરશે નહીં.

વિમાન દુર્ઘટના પછી પક્ષના નેતાઓ અને વિધાનસભ્યોને એકનાથ શિંદેને સલામતીના કારણોસર આ કંપનીના વિમાનોનો બહિષ્કાર કરવાની વિનંતી કરી હતી. તેમણે આ વિનંતી સ્વીકારી આ નિર્ણયની પુષ્ટિ કરી હતી.

બીજી તરફ નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયે આ મામલાને ગંભીરતાથી લેતા કેન્દ્ર સરકાર દ્વારા ’વીએસઆર’ કંપનીના તમામ લેયર જેટ વિમાનોના ઉડાન પર પ્રતિબંધ મૂકી દીધો છે. જ્યાં સુધી આ સમગ્ર અકસ્માતની ટેકનિકલ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ વિમાનો આકાશમાં ઉડાન ભરી શકશે નહીં. ■

# માલેગાંવ પાલિકાની ઑફિસમાં નમાજ અદા કરવા પ્રકરણે સાત વિરુદ્ધ ગુનો

માલેગાંવઃ સ્ટ્રીટ લાઈટો માટે ફરિયાદ કરવા ગયેલા નાગરિકોએ માલેગાંવ મહાપાલિકાના વીજ વિભાગની ઑફિસમાં સામૂહિક નમાઝ પઢતાં થયેલા ભારે વિરોધ બાદ પોલીસે સાત જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. હવે સ્થાનિક સંઘટનાના સાતેય કાર્યકરને માથે ધરપકડની તલવાર લટકી રહી હોવાનું કહેવાય છે.

પાલિકાના વીજ વિભાગના અધિકારી કામ નિમિત્તે બહાર ગયા હતા ત્યારે સોમવારની સાંજે આ ઘટના બની હતી. ફરિયાદ કરવા ગયેલા લોકોએ અધિકારીની ઑફિસમાં જ નમાઝ પઢી હતી, જેને પગલે હિંદુવાદી સંઘટનાએ વિરોધ દર્શાવ્યો હતો. આ મામલો રાજકીય વર્તુળોમાં ગરમાતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.

વીજ વિભાગના કર્મચારી મહેન્દ્ર સાવંતની ફરિયાદને આધારે કિલ્લા પોલીસે લુકમાન કમાલ, સલીમ એક્કા અને અન્ય પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આરોપીઓ ઑફિસમાં આવ્યા ત્યારે અધિકારી કામ નિમિત્તે બહાર ગયા હતા. તેથી ઉદ્ધત વર્તન કરી ઑફિસમાંની ખુરશીઓ અસ્તવ્યસ્ત કરી નાખી હતી. પછી એ સ્થળે નમાઝ અદા કરી હતી. આરોપીઓને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવતાં તેમણે દમદાટી આપીને ધક્કામુક્કી કરી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

માલેગાંવ શહેરમાં ઠેર ઠેર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી તેના સમારકામ માટે ફરિયાદ કરવા છતાં તેના પર કોઈ કાર્યવાહી થઈ નહોતી. પરિણામે ફરિયાદ લઈને નાગરિકો પાલિકાના વીજ વિભાગના અધિકારી પાસે ગયા હતા. અધિકારી હાજર ન હોવાથી નાગરિકો નામઝ પઢવા લાગ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે સાંજે નમાઝનો સમય થયો હોવાથી વિરોધ દર્શાવવા નમાઝ પઢવામાં આવી હતી. ■



## “સુરક્ષાની ખાતરી શાંતિથી મહત્ત્વાકાંક્ષાને સમર્થન આપી શકે છે”

### શ્રી રવીન્દ્ર શર્મા, ચીફ ઑફ બ્રાન્ડ, કોર્પ. કોમ અને સીએસઆર

ખૂબ ઝડપભેર બદલાઈ રહેલા ભારતમાં દરેક ઉંમર વર્ગ અને વિસ્તારના લોકોની અપેક્ષા પણ વધી રહી છે. આ સાથે જ પૈસાની જવાબદારી ખાસ કરીને પરિવાર પ્રત્યે જિંદગીના મહત્ત્વના નિર્ણયમાં માનવામાં આવે છે. SBI Lifeના નવા બ્રાન્ડ કેમ્પેઈન એક પાયાની વાત પર ધ્યાન આપવા ઈચ્છે છેઃ પોતાના સપનાં પૂરાં કરવાના ખરા વિશ્વાસ ત્યારે થાય છે કે જ્યારે પોતાના સ્વજનોને આપવામાં આવેલ વચન સુનિશ્ચિત થાય છે.

આ વિચાર SBI લાઈફની મુખ્ય ફિલસૂફી “અપને લીયે, અપનો કે લીયે”થી સંપૂર્ણપણે જોડાયેલ છે, જે એ વાત પર ભાર આપે છે કે લાઈફ ઈન્શ્યોરન્સ ફક્ત એક ફાયનાન્શિયલ પ્રોડક્ટ નથી- આ જિંદગીનો વિકલ્પ પસંદ કરવામાં મદદ કરે છે. પોતાનાઓનું ભવિષ્ય સુરક્ષિત કરી, બ્રાન્ડ એ વાતને સુનિશ્ચિત કરે છે કે આશા અને જવાબદારીઓ એક સાથે થઈ શકે છે, તેથી લોકોને વિશ્વાસ અને મનની શાંતિ સાથે સપનાં પૂરાં કરવામાં મદદ મળે છે.

**ઋષભ પંત અને રવીન્દ્ર જાડેજાને SBI લાઈફના પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર શા માટે પસંદ કરવામાં આવ્યા? જોલી એન્ડ પોલી કેવી રીતે રિપ્રેઝેન્ટ કરે છે?**

આજનું કન્ઝ્યુમર એસ્પિરેશનલ, કોન્ફિડેન્ટ અને મીનિંગફુલ ગોલ્સને હાંસલ કરવા માટે તૈયાર છે, જોકે પરિવાર પ્રત્યે પોતાની જવાબદારીને લઈ પણ એટલી જ જાગૃત છે. ‘જોલી એન્ડ પોલી’ સાથે મળી ભારતીય પરિવારોમાં સામાન્ય બાબતને દર્શાવે છે, આગળ વધવા ઈચ્છે છે અને પોતાની દેખભાળની જવાબદારી વચ્ચે સંતુલન કરે છે. તેમનું કામ ઈન્શ્યોરન્સને ડ્રામા બનાવવાનું નહીં પણ તેને સામાન્ય બનાવવાનું છે. એ બાબત દર્શાવે છે કે લાઈફ ઈન્શ્યોરન્સથી સુરક્ષાની લોકો પર મજબૂતપણે અસર થાય છે, જેથી આશા અને પ્રગતિ થાય છે.

ઋષભ પંતે ‘જોલી’ને જીવિત કર્યો છે, જે સહજ જ્ઞાન, આશા અને સંપૂર્ણપણે જીવવાની હિમ્મત પ્રદાન કરે છે.

**આ કેમ્પેઇન યુવા દર્શકો સાથે કેવી રીતે જોડાય છે?**

આજની યુવા પેઢી વ્યાપક વિચાર ધરાવનાર, માહિતી ધરાવતા તથા પોતાની ઈચ્છાથી નિર્ણય લેવા માટે તૈયાર છે, જોકે તે પરિવાર, ફાયનાન્શિયલ સ્ટેબિલિટી તથા લાંબા સમયની સુરક્ષા પ્રત્યે પોતાની જવાબદારીને પણ તેજીથી સમજી રહ્યા છે.

આ કેમ્પેઈન ભારતીય ઘરોમાં સામાન્ય રીતે થતી સ્થિતિઓ દર્શાવી આ વિચાર સાથે જોડાયેલ છે, જે કરિયરમાં પરિવર્તન, ખાનગી મહત્ત્વકાંક્ષી, અને જીવન માટે નિર્ણય કે જેમાં હિંમત અને સાવધાની બન્ને સામેલ છે.

યુવા કસ્ટમર્સ ખાસ કરીને પહેલી વખત પૉલિસી મેળવનારા માટે મેસેજ સ્પષ્ટ છેઃ જલ્દી આયોજન કરવાનો અર્થ ઓપ્શન ઓછા કરવાના નહીં પણ સશક્તિકરણ છે. પોતાની જરૂરિયાતોને પૂરી કરી તેને સ્પષ્ટ, કોન્ફિડેન્સ અને મનની શાંતિ સાથે પોતાની આશાને પૂરી કરવાની સ્વતંત્રતા મળે છે.

# નવી ખરીદેલી કારમાં શિર્ડી દર્શન કરવા ગયેલા પરિવારને નડ્યો અકસ્માતઃ ચાર જણનાં મોત

અહિલ્યાનગરઃ બે દિવસ પહેલા ખરીદેલી નવી કારમાં શિર્ડીના દર્શન કરવા માટે નીકળેલા પરિવારને ખંડાલા નજીક અકસ્માત નડ્યો હતો, જેમાં ચાર સભ્યોનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે બે બાળક સહિત ત્રણ જણ ગંભીર ઇજા પામ્યા હતા.

શ્રીરામપુરમાં રહેનારા ચવાણ પરિવારે બે દિવસ અગાઉ નવી કાર ખરીદી હતી અને તે કારમાં તેઓ શિર્ડીમાં સાઇબાબાના દર્શન કરવા નીકળ્યા હતા. ઘરેથી નીકળ્યા ત્યારે પરિવારના તમામ સભ્યો ખૂબ ખુશ હતા, પણ તેમને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે રસ્તામાં તેમને મોત ભેટવાનું છે. તેમની કાર બાભલેશ્વર-શ્રીરામપુર રોડ પરથી પસાર થઇ રહી હતી ત્યારે ખંડાલા નજીક પૂરપાટ વેગે આવનારી ટ્રકે તેમની કારને ટક્કર મારી હતી.

ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પરિવારના ચાર સભ્યનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે બે બાળક સહિત ત્રણ જઇને ઇજા પહોંચી હતી. દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને ઘાયલોને સારવારાર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલા ચારેય જણનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે ટ્રક ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ■



દિવ્ય દ્વારે પ્રવેશની પ્રાર્થના

USA VISA WINDOW | Sudhir Shah & Associates Advocates and Notary

**ડો. સુધીર શાહ, એડવોકેટ**

૩ સપ્ટેમ્બર,૧૯૪૦ – ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬

સફર હવે તો કરવી છે સૂર્યની
ઓગાળી નાખવા છે બધા અભિમાનો
સળગાવી દેવા છે સર્વે દુષ્કૃત્યો
ભસ્મ કરવા છે સઘળા પાપો
હોમી દેવા છે નકારાત્મક વિચારો
નવતર જીવવું છે આપીને પરીક્ષા અગ્નિની
કલ્પના કરવી છે હવે સુંદરતાની

કવિઃ સુધીર શાહ

સૂર્યની સફરે નીકળી ગયેલા સુધીરને સંગીતમય વિદાય આપવા, યાદો તાજી કરવા અને હાઈ ટી માણવા રંગબેરંગી કપડાં પહેરી પધારજો.

**શનિવાર, ૨૮-૨-૨૦૨૬** સાંજે ૪ થી ૬
વાય. બી. ચવ્હાણ સેન્ટર, ચોથા માળે,
નરીમાન પોઈન્ટ, મુંબઈ

**સંગીતા જોશી અને કુટુંબીજનો**

સંગીતા જોશી - 9821300508
ઓફિસઃ કરીમ ચેમ્બર્સ, ત્રીજા માળે, અંબાલાલ દોશી માર્ગ, ફોર્ટ, મુંબઈઃ ૪૦૦૦૨૩. ફોનઃ ૦૨૨-૨૨૬૫૪૬૫૮

# ચોર હોવાની શંકા પરથી યુવાનને મોતને ઘાટ ઉતાર્યોઃ ચારની ધરપકડ

થાણેઃ નવી મુંબઈ ગયેલા માનખુર્દના યુવાનને ચોર હોવાની શંકા પરથી બેરહેમીથી ફટકારી મારી નાખવામાં આવ્યો હોવાની ઘટના બનતાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ પ્રીતમ ભરત ભોઈર (૨૬), શિવાજી શંકર ડુંબરે (૫૭), અમોલ રમેશ ગુંજાલ (૩૧) અને સંકેત જગતાપ તરીકે થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ મુંબઈના માનખુર્દ પરિસરમાં રહેતો સંદીપ લક્ષ્મીકાંત વિશ્વકર્મા (૩૧) ૧૫ ફેબ્રુઆરીથી ગુમ હતો. બીજે દિવસે તેનો મૃતદેહ રબાળે એમઆઈડીસી પોલીસ સ્ટેશનની હદમાંથી મળી આવ્યો હતો.

પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં ઢોરમાર મારવાથી થયેલી ઇજાને કારણે વિશ્વકર્માનું મૃત્યુ થયું હોવાનું જણાવાયું હતું. પોલીસે વિશ્વકર્માના મોબાઈલ ફોનના રેકોર્ડ તપાસ્યા હતા. ૧૫ ફેબ્રુઆરીએ તે વાશીમાં હતો અને છેલ્લે એક ભંગારવાળા સાથે તેણે વાત કરી હતી, એવું પોલીસને જાણવા મળ્યું હતું.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઈલેક્ટ્રિકલ ડિસ્ટ્રિબ્યુશન પૉઈન્ટ્સ (ડીપી) અને વાયર કથિત રીતે ચોરતાં વિશ્વકર્માને પકડી પાડવામાં આવ્યો હતો. બાદમાં આરોપીઓએ ઢોરમાર મારતાં તેનું મૃત્યુ થયું હતું. પછી તેના મૃતદેહને એક રિક્ષામાં મ્હાપે એમઆઈડીસી લઈ જવાયો હતો, જ્યાં નાળા નજીક મૃતદેહને ફેંકી દેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે તાબામાં લીધેલા રિક્ષા ડ્રાઈવર જગતાપે કબૂલ્યું હતું કે વિશ્વકર્માને ચોરી કરતાં પકડવામાં આવ્યો હતો. જગતાપ અને તેના ત્રણ સાથીએ કરેલી મારપીટમાં તેનું મૃત્યુ થયું હતું. જગતાપે આપેલી માહિતી પરથી તેના ત્રણેય સાથીને પકડી પાડવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# અકસ્માતમાં પગ ગુમાવનારા સોફ્ટવેર એન્જિનિયરને ૫૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૯માં ટ્રકે ટક્કર માર્યા બાદ પોતાનો પગ ગુમાવનારા સોફ્ટવેર એન્જિનિયરને ૫૮.૩ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

એમએસીટીનાં સભ્ય આર.વી. મોહિતેએ ૨૩ ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં ઇન્શ્યૂરન્સ પોલિસીની વાસ્તવિકતા અંગેના વિવાદ બાદ ટ્રકની વીમા કંપનીને શરૂઆતમાં દાવેદારને રકમ ચૂકવવા અને બાદમાં વાહનમાલિક પાસેથી તે વસૂલવાના નિર્દેશ આપ્યા હતા.

કંપનીમાં સિનિયર સોફ્ટવેર ડેવલપર તરીકે કાર્યરત કિરણ સુરેશ માળી (૩૫) ૩૦ માર્ચ, ૨૦૧૯ના રોજ થાણેના ઘોડબંદર રોડ પર આનંદનગર ખાતેથી મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે ટ્રકે પાછળથી તેની મોટરસાઇકલને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કિરણ માળીનો ડાબો પગ કાપવો પડ્યો હતો અને તેને ૬૫ ટકા દિવ્યાંગતા આવી ગઇ હતી. ટ્રકનો માલિક ટ્રિબ્યુનલ સમક્ષ હાજર થયો નહોતો અને મામલો તેની વિરુદ્ધ એકતરફી ચાલ્યો હતો. વીમા કંપનીએ દાવાનો વિરોધ કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે ઇન્શ્યૂરન્સ પોલિસી બોગસ હતી.

ટ્રિબ્યુનલે કિરણ માળીની કાર્યાત્મક દિવ્યાંગતાનું મૂલ્યાંકન પચીસ ટકા કર્યું અને માસિક આવક ૪૫ હજાર નક્કી કરી, કારણ કે દાવેદારે તેનો પગાર ૮૪ હજાર રૂપિયાથી વધુ હોવાનો દાવો કર્યો હતો અને તેને સાબિત કરવા આઇટી રિટર્ન અથવા બૅંક સ્ટેટમેન્ટ રજૂ કર્યા નહોતા. (પીટીઆઇ) ■

# જળગાંવના સંરક્ષિત સ્મારકમાં ફિલ્મ રીલ માટે મશાલ પ્રગટાવીઃ પાંચ સામે ગુનો

છત્રપતિ સંભાજીનગરઃ જળગાંવમાં એક સંરક્ષિત સ્મારકના પરિસરમાં ફિલ્મ રીલ માટે મશાલ પ્રગટાવવા અને જ્વલનશીલ પદાર્થોનો ઉપયોગ કરવા બદલ પાંચ અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા પર વીડિયો સામે આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. વીડિયોમાં પાંચથી છ અજાણી વ્યક્તિ પટણાદેવી ખાતે મહેશ્વર મંદિરની અંદર શૂટિંગ કરતા નજરે પડે છે. ગયા વર્ષે ડિસેમ્બરના અંતમાં અપલોડ કરાયેલી ક્લિપ્સમાં એક મહિલા ‘શિવલિંગ’ પાસે વિધિ કરતી, જ્યારે ચહેરો ઢાંકેલા અન્ય લોકો મંદિરના ઘંટ વગાડવા જોવા મળે છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (એએસઆઇ)ના અધિકારીએ કહ્યું હતું કે પડદા પાછળના વીડિયોમાં (રીલ બનાવવા) એક જૂથ પાઇપો સાથે કાપડ બાંધીને ગર્ભગૃહ સહિત મંદિર પરિસરમાં ચારથી પાંચ મશાલ સળગાવવા માટે જ્વલનશીલ પદાર્થનો ઉપયોગ કરતું દેખાય છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે એએસઆઇના સ્ટાફે જ્યારે સ્મારકનું નિરીક્ષણ કર્યું ત્યારે મંદિરમાં અને થાંભલાઓ પર કાળા ડાઘ (ધુમાડાને કારણે) મળી આવ્યા હતા.

દરમિયાન એએસઆઇના કર્મચારીએ આ પ્રકરણે ફરિયાદ નોધાવી હતી, જેને આધારે ચાલીસગાંવ ગ્રામીણ પોલીસે ૧૭ ફેબ્રુઆરીએ પાંચ અજાણી વ્યક્તિ વિરુદ્ધ સ્મારકને નુકસાન પહોંચાડવાના આરોપસર ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

**રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી**
રાષ્ટ્રીય મહત્વની સંસ્થા
લવાડ - દહેગામ - ૩૮૨૩૦૫ ગાંધીનગર, ગુજરાત, ભારત

**CSR ભાગીદારી**

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી CSR ભાગીદારી માટે કંપની અધિનિયમ, ૨૦૧૩ ના અનુસૂચિ VII હેઠળ કોર્પોરેટ ગૃહો / PSUs / બેંકોને નીચે જણાવેલ વિષયો માટે આમંત્રિત કરે છે.

- NCC કેડેટ્સ માટે રાષ્ટ્રીય સુરક્ષા બુટ કેમ્પ
- સાયબર સુરક્ષા તાલીમ અને ક્ષમતા નિર્માણ
- મહિલા સલામતી અને અગ્નિશામક તાલીમ કાર્યક્રમો
- નશાબંધી ઝુંબેશ અને વ્યસન મુક્તિ પહેલ
- ગ્રામીણ અને અર્ધ-શહેરી છોકરીઓ માટે શિક્ષણ સહાય

CSR ધારાધોરણ મુજબ આવતી સંસ્થાઓ CSR ભાગીદારી થકી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા શિક્ષણ સુવિધાને મજબૂત બનાવવામાં સહયોગ કરી શકે છે.

સંપર્કઃ ડીન (ઈડીએલડી) ઓફિસ (+૯૧-૯૯૦૯૯૧૭૪૨૬) । ઈમેલઃ csr@rru.ac.in । વેબસાઇટઃ www.rru.ac.in

“બનો રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદાર.”

માહિતી/૨૬૫૯/૨૦૨૫-૨૬

ઝાલાવાડી દેરાવાસી જૈન



લીંબડી નીવાસી હાલ સાયન - મુંબઈ

**જવાહરભાઈ રમણીકલાલ શાહ**
(સક્સારીયા)

ઉ.વ: ૭૬, તા: ૨૪/૨/૨૬ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.
તેઓ શ્રી સ્વ.સરસ્વતી બેન સ્વ. રમણીકલાલ શાહ ના સુપુત્ર,
ચારૂલતા [દિવીબેન] ના પતી,
મિહિર અને જીગર ના પીતાશ્રી,
નિશીતા અને વિધિના સસરા, દીયા અને પ્રીથીવ ના દાદા,
સુરેશભાઈ, અરૂણભાઈ, મયુરીકાબેન મહેન્દ્રભાઈ શેઠ
અને વીપુલભાઈ ના ભાઈ,
સ્વ કિરણબેન, સ્વ. રશ્મીબેન ના દીયર, નૌકાબેન ના જેઠ,
સ્વ. કંચનબેન - સ્વ. મનસુખભાઈ ઉદાણી ના જમાઈ,
લતાબેન [સંગીતાબેન] - સ્વ. ગુણવંતરાય હેમાણી, મીતાબેન -
સ્વ. નીતીનભાઈ, રાજુલબેન - સ્વ. કીરીટભાઈ ઉદાણી ના બનેવી,
અરુણાબેન - સ્વ. કિરીટભાઈ મહેતા અને
શીલાબેન - દિપકભાઈ ના વેવાઈ

તેમના આત્મશ્રેયાર્થે

**શ્રી શત્રુંજય તીર્થ ભાવ યાત્રા**
શુક્રવારે તા. ૨૭/૨/૨૬, સાંજે ૪ થી ૬
માનવસેવા સંઘ, સાયન, મુંબઈ માં
રાખેલ છે.

Arun Jawahar
Jawahar Diamond
Raaj Auto Boutique LLP
Aura Auto Hub LLP

### આંતરજ્ઞાતિય લગ્નને કારણે સામાજિક બહિષ્કાર

# દંપતીને વીજળી-પાણીથી વંચિત રખાયા, બાળકને પણ રસી-દવાઓ આપવામાં આવતી નથી

મુંબઈઃ લગ્ન બે આત્માઓનું મિલન જ નથી, પણ તે બે પરિવારોને પણ સાથે લાવે છે. આપણા દેશમાં લગ્નને ૭ જન્મોનું બંધન માનવામાં આવે છે, પણ જો આ લગ્નને કારણે કોઈ વ્યક્તિનો બહિષ્કાર કરવામાં આવે અને આ લગ્ન તેમના માટે દુઃસ્વપન બની જાય તો? આંતરજ્ઞાતિય લગ્ન કરવા બદલ આખા પરિવારનો બહિષ્કાર અને હેરાન કરવાની ઘટના ૨૧મી સદીમાં પણ બને છે. આ ઘટના મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યમાં બની છે.

ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના સરડપાર ગામમાં આ ચોંકાવનારી ઘટના બની છે. ત્યાં રહેતા સચિન અને સુજાતાને લગ્ન કરવા બદ્દલ મોટી કિંમત ચૂકવવી પડી છે. સચિન અને સુજાતાએ આરોપ લગાવ્યો છે કે અમારા પરિવારો સહિત આખા ગામે અમારો સામાજિક બહિષ્કાર કર્યો કારણ કે અમે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા હતા.

ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના સરડપાર ગામમાં રહેતા સચિન અને સુજાતાના લગ્ન થયા હતા. એવું જાણવા મળ્યું છે કે સચિન અનુસૂચિત જાતિનો છે અને સુજાતા અનુસૂચિત જનજાતિની છે. ત્રણ વર્ષ પહેલાં મે ૨૦૨૩ માં બંનેએ લગ્ન કર્યા. જોકે, તેમના પરિવારોને આ લગ્ન મંજુર નહોતા. જેના કારણે તેમના પરિવારોએ ગામના લોકોને ઉશ્કેર્યા. સચિન અને સુજાતાએ આરોપ લગાવ્યો કે આખા ગામમાં અને ખાસ કરીને અમારી જાતિના લોકોએ, સામાજિક અને આર્થિક રીતે અમારો બહિષ્કાર કર્યો છે. છેલ્લા બે વર્ષથી ઘરમાં વીજળી નથી, કોઈ અમારી સાથે વાત કરતું નથી, અમને કોઈ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવતું નથી. અમને ખાવા-પીવામાં મુશ્કેલી પડે છે, પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે, એમ દંપતીએ જણાવ્યું.

એટલું જ નહીં, આ બહિષ્કારથી દંપતીનો એક વર્ષનો પુત્ર પણ પ્રભાવિત થયો છે. સચિન અને સુજાતાએ આરોપ લગાવ્યો છે કે આશા કાર્યકર દ્વારા માસૂમ બાળકને કોઈ રસી કે અન્ય ગોળીઓ આપવામાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું કે તેમણે આ બાબતે ઘણી વખત પોલીસમાં ફરિયાદ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

બીજી બાજુ, ગામના લોકોએ દંપતી સામે કોઈપણ પ્રકારના સામાજિક અને આર્થિક બહિષ્કારનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. આનાથી ખળભળાટ મચી ગયો છે. ■

# ડૉક્ટરે કાર બેફામ ચલાવી વાહનોને અડફેટે લીધાંઃ છ જણ ઘવાયા


થાણેઃ કલ્યાણમાં ડૉક્ટરે કાર આડેધડ ચલાવી રસ્તાને કિનારે પાર્ક વાહનોને અડફેટે લેતાં છ જણ ઘવાયા હતા, જેમાંથી બેને ગંભીર ઇજા થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ બુધવારની સવારે બનેલી ઘટના વખતે ડૉ. સંજય બેન્દલે કાર ચલાવી રહ્યા હતા. પૂરપાટ દોડતી કારના સ્ટિયરિંગ પરથી ડૉક્ટરે એકાએક કાબૂ ગુમાવ્યો હતો. કાર રસ્તાને કિનારે પાર્ક વાહનો સાથે ટકરાઈ હતી.

આ ઘટનામાં છ જણ કારની અડફેટે આવી ગયા હતા, જેમાંથી બે ગંભીર રીતે ઘવાયા હતા. ખડકપાડા પોલીસે અકસ્માત પ્રકરણે ડૉક્ટરને તાબામાં લીધો હતો.

કાર એટલી જોરથી ટકરાઈ હતી કે ટુ-વ્હીલર્સને ભારે નુકસાન થયું હતું. અકસ્માતને પગલે સ્થાનિક રહેવાસીઓ મદદે દોડી આવ્યા હતા અને જખમીઓને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, એવું અધિકારીએ જણાવ્યું હતું.

ગંભીર જખમી બે જણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત પાછળનું કારણ જાણવા પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ પ્રકરણે ડૉક્ટર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■






# સંસ્થા સમાચાર

## ભુજોડીમાં ‘સરહદ કે સુપરકોપ’નું વિમોચન

કચ્છના લોકપ્રિય પોલીસ અધિકારી દિલીપભાઈ અગ્રાવત અને જાણીતા લેખક-પત્રકાર પ્રફુલભાઈ શાહના સન્માન અને આ બેલડીની પ્રતિભાના પ્રતિક સમાન હિંદી પુસ્તક ‘સરહદ કે સુપરકોપ’ના વિમોચનનો સમારંભ રવિવાર તારીખ એક માર્ચે ભુજોડીમાં યોજાશે.

કંડલા ટીંબર એસોશિયેશન (ગાંધીધામ) દ્વારા ભુજ નજીકના ભુજોડી સ્થિત ડ્રીમ રિસોર્ટસમાં સાંજે સાત કલાકે આયોજિત આ કાર્યક્રમ કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષતા હેઠળ યોજાશે. અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના પ્રધાન ત્રિકમભાઈ છાંગા ઉપરાંત વિધાનસભ્યો કેશુભાઈ પટેલ અને વીરેન્દ્રસિંહ જાડેજા હાજર રહેશે.

## વિરાટ પુસ્તકમેળો

ગોરેગાંવ ખાતે જવાહર નગર હોલમાં આયોજિત વિરાટ પુસ્તકમેળાનું ઉદ્ઘાટન લોકપ્રિય કવિ અને સાહિત્યકાર ઉદયન ઠક્કરેએ કર્યું હતું. પ્રખ્યાત પ્રકાશક એન.એમ. ઠક્કરની કંપની દ્વારા યોજાયેલા આ પુસ્તકમેળામાં ગુજરાતી સાહિત્યના તમામ લેખકો અને પ્રકાશકોનાં પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. પુસ્તકો પર ૧૦થી ૪૦ ટકા જેટલું વળતર પણ છે. ગુજરાતી ઉપરાંત અંગ્રેજી બાળસાહિત્યના અને ગુજરાતી તથા અંગ્રેજી બેસ્ટસેલર પુસ્તકોનું અલગ કાઉન્ટર પણ છે. આ પુસ્તકમેળો ગોરેગાંવના સરદાર પટેલ ભવન, એસ.વી. રોડ, સિટી સેન્ટર મોલની સામે, જવાહર નગર હોલમાં ૩ માર્ચ સુધી દરરોજ સવારે ૧૧ થી રાતે ૮ વાગ્યા સુધી ચાલુ રહેશે.

# રાષ્ટ્રપતિના હેલિકૉપ્ટર માટે ૪.૧૦ કરોડ રૂપિયાનો હંગામી હેલિપેડ

અકોલા: કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય અને અખિલ ભારતીય આયુર્વેદ મહાસંમેલન દ્વારા બુલઢાણા જિલ્લાના શેગાંવ ખાતે આયોજિત રાષ્ટ્રીય આરોગ્ય મેળાના ઉદ્ઘાટન માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૨૫ ફેબ્રુઆરીએ શેગાંવ આવ્યા હતા. રાષ્ટ્રપતિનું હેલિકોપ્ટર ઉતારવા માટે સંસ્થાનની જગ્યા પર હેલિપેડ બનાવવામાં આવ્યું હતું, જેના માટે અંદાજે ૪.૧૦ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

હવે તે હેલિપેડને તોડી નાખવામાં આવશે. કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે ગંભીર આરોપ લગાવ્યો હતો કે, આ એક રીતે સરકારી ભંડોળનો વેડફાટ છે અને એક કાર્યક્રમ માટે ૧૦ થી ૧૫ કરોડ રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો. તેમણે કેન્દ્રીય રાજ્યપ્રધાન પ્રતાપરાવ જાધવ પર પણ ગંભીર આક્ષેપો કર્યા હતા. હર્ષવર્ધન સપકાળે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કેન્દ્રીય રાજ્યપ્રધાન પ્રતાપરાવ જાધવ પર નિશાન સાધતાં કહ્યું કે, આ મેળાનો લાભ એક પણ ખેડૂતને થયો નથી. આ મેળાના ઉદઘાટન માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવીને ગયા. સંત ગજાનન મહારાજ સંસ્થાને એક રૂપિયો પણ લીધા વિના ત્રણ હેલિકોપ્ટર ઉતારવા માટે જગ્યા મફત આપી હતી.

આ સ્થળ પર ૪ કરોડ ૧૦ લાખ રૂપિયાના ખર્ચે હેલિપેડ બનાવવામાં આવ્યું હતું. હવે રાષ્ટ્રપતિ ગયા પછી આ હેલિપેડ તોડી પાડવામાં આવશે.

હેલિપેડ બનાવવા સામે કોઈ વિરોધ નથી, પરંતુ જો આ જ હેલિપેડ થોડી દીર્ઘદૃષ્ટિ વાપરીને શેગાંવમાં સરકારી જમીન પર બનાવવામાં આવ્યું હોત, તો તેનો કાયમી ઉપયોગ થઈ શક્યો હોત.

# હિન્દુ મરણ

ગામ રાજકોટ અમારા પિતા ચંદ્રકાંતભાઈ અવિચળભાઈ પીઠડિયા (ઉં.વ. ૬૯) તા. ૨૫-૨-૨૬, બુધવારના સ્વર્ગવાસ પામ્યા છે. બેસણું તા. ૨૭-૨-૨૬, શુક્રવારના સાંજે ૫ થી ૬. સ્થળ: પંચનાથ મંદિર, લીંબડા ચોક, રાજકોટ. પુત્ર પ્રશાંત, સોહિલ.

મૂળગામ મોટા કુકાવાવ હાલ કલ્યાણ સ્વ. મંજુલાબેન (ઉં.વ. ૮૦) તે અ.નિ. નાનુભાઈ નારાયણદાસ વિઠલાણી (ઠક્કર)ના ધર્મપત્ની તે ચી. હર્ષાબેનના માતોશ્રી. અ.નિ. ઘનશ્યામભાઈ, અ.નિ. રામદાસભાઈ વિઠલાણી, પુષ્પાબેન વસાણીના ભાભી. વાશી નવી મુંબઈવાળા સ્વ. ઉત્તમલાલ, સ્વ. હીરાબેન માખેચા, ગં.સ્વ. ચંદ્રિકાબેન લખાણી અને શ્રીમતી ભાવનાબેન માખેચાના બેન. તા. ૨૬/૨/૨૬ના ગુરૂવારના કલ્યાણ મુકામે અક્ષરનિવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા પોરવાડ વણિક**

મૂળ ગામ ચિંચણ તારાપુર હાલ મુંબઈ ડો. સુધીર શાહ (ઉં.વ. ૮૫) તે નથુભાઈ ગોકુળદાસ શાહ (ગોકુળપુરી)ના પૌત્ર. સ્વ. મોહનલાલ અને રમાગૌરી (મંજુલા)ના જયેષ્ઠ પુત્ર. સ્વ. પ્રકાશ, સ્વ. સ્નેહલના ભાઈ. સ્વ. રૂપા અને સંગીતતા જોશીના પતિ. આશિતના પિતા તા. ૧૯-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તા. ૨૮-૨-૨૬ના વાય. બી. ચવ્હાણ સેન્ટર, નરીમાન પોઈન્ટ ખાતે સાંજે ૪ થી ૬ પ્રાર્થનાસભા રાખેલ છે.

**કપોળ**

ડુંગર નિવાસી હાલ ભાયંદર સ્વ. સુરેશચંદ્ર હરિદાસ વોરાના પુત્ર અતુલ અને મમતા વોરાની પુત્રી વિધિ (ઉં.વ. ૨૧) તે કોમલ અંકિત અગ્રવાલની બહેન. હીના દીપકભાઈ વોરા, હર્ષા શશીકાંત પારેખ, પારૂલ યોગેશભાઈ ચિતલીયાની ભત્રીજી. મોસાળ પક્ષે ગીતા ઓમકાર રાવની ભાણેજ તા. ૨૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**વડનગરા નાગર**

રાજકોટના વતની હાલ મુંબઈ ઉષા મહેન્દ્રરાય અંતાણી (ઉં.વ. ૯૬) તા. ૨૫-૨-૨૬ના સ્વર્ગવાસી થયા છે. તે આશા હેમેન્દ્ર મારૂ, અજયભાઈ, અમિતભાઈ, અક્ષયભાઈના માતુશ્રી. મીના અમિત અંતાણીના સાસુ. પાર્થ અને ખંજનના નાની. અપૂર્વ, નેહા અંકિત મહેતાના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ અકરી તે સ્વ. શંભુરામ સુરજી ગણાત્રાના ધર્મપત્ની આણંદબાઈ ઉર્ફે કંકુબેન મેઘજી ગોપાલજી ચંદે મોટી મઉના પુત્રી. સ્વ. ધનજીભાઈ, સ્વ. પરસોત્તમભાઈ, સ્વ. કેશરબેન જયરામ ગણાત્રા, સ્વ. મોંઘાબેન, સાવિત્રીબેન મેઘજી દાવડાના બેન. સ્વ. સરસ્વતીબેન ચંદે, ગં. સ્વ. રૂક્ષ્મણીબેન ચંદેના નણંદ તા. ૨૧-૨-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ લખપત હાલ નાસિક જેઠાલાલ મેઘજી દાવડાના ધર્મપત્ની જયાબેન (મૈયાબેન) (ઉં.વ. ૮૦) તે સાવિત્રી મેઘજી દાવડાના પુત્રવધૂ. ચંદ્રકાન્ત (લાલા)ના માતુશ્રી. કબીબાઈ જીવરામ બારુંની પુત્રી. સ્વ. રામજીભાઈ, રમેશભાઈ, પુષ્પાબેન અમૃતલાલ કોટકના બહેન. દમયંતીબેન લક્ષ્મીદસ દાવડા, સ્વ. ગોદાવરીબેન ધારસી ચંદન, પ્રતિમા (જયાબેન) પ્રતાપ પોપટ, સ્વ. શાંતાબેન નરસી રૂપારેલ, ઉર્મિલાબેન પ્રદીપ કોટક, પ્રેમિલાબેન વિજય ઠક્કરના ભાભી. નાસિક તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ બુધવારે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. એડ્રેસ: પ્લોટ નંબર ૨૨, પેઠ રોડ, જૈન સ્થાનક મંદિરની પાછળ, દત્તાનગર નાસિક પંચવટી.

**પંચાલ-મિસ્ત્રી**

વલસાડના, સ્વ. મધુબેન મિસ્ત્રી તા. ૨૩/૨/૨૬ના શ્રીચરણ થયા છે. તે સ્વ. ધનસુખલાલ કીકાભાઈ મિસ્ત્રીના ધર્મપત્ની. ધરમપુરવાળા સ્વ. છગનલાલ મિસ્ત્રી, સ્વ. રુક્ષ્મણીબેનના દીકરી. સ્વ. સાકરલાલ મિસ્ત્રી, સ્વ. નટવરલાલ મિસ્ત્રી, સ્વ. મોહનભાઈ મિસ્ત્રીના ભાઈના ધર્મપત્ની. સ્વ. સવિતાબેન, સ્વ. રજનીબેનના દેરાણી, ગં.સ્વ. ઇન્દુબેનના જેઠાણી. બિપીનચંદ્ર, ભારતી, સ્વ. હેમંત, અલકા, દીપ્તિ, નિલેશ, ચેતનાના કાકી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાણાકંડોરણા હાલ બોરીવલી, ગં.સ્વ. તારાબેન મથુરાદાસ માંડવિયા (ઉં.વ. ૯૨) પૂર્ણિમા જગદીશ અમલાણી, રશ્મિ અશોક છાગાણી, કીર્તિ મનીષ બારાઇ, સ્વ. નરેશ, પંકજ-મીતા, વિનય-દક્ષા અને અલ્પાના માતુશ્રી. ગં.સ્વ. ઇન્દુબેન દ્વારકાદાશના જેઠાણી. સ્વ. રાધાબેન બચુભાઈ રત્નગ્રાહીના દિકરી. સ્વ. દામોદરભાઈ, સ્વ. જગજીવનભાઇ, સ્વ. કાંતાબેન, ગં.સ્વ. લીલાબેન, ગં.સ્વ. નિર્મળાબેનના બહેન. કિંજલ-મેહુલ, અસ્મિતા-સુનિલ, ખ્યાતિ-જતીન, હર્દિશ-પાયલ, મીત-હેનલ, શરદ-પંક્તિના નાની. દર્શિક-વૈશાલીના દાદી. સોમવાર, તા. ૨૩-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

પંકજ સાકરલાલ શાહ (ઉં.વ. ૭૬) તે પૂર્ણિમાબેનના પતિ. સ્વ. તારાબેન સાકરલાલ શાહના પુત્ર. સ્વ. કુસુમબેન સોમાલાલ પરીખ ડબલીના જમાઈ. દિતીક્ષા જતીન કડકીયા, મિત્તલ આશિત મહેતાના પિતા. જીવીન, અનયના નાના. ૨૩/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૭/૨/૨૬ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકર મંદિર પાસે, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી, હરેશ દ્વારકાદાસ સંઘવી (ઉં.વ. ૭૨) ૨૩/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રક્ષાબેનના પતિ. પ્રયાગ તથા અંકુરના પિતા. ભાવિકા તથા ભૂમિકાના સસરા. હેમંત તથા ભરતના મોટાભાઈ. લાઠીવાળા હાલ પાર્લા સ્વ. બાબુલાલ મણિલાલ મહેતાના જમાઈ. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૮/૨/૨૬ના રોજ ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

દુધઈ ગામવાળા હાલ મુલુંડ, પ્રતાપભાઈ ઓધવજી દૈયા (ઉં.વ. ૭૨) તા. ૨૫-૨-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ઓધવજી કુંવરજી દૈયાના પુત્ર. સ્વ. રમણલાલ ટોકરશી ગણાત્રાના જમાઈ. ગં.સ્વ. સંગીતાબેનના પતિ. કાજલ તથા જીનલના પિતા. નિમેષભાઈ ત્રિવેદીના સસરા. ઉર્મિલાબેન, નલીનીબેન, પ્રફુલ્લાબેન તથા અશ્વિન દૈયાના ભાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૨-૨૬ની સાંજે ૫ થી ૭. સ્થળ: ડાયમંડ હોલ, ચોથા માળે, ટીપટોપ પ્લાઝા, એલ.બી.એસ. રોડ, થાણા વેસ્ટ.

**ઝાલાવાડી સઈ સુતાર**

મૂળ ગામ વનાળી, હાલ મુંબઈ, સમજુબેન ભુરાભાઈ પરમારની દીકરી સ્વ. પ્રભાબેન પરમાર બુધવારે તા. ૨૫-૨-૨૬ના શ્રીજીશરણ પામ્યાં છે. સ્વ. રમણીકલાલના ધર્મપત્ની. સ્વ. ભોગીલાલના ભાભી. રમાબેનના જેઠાણી. સ્વ. નિર્મળાબેન, પુષ્પાબેન, સ્વ. પ્રવિણભાઈ, ઉષાબેન, મહેશભાઈના માતુશ્રી. સુભાષભાઈ, યોગેશભાઈ, ગીતાબેન, હસમુખભાઈ, મીરાબેનના સાસુ. પ્રાર્થનાસભા શુક્રવારે તા. ૨૭-૨-૨૬ના ૪.૦૦ થી ૬.૦૦. સ્થળ : સ્વામિનારાયણ મંદિર, યોગી નગર, અજમેરા સ્કૂલની સામે, બોરીવલી વેસ્ટ.

**લોહાણા**

મૂળ ગામ મોટા કુકાવાવ હાલ કલ્યાણ સ્વ. મંજુલાબેન (ઉં.વ.૮૦) તે અ.નિ. નાનુભાઈ નારાયણદાસ વિઠલાણી (ઠક્કર)ના ધર્મપત્ની. તે ચિ. હર્ષાબેનના માતોશ્રી. અ.નિ. ઘનશ્યામભાઈ, અ.નિ. રામદાસભાઈ વિઠલાણી તેમ જ પુષ્પાબેન વસાણીના ભાભી. વાશી નવી મુંબઈવાળા સ્વ. મથુરાદાસ ઘેલાભાઈ જમૂલિયાના દીકરી. સ્વ. ઉત્તમલાલ, સ્વ. હીરાબેન માખેચા, ગં.સ્વ. ચંદ્રિકાબેન લખાણી અને ભાવનાબેન માખેચાના બેન. તા. ૨૬-૨-૨૬, ગુરુવારના કલ્યાણ મુકામે અક્ષરનિવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ. દેવશીભાઈ નારણભાઈ સાંખલા (ઉં.વ. ૭૭) કચ્છ ગામ: ધુફ્લી- હાલે:થાણા, સ્વ. હંસાબેન નારણભાઈ માવજીભાઈ સાંખલાના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. હરેશભાઈ, નવીનભાઈ, હિતેશભાઈ તથા જયાબેન અરુણભાઈ લીંબાણીના પિતાશ્રી. યસ, મીત, આયુષ તથા વંશના દાદાશ્રી. સ્વ. અર્જુનભાઈ, શામજીભાઈ તથા મણીલાલભાઈના મોટાભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૬, શનિવારના ૪થી ૫.૩૦. સ્થળ: પાટીદાર બૅન્કવેટ, જીંજર હોટલની પાછળ, લેવીનો કપૂર કમ્પાઉન્ડ, થાણા (પશ્ચિમ).

**લુહાર સુથાર**

ગામ (અમરેલી) હાલ કાંદિવલી, સ્વ. કિરણબેન (ઉં.વ.૫૯) તે હિતેશભાઈ કવાના ધર્મપત્ની તા. ૨૬-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે કનુભાઈ ધરમશી ક્વાના પુત્રવધૂ. નમિત, જીગરના મમ્મી. સ્વ. નટવરલાલ ગોકળદાસ ડોડિયાની સુપુત્રી. અમરેલી હાલ (અંધેરી) પ્રાર્થનાસભા તા. ૨૮-૨-૨૬, શનિવારના ૫થી૭. સ્થળ: લુહાર સુથારની વાડી, ૨જે માળે, કાર્ટર રોડ નં. ૩, અંબાજી ધામ પાસે, બોરીવલી (ઈસ્ટ).

**કપોળ**

મહુવાવાળા, હાલ-બોરીવલી, સ્વ. રંજનબેન રમણીકલાલ નાથાલાલ સંઘવીના પુત્ર જયેશભાઈ (ઉં.વ. ૫૭) ગુરુવાર, તા. ૨૬-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કાનનબેનના પતિ. પ્રેમના પિતાશ્રી. સ્વ. પારુલબેન યશવંતરાય શાહ, જીજ્ઞાસાબેન નિમેષભાઈ સંઘવીના ભાઈ. સ્વ. મૃદુલાબેન સનતભાઈ, હિંમતભાઈ મોદીના જમાઈ. બીનાબેન જયશીલભાઈ ગોરડિયા, નિશીતાબેન જૈમિષભાઈ મોદીના બનેવી. એકતાબેનના મામા. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

# પારસી મરણ

બરજોર પીરોજશાહ રાંદેરીયા તે આવા બરજોર રાંદેરીયાના ધણી. તે મરહુમો મનીજે પીરોજશાહ રાંદેરીયાનના દિકરા. તે યઝદી ને દીલશાદના પપ્પા. તે પૈરોચીસતી અને ઓસ્સા હૈયઝાદના સસરા. તે ઓસ્તી એમી ફરેદુન બજા અને મરહુમ એદીના ભાઈ. તે પરીશાદ બરજીસ કોલાબાવાલાના બપાવા. ઓસ્તી દિલખુશ કૈઝાદ રાંદેરીયાના મમાવા. (ઉં.વ. ૮૦). રહેવાનું ઠેકાણું: બી-૭૦૬, ગંદેચા સીમફની, વીરા દેસાઈ રોડ,અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૭-૨-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે માલકમ બાગ અગિયારીમાં છેજી.

ડૉ. હોમી ધનજીશૉ સરકારી (ઉં. વ. ૯૪) તા. ૨૬-૨-૨૬ના ગુજરી ગયા છે. તે મરહૂમ હિલ્લાના પતિ. તે મરહૂમ ડૉ. ધનજીશૉ પેસ્તનજી સરકારી અને મરહૂમ દિના ધનજીશૉ સરકારીના દીકરા. તે એરમીન, ટીના સંજય દત્તના પિતા. તે યાસ્મીન, સંજય દત્તના સસરા. તે રિષદ, શૌનક, માહિરના ગ્રાન્ડફાધર. ઉઠમણું ૨૮-૨-૨૬ના. ઠે. ઈ-૧, મંદાર સોસાયટી, રાઉત લેન, જુહુ, મુંબઈ-૪૯.

# જૈન મરણ

**ઝાલાવાડી દેરાવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ સાયન - મુંબઈ જવાહરભાઈ શાહ (સેકસરીયા) (ઉં.વ. ૭૬) તા. ૨૪-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. સરસ્વતીબેન - સ્વ. રમણીકલાલ શાહના પુત્ર. ચારૂલતા (દેવીબેન)ના પતિ. મિહિર, જીગરના પિતાશ્રી. નિશીતા, વિધિના સસરા. સુરેશભાઈ, અરૂણભાઈ, મયુરીકાબેન મહેન્દ્રભાઈ શેઠ, વિપુલભાઈના ભાઈ. સ્વ. કંચનબેન - સ્વ. મનસુખભાઈ ઉદાણીના જમાઈ. ભાવયાત્રા શુક્રવાર, તા. ૨૭-૨-૨૬ના સાંજે ૪ થી ૬ ‘શ્રી માનવસેવા સંઘ’ સાયનમાં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ ભાયખલ્લા-મુંબઈ અ. સૌ. ઈલાબેન (ઉં.વ. ૭૪) તા. ૨૬-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શશીકાંત જમનાદાસ મહેતાના ધર્મપત્ની. રંજનબેન મહેન્દ્રભાઈ શાહ, પ્રદીપભાઈ, મુકેશભાઈ, મીનાબેન વિપુલ શાહના ભાભી. પૂર્વી નીમેફદેસાઈ, શ્રદ્ધા નિરવ શાહ, વિરલબેનના માતુશ્રી. પિયર પક્ષે સમરતબેન ચુનીલાલ જેચંદ કામદારના દીકરી. શાંતિભાઈ, સુરેશભાઈ, જીતુભાઈ, ગીરીશભાઈ, સુધીરભાઈ, વિમળાબેન શાંતિલાલ મહેતા, રસીલાબેન ચીમનલાલ દલાલના બેન. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**સુરત દશા ઓશવાળ મુંબઈ જૈન**

રાહુલભાઈ અજીતભાઈ જવેરી (ઉં.વ. ૫૬) તે શ્રીમતી દક્ષાબેન અજીતભાઈ જવેરીના પુત્ર. ઉચિતાબેનના પતિ. શ્રીમતી ગીતાબેન ભરતભાઈ પરીખ, મનોજભાઈ ચંદ્રકાંતભાઈ પરીખના જમાઈ. પરાગભાઈ અજીતભાઈના નાના ભાઈ. શ્રીમતી જલ્પાબેન પરાગભાઈના દિયર બુધવાર, તા. ૨૫-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૨-૨૬ના સાંજે ૪ થી ૫.૩૦. સ્થળ: ગાંધી હોલ (જલારામ હોલની પાછળ), જેવીપીડી રોડ નં. ૬, જમનાબાઈ સ્કૂલની પાછળ, વિલેપાર્લા વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડીના અ.સૌ. ગીતા ધીરજ ધનજી છેડા (ઉં.વ. ૬૮) તા. ૨૪-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. પુરબાઈ ધનજી ગોવરના પુત્રવધૂ. ધીરજ (ડીડી)ના ધર્મપત્ની. કિંજલ, ધ્રુતિના મમ્મી. રાજકોટના દમયંતીબેન અમૃતલાલ કામદારના સુપુત્રી. રોહિત, ગિરીશ, અરૂણાના બેન. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર-ઈસ્ટ. ટા. ૨ થી ૩.૩૦.

નરેડીના હેમરાજ નાગડા (ઉં.વ. ૯૦) તા. ૨૪-૨ના અવસાન પામેલ છે. વેજબાઈ ગાંગજીના પુત્ર. પુષ્પાબેનના પતિ. કિરણ, અરવિંદ, વર્ષા, કુસુમ/જ્યોતીના પિતા. હીરજી, મુરજી, ગોવિંદજી, ઉમરશી, કેસરબેન, જેઠીબાઈ, મણીબેન, હીરબાઇ, દેવકાબેન, પ્રેમા/પ્રજ્ઞા, અરૂણાના ભાઈ. શેરડી દેવકાંબાઇ દેવશીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ) ટા. ૩.૩૦ થી ૫.

ફરાદી હાલે બોરીવલી શ્રાવિકા શ્રીમતી પાનબાઇ કેશવજી રાયમલ દેઢિયા (ઉં.વ. ૭૫) તા. ૨૩-૨-૨૬ના મોક્ષગામી બન્યા છે. પુણ્યશ્લોકી કેશવજી રાયમલ દેઢીયાનાં ધર્મપત્ની. ગોધરાના માતુશ્રી કેસરબેન રતનશી નથુના સુપુત્રી. ગામ કોડાયના નંદુ ભાવનાના માતુશ્રી. ગુણાનુવાદ સભા રાખેલ નથી. એડ્રેસ : સુનીલ લાલજી નંદુ, વિનયનગર, વી/૧૦, પ્લેઝન્ટ પાર્ક, મીરા રોડ (ઇસ્ટ).

**ઝાલા દશા શ્રી દિગંબર જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. રમણીકલાલ ઉજમશી દેસાઈના પુત્રવધૂ હીનાબેન ભરતભાઈ દેસાઈ (ઉં.વ. ૭૬) ૨૫/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શીતલ મિતેષ જોબાલિયા, વૈભવી આશિષ દોશી, પ્રતીક્ષા સમીર કનોજીયાના માતુશ્રી. સ્વ. સરોજબેન પ્રફુલભાઇ, પિયુષભાઇ, ચેતનભાઈ, રાજુલબેન, ભાવનાબેન, મીના પ્રકાશ શાહ તથા રિટા શિરીષ શાહના ભાભી. હસમુખભાઈ, સુરેશભાઈ, ઇન્દુબેનના બેન. ધ્રુવ, રીયા, દિવિતના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રમેશચંદ્ર અનુંપચંદ બેનાણીના ધર્મપત્ની ગં.સ્વ. ચારુલતાબેન (ઉં.વ. ૮૧) તા. ૨૪/૨/૨૬ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. તે જીગ્નેશ, શ્રીમતી બીનાબેન હિરેનકુમાર દોશી, શ્રીમતી જાગૃતિ મુકેશકુમાર પારેખના માતુશ્રી. શ્રીમતી ધરા જીગ્નેશ બેનાણીના સાસુ. જેતપુર નિવાસી સ્વ. મનસુખલાલ મયાચંદ દેસાઈના દિકરી. સ્વ. સુરેશભાઈ, જગદીશભાઈ, અ.સૌ. રંજનબેન અશ્વિનભાઈ અવલાણીના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨૮/૨/૨૬ શનિવારના દિવસે ૧૦ થી ૧૨. સ્થળ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેનસન રોડ, મંગુભાઇ દત્તાની માર્ગ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

વિંછીયા નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. સુમતીલાલ હરગોવિંદદાસ ગોસલીયાના ધર્મપત્ની શ્રીમતી તરૂલતાબેન (ઉં.વ. ૮૫) તે ચેતનભાઈ, હિતેનભાઈ, નૂતનબેનના માતુશ્રી. રૂપાબેન, બીનાબેન, દર્શકભાઇના સાસુ. સ્વ. મુક્તાબેન શાંતિલાલ અદાણીના દિકરી. સ્વ. હરીશભાઈ, પ્રબોધભાઈ, મહેન્દ્રભાઈ, રોહિતભાઈ, કોકિલાબેનના બહેન. કરણ, હર્ષ, નિરવી, તાનૂર, જનમ, વિશ્વમના દાદી-નાની. મંગળવાર, તા. ૨૪-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૨-૨૬ના ૫ થી ૭. જલારામ હોલ, ૬ઠો રસ્તો, જુહુ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## કોસ્ટલ રોડ

જોખમ ઊભું થશે એવી ચેતવણી પણ આપવામાં આવી છે. એમસીએ પાલિકાના અધિકારીઓ પાસેથી પત્ર પર ૧૪ દિવસની અંદર દરેક મુદ્દા પર લેખિત જવાબ માગ્યો છે. તેમ જ ટેક્નિકલ ચર્ચાની પણ તેમણે વિનંતી કરી છે અને રાજ્ય સરકાર, પાલિકા તથા એમસીએ સાથે એક સંયુક્ત બેઠક યોજવાની માગણી પણ તેઓએ પત્રમાં કરી હોવાનું કહેવાય છે.

નોંધનીય છે કે ગયા અઠવાડિયામાં દક્ષિણ મુંબઈમાં પાલિકા કમિશનરે એક પ્રેઝન્ટેશન રજૂ કરીને જણાવ્યું હતું કે મુંબઈમાં હરિયાળીનું પ્રમાણ ઘટી રહ્યું છે તેથી તેની સરભર કરવા માટે કોસ્ટલ રોડની બાજુમાં આવેલી ૭૦ હેક્ટર ખુલ્લી જગ્યાને એક વિસ્તૃત ગ્રીન કોરિડોરમાં રૂપાંતરિત કરવામાં આવશે.તેમ જ ૧૧૨ એકરના મહાલક્ષ્મી રેસકોર્સને પણ પબ્લિક બોટેનિકલ ગાર્ડનમાં રૂપાંતરિત કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો.

## બારામતી વિમાન દુર્ઘટના

હેઠળ કેસ નોંધશે. કેસની ગંભીરતાને ધ્યાનમાં લેતા રાજ્ય સરકારે કેન્દ્રને પણ સીઆઈડી તપાસની માગણી કરતો પત્ર લખ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

વીએસઆર વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંચાલિત લિયરજેટ ૪૫ વિમાન (વીટી-એએસકે) ૨૮ જાન્યુઆરીના રોજ પુણે જિલ્લાના બારામતી હવાઈ પટ્ટી નજીક ક્રેશ થયું હતું, જેમાં અજિત પવાર અને અન્ય ચાર લોકોના મોત થયા હતા. આ દુર્ઘટના પછી, શરૂઆતમાં બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો હતો, અને બાદમાં કેસ વધુ તપાસ માટે સીઆઈડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

## દેવનાર ડંપિંગ ગ્રાઉન્ડમાં

લાખ મેટ્રિક ટન માર્ચ ૨૦૨૬ સુધીમાં સાફ થવાની ધારણા છે, જેનાથી લગભગ ૨૪ હેક્ટર જમીનનો પુનર્વસન શક્ય બનશે.

દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ ખાતે પાલિકાએ મહાનગર ગેસ લિમિટેડ સાથે પ્રતિ દિન ૫૦૦ ટન સુધીના ઘન કચરાની પ્રસ્તાવિત ક્ષમતા સાથે બાયો- સીએનજી પ્લાન્ટ સ્થાપિત કરવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ઓક્ટોબર ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. વધુમાં દેવનાર ખાતે ૧૮૫ લાખ મેટ્રિક ટન કચરાનું બાયોરેમીડિયેશન ચાલી રહ્યું છે, જે ૧૧૦ હેક્ટરમાં ૩૦૩૫.૫૫ કરોડ ચાલી રહ્યું છે અને માર્ચ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ છે.

સીએન્ડડી કચરાના વ્યવસ્થાપન માટે પાલિકાએ દાયઘર અને દહિસર ખાતે બે પ્રતિ દિન ૬૦૦ ટન પર પ્રોસેસિંગ કરવાની સુવિધાઓ સ્થાપિત કરી છે, જેણે નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨.૩૦ લાખ મેટ્રિક ટનથી વધુ કાટમાળ પર પ્રક્રિયા કરી છે. વધુમાં, વર્સોવા અને ગોરાઈ રિફયુઝ ટ્રાન્સફર સ્ટેશનોનું આધુનિકીકરણ કરી તેની કાર્યક્ષમતા વધારવા માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે, જે જાન્યુઆરી ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

## નાયબ મુખ્ય પ્રધાન

જ બને તેથી પટેલ પ્રમુખની રેસમાંથી ખસી ગયા. અંતે પક્ષના બંધારણ મુજબ, ગુરુવારે સુનેત્રા પવારને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠક મુંબઈના વરલી ડોમ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્ય અને દેશભરમાંથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના તમામ ટોચના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં નાયબ મુખ્યપ્રધાન સુનેત્રા પવાર, પ્રફુલ પટેલ, સુનીલ તટકરે, છગન ભુજબળ, ધનંજય મુંડે, દિલીપ વળસે પાટીલ, હસન મુશરફ, નરહરિ ઝીરવળ, પાર્થ પવાર હાજર હતા. સુનેત્રા પવાર સવાનુમતે પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

અજિત પવારના સમર્થકો સુનેત્રા પવારને પાર્ટીનું નેતૃત્વ આપવા ઇચ્છતા હતા. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રફુલ્લ પટેલને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવા માટે કેટલાક ધારાસભ્યોને તૈયાર કરવામાં આવ્યા હતા, પરંતુ દિલ્હીથી એવા સૂચનો આવ્યા કે પવારની પાર્ટીના પ્રમુખ પવારને બનાવવા જોઈએ, તેથી પટેલનું નામ તાત્કાલિક પ્રમુખ પદની રેસમાંથી કાઢી નાખવામાં આવ્યું. અજિત પવારના ગયા પછી, પવાર પરિવાર પ્રત્યે સહાનુભૂતિ છે. તેથી જનપ્રતિનિધિઓએ કહ્યું કે સુનેત્રા પવારે પાર્ટીનું નેતૃત્વ સંભાળવું જોઈએ, કારણ કે તેનાથી પાર્ટીને ફાયદો થશે અને પાર્ટીમાં રહેલા જનપ્રતિનિધિઓ એક રહેશે. પાર્ટીમાં દરેકની વિનંતીને માન આપીને, સુનેત્રા પવારે પાર્ટીનું નેતૃત્વ સ્વીકાર્યું.

## હવે કાંદિવલીની

જ બોર્ડ હોવા જોઇએ ત્યારે આવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓએ પણ મોટું મન રાખીને મરાઠીમાં મોટા અક્ષરે સંસ્થાનું બોર્ડ મૂકવું જોઇએ, પછી ભલે ગુજરાતી સહિતના ભાષાના બોર્ડ પણ સાથે રાખો જેથી વિવાદ ન થાય અને શિક્ષણના મંદિર પર શિક્ષણ પર જ ધ્યાન એકાગ્ર કરી શકાય.

મહારાષ્ટ્ર રાજ્યના નિયમો મુજબ બધી દુકાનો, સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓનું સાઇનબોર્ડ મરાઠીમાં હોવા જોઈએ. મરાઠીમાં નામ અન્ય કોઈપણ ભાષા કરતાં મોટું અથવા સમાન કદનું હોવું ફરજિયાત છે. જોકે કાંદિવલીની આ કોલેજે મુંબઈ યુનિવર્સિટી અને રાજ્ય સરકારના આ આદેશને નેવે મૂક્યો છે. એવો આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે તેમણે પ્રવેશદ્વાર પર માત્ર ગુજરાતી ભાષામાં જ બોર્ડ લગાવ્યું છે.

અગાઉ, મનસેના કાર્યકરોએ આ જ મુદ્દે કોલેજની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તે સમયે થયેલા વિવાદ બાદ કોલેજ પ્રશાસને મૂળ ગુજરાતી બોર્ડ પર મરાઠી નામનું એક સ્ટીકર ચોંટાડ્યું હતું, પરંતુ થોડા દિવસોમાં તે સ્ટીકર દૂર કરવામાં આવ્યું હતું. આ મામલે શિવસેના ઠાકરે જૂથના વિભાગ નંબર બે ના શાખાપ્રમુખ સંતોષ રાણેએ આક્રમક વલણ અપનાવ્યું હતું. અગાઉ કોલેજને ચેતવણી આપવામાં આવી હતી કે એક કાયમી મરાઠી સાઇનબોર્ડ લગાવવામાં આવે, નહીં તો શિવસૈનિકો પોતાની શૈલીમાં જવાબ આપશે. આ ઘટના બાદ સ્થાનિક લોકોએ પણ આક્રમક વલણ અપનાવ્યું હતું.

## બેલાસિસ બ્રિજ

કોન્ફરન્સ દ્વારા તેનું લોકાર્પણ કર્યું હતું અને રેલવે ઓવરબ્રિજનું નામ પણ બદલી નાખવામાં આવ્યું હતું.

જહાંગીર બોમન બેહરામ રોડ (અગાઉ બેલાસિસ રોડ) પરનો લગભગ ૧૩૦ વર્ષ જૂનો બેલાસિસ બ્રિજ જર્જરીત થઈ જતા તેને તોડી પાડીને નવેસરથી બાંધવામાં આવી રહ્યો હતો.

પહેલી ઓક્ટોબર, ૨૦૨૪થી આ બ્રિજના પુનઃ બાંધકામ હાથ ધરાયું હતું અને છ જાન્યુઆરી, ૨૦૨૬ના એટલે કે લગભગ ૧૫ મહિના અને છે દિવસમાં કામ પૂરું થઈ ગયું હતું. નવા બાંધવામાં આવેલા બ્રિજની કુલ લંબાઈ ૩૩૩ મીટર છે, જેમાં પૂર્વ બાજુ ૧૩૮.૩૯ મીટર અને પશ્ચિમ બાજુએ ૧૫૭.૩૯ મીટર અને રેલવે હદમાં ૩૬.૯૦ મીટરનો સમાવેશ થાય છે. બંને બાજુએ પહોળી ફૂટપાથ બાંધવામાં આવી છે.

બ્રિજના લોકાર્પણ દરમ્યાન મુખ્ય પ્રધાને કહ્યું હતું કે વિક્રમી સમયમાં બેલાસિસ બ્રિજનું કામ પૂરું કરવામાં આવ્યું હતું અને હવે હવે અહિલ્યાબાઈ હોળકર બ્રિજ તરીકે ઓળખાશે.

આ બ્રિજનું કામ પૂરું થયા બાદ આગામી સમયમાં હવે ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં ગોરેગામ તરફનો ફલાયઓવર, વિદ્યાવિહાર રેલવે સ્ટેશન પરનો રેલવે ઓવર બ્રિજ, સાયન રેલવે ઓવર બ્રિજ, મહાલક્ષ્મી રેલવે ઓવર બ્રિજ, નેહરુ સાયન્સ સેન્ટર અને માનખુર્દ ખાતેના ફલાયઓવરના કામ અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં જ આ બ્રિજ પણ નાગરિકો માટે ખુલ્લા મુકાશે એવી જાહેરાત પણ આ પ્રસંગે મુખ્ય પ્રધાને કરી હતી.

બેલાસિસ બ્રિજના લોકાર્પણ દરમ્યાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ પુલના કામમાં અનેક અડચણો આવી હતી. કામ ચાલુ થયા બાદ પણ અનેક મુસીબતોનો સામનો કરવો પડયો હતો, છતાં વિક્રમી સમય કહેવાય એમ ૧૫ મહિનામાં બ્રિજનું કામ કરીને તેને ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

## બહુમાળી ઈમારતોમાં

હોય છે અને ઓછા સમયમાં પરિસ્થિતિને ઝડપી રીતે નિયંત્રણમાં લાવવાની જરૂર હોય છે.

પાલિકાના ૨૦૨૬-૨૭ બજેટ અનુસાર, ડિઝાઇન, પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગને આવરી લેતો એડવાન્સ ફાયર ફાઈટિંગ સિમ્યુલેટર પ્રોજેક્ટ ચાલી રહ્યો છે અને એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, તેની માટે ૨૩૦.૯૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત પાલિકા ઊંચી ઇમારતોમાં આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડને મદદ મળી રહે તે માટે ડ્રોન તહેનાત કરશે, જે ચોકસાઇ અને અગ્નિશામક સલામતી બંનેને વધારવા માટે ઉપરના માળ પર વાસ્તવિક સમયની દેખરેખ, આગનું મૂલ્યાંકન કરવામાં મદદ કરશે.

પાલિકાએ ઊંચી ઇમારતોમાં બચાવ અને ફાયર સેફ્ટી વધારવા માટે ૩૨ મીટર અને ૪૦ મીટરના ટર્નટેબલ સીડી સહિત પાંચ હાઇ રાઈસ ફાયર ફાઈટિંગ વેહિકલની ખરીદી પણ શરૂ કરી છે. વધુમાં ૨૦૨૬-૨૭ના બજેટ મુજબ, ૨૪ મીટર હાઇડ્રોલિક પ્લેટફોર્મ અને ઇન-બિલ્ટ હાઇ-રાઇઝ પંપ સાથે ચાર સંયુક્ત ફર્સ્ટ-રિસ્પોન્ડર વાહનો ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે.

૨૫૦ મીટર સુધી ઊભી રીતે પાણી પહોંચાડવા સક્ષમ ૧૧ એડવાન્સ ફર્સ્ટ રિસ્પોન્સ ફાયર એન્જિન માટે ટેન્ડર પણ આમંત્રિત કરવામાં આવ્યા છે.

જ્યારે આપત્તિ સ્થળો માટે હાઈ પ્રેશર પંપ અને લાઇટિંગ સાથે ચાર સપોર્ટ વેહિકલ હાલમાં ખરીદી હેઠળ છે.

પાલિકાએ એ જણાવ્યું હતું કે એલબીએસ રોડ, કાંજુરમાર્ગ (પશ્ચિમ) ખાતે નવું ફાયર સ્ટેશન પૂર્ણ થવાના આરે છે, જ્યારે મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) નજીક એક સ્ટેશન ઝડપી રીત કટોકટીને પહોંચી વળવા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), માહુલ રોડ, ચેમ્બુર અને તિલક નગર ખાતે વધારાના ફાયર સ્ટેશનોનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે.

## મુંબઈ-પુણે

પાસે અકસ્માત નડ્યો હતો. સદ્નસીબે એ સમયે ભારે ટ્રાફિક જૅમ થયો નહોતો, પરંતુ કલાકો સુધી વાહનચાલકો રઝળી પડ્યા હતા. હવે ગુરુવારના મળસકે ફરી એવી જ સ્થિતિ ઊભી થઈ હતી.

મળસકે પાંચ વાગ્યાથી મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ખંડાલા નજીક વાહનોની લાંબી લાઈન લાગી હતી.

કહેવાય છે કે પાંચ કિલોમીટર સુધી ટ્રાફિક જૅમ રહ્યો હતો. ભારે વાહનો અને ટ્રકના ડ્રાઈવરો ઘાટમાં પણ યોગ્ય લેનમાં વાહન ચલાવતા ન હોવાથી આ સમસ્યા ઊભી થઈ હોવાનું પોલીસનું કહેવું છે.

ભારે વાહનોને ત્રીજી અને ચોથી લેનમાંથી પસાર થવાની સૂચના આપવામાં આવી હોવા છતાં ઑવરટેકના પ્રયાસમાં લેન તોડે છે અને અન્ય વાહનોની ગતિ અવરોધે છે. પરિણામે ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે.

ટ્રાફિકની માહિતી મળતાં જ હાઈવે પોલીસ અને સ્થાનિક પોલીસ વાહનવ્યવહારનું નિયમન કરવા પહોંચી ગઈ હતી.

હાઈવે પોલીસ દ્વારા ટ્રાફિક જૅમ ઓછો કરવા ૧૫ મિનિટનો વિશેષ બ્લૉક લેવાનું નક્કી કરાયું હતું.

આ બ્લૉક અનુસાર થોડો સમય માટે વાહનો રોકીને તબક્કાવાર માર્ગ ખુલ્લો કરવામાં આવી રહ્યો હતો.

પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે હાઈવે પોલીસની ટીમ ઘટનાસ્થળે તહેનાત કરી દેવામાં આવી હતી. ભારે વાહનોને ચોથી લેનમાં લેવાનો આદેશ ડ્રાઈવરોને આપવામાં આવ્યો હતો.

## પનવેલ-કર્જત

કરોડ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે. આ રૂટ પર પાંચ રોડ ઓવર બ્રિજ અને ૧૫ રોડ અંડર બ્રિજનું કામ પૂર્ણ થઈ ગયું છે. શરૂઆતમાં, પનવેલ, ચિખલે, પોએન્જે, ચોક અને કરજત સ્ટેશનો આ રૂટ પર હશે. સ્ટેશનોનું બાંધકામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.આ રૂટ શરૂ થયા પછી, મધ્ય રેલ્વે હેઠળના હાલના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ-કર્જત (વાયા કલ્યાણ) રૂટ પર મુસાફરીનો સમય ઓછો થશે. પનવેલ સ્ટેશનથી સીધા એસ્કેલેટર દ્વારા કર્જત લાઇન પર જઈ શકાશે. હાલમાં, રોડ માર્ગે કર્જત પહોંચવામાં દોઢ કલાક લાગે છે, પરંતુ નવી ટ્રેન સાથે આ અંતર ફક્ત ૪૦ મિનિટમાં પૂર્ણ કરી શકાશે.

## મુંબઈની પાણીની

જે ૨૦૧૪માં મિડલ વૈતરણા ડેમ પૂર્ણ થયા પછી લગભગ એક દાયકાથી ચર્ચા હેઠળ છે. મુંબઈના આઠમા જળ સ્રોત તરીકે કલ્પના કરાયેલ ગાર્ગાઈ ડેમ શહેરના પુરવઠામાં રૂ. ૩,૦૪૦ કરોડના અંદાજિત ખર્ચે ૪૪૦ એમએલડીનો વધારો કરશે તેવી અપેક્ષા છે. જાન્યુઆરી ૨૦૨૬માં ટેન્ડર મંગાવવામાં આવ્યું હતું, જેમાં માર્ચ ૨૦૨૬ સુધીમાં જમીન પર કામ શરૂ થવાનું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૪૩૭.૫૧ કરોડની બજેટ જોગવાઈ રાખવામાં આવી છે. વધુમાં, પાલિકાએ રેએ પાલઘર જિલ્લામાં પ્રસ્તાવિત પિંજલ ડેમ પ્રોજેક્ટ માટે રૂ. ૧ લાખની ટોકન ફાળવણી કરી છે. એકવાર અમલમાં મુકાયા પછી, પિંજલ ડેમ મુંબઈના દૈનિક પાણી પુરવઠામાં ૮૬૫ એમએલડીનો વધારો કરવાનો અંદાજ છે.

### પાણીની ટનલ...

મુંબઈ-નાશિક હાઇવેના વિસ્તરણને સરળ બનાવવા અને લાંબા ગાળાની પાણી સુરક્ષાને મજબૂત બનાવવા માટે, પાલિકાએ યેવાઈ માસ્ટર બેલેન્સિંગ જળાશયથી કાશેળી સુધી પાણી પુરવઠા ટનલ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તરલી ખાતે શાફ્ટ ખોદકામ હાલમાં ચાલી રહ્યું છે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે, જેમાં મુખ્ય ટનલ બનાવવાનું કામ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં શરૂ થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આ પ્રોજેક્ટ માટે રૂ. ૭૯૦ કરોડની બજેટ જોગવાઈ રાખવામાં આવી છે. આ ઉપરાંત, પાલિકાએ થાણે શહેરના કાશેલીથી મુલુંડ ઓક્ટ્રોય નાકા સુધી ૭.૧૩ કિમી લાંબી, ૪.૫મીટર વ્યાસની પાણી પરિવહન ટનલનો પ્રસ્તાવ મૂક્યો છે. મુલુંડ અને કાશેળી ખાતે શાફ્ટનું ખોદકામ ચાલુ છે. બંને શાફ્ટ વચ્ચે ટનલ બનાવવાનું કામ જૂન ૨૦૨૬ સુધીમાં શરૂ થવાનું છે અને ઓક્ટોબર ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ. ૬૪૦ કરોડની જોગવાઈ ફાળવવામાં આવી છે.

# મૅટિની

# AI ફિલ્મ:
# દીદાર દમદાર... દિલ દરિદ્ર

## પચીસ વર્ષ પહેલાં આવેલી સ્પીલબર્ગની ફિલ્મનું નામ A.I. હતું અને આ વર્ષે હોલિવૂડની પ્રથમ ફુલ લેન્થ AI ફિલ્મ રિલીઝ થવાની છે

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

ધૂમ્રપાનની લત માટે ઘરમાંથી સોનું ચોરી પૈસા ઉપજાવ્યા હતા એ વાતની કબૂલાત કરી મોહનદાસ કરમચંદ ગાંધી નામના ૧૫ વર્ષના કિશોરે સત્યનો આગ્રહ રાખ્યો હતો. ત્યારે એમને તો શું કોઈને સપને પણ ખ્યાલ નહીં હોય કે એ સત્યનો આગ્રહ સત્યાગ્રહ બની જીવનમાં એવો વણાઈ જશે કે ૫૮ વર્ષની ઉંમરે મહાત્મા ગાંધી 'સત્યના પ્રયોગો' નામની આત્મકથા લખશે, જેનો વિશ્વની વીસેક ભાષામાં અનુવાદ થશે અને એની ૧૮ લાખથી વધુ નકલ છપાશે.

૧૯૭૫માં Jaws ફિલ્મથી ખ્યાતિ મેળવનારા સ્ટીવન સ્પીલબર્ગ નામના ફિલ્મમેકરે પચીસ વર્ષ પહેલા - ૨૦૦૧માં A.I. Artificial Intelligence (or simply A.I.)ટાઈટલ ધરાવતી સાયન્સ ફિક્શન ડ્રામા ફિલ્મ બનાવી હતી. એ સમયે એમને પણ કલ્પના નહીં હોય કે ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય ચિત્રપટ મહોત્સવ - કાન ફિલ્મ ફેસ્ટિવલમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદથી તૈયાર થયેલી હોલિવૂડની પ્રથમ ફુલ લેન્થ ફિલ્મ દર્શાવવામાં આવશે...!

જી હા, તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત India AI Impact Summit ૨૦૨૬ વખતે હાજર રહેલા મહાનુભાવો પૈકી એક સેમ ઑલ્ટમેન જેના સીઈઓ છે એ OpenAI સંસ્થા (ચેટ જીપીટીની અનોખી ભેટ આપનારી કંપની)નું સમર્થન, અનુમોદન મેળવી CRITTERZ નામની ફિલ્મ આ વર્ષના કાન ફિલ્મ ફેસ્ટિવલથી દુનિયા સમક્ષ રજૂ થશે.

વેલકમ ટુ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ -AI માધ્યમથી નિર્માણ થનારી નવી દુનિયામાં તમારું સ્વાગત છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ કઈ ઝડપથી માનવ જીવનમાં પગપેસારો કરવા કેવી થનગની રહી છે એ દિલ્હીમાં ૧૯ - ૨૦ ફેબ્રુઆરીએ આયોજિત સંમેલન પછી ઈન્ટરનેશનલ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ કોન્ફરન્સના વધારે નહીં, આજથી ગણી આગામી સાત દિવસ (૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી)ના કેલેન્ડર પર નજર નાખતા સમજાઈ જશે. આ સાત દિવસનું ચીન, નાઈજીરિયા, યુક્રેન, નેપાળ, સમોઆ, કતાર, યુએસએ સહિત અનેક દેશના વિવિધ શહેરમાં સિત્તેર - ૭૦ ઈન્ટરનેશનલ કોન્ફરન્સના આયોજનનું ટાઈમટેબલ તૈયાર છે. એક તરફ ભારત, ચીન અને અમેરિકા છે તો બીજી તરફ માત્ર બે લાખ દસ હજારની વસતિ ધરાવતો ટચૂકડો સમોઆ દેશ છે તો ૪૦ ટકા લોકો ગરીબી હેઠળ જીવી રહ્યા છે એ પશ્ચિમ આફ્રિકાનો દેશ નાઈજીરિયા પણ છે. ટૂંકમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સને અપનાવ્યા વિના છૂટકો નથી એવું ચિત્ર ઊપસી રહ્યું છે તો પછી ફિલ્મ ઉદ્યોગ એના આગમનથી કેમ બાકાત રહી શકે? અલબત્ત, આપણે ત્યાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન AI ફિલ્મોના છૂટાછવાયા અખતરા (જુઓ, ફ્લેશબેક કોલમ)થયા છે ખરા. અન્ય દેશો પણ પા પા પગલી માંડી રહ્યા છે. કાન ફિલ્મ ફેસ્ટિવલમાં CRITTERZ ફિલ્મના પ્રદર્શન પછી એમાં વેગ આવશે એવું માનવામાં આવી રહ્યું છે.

આ ફિલ્મ ૨૦૨૩માં આવેલી એ જ નામની શોર્ટ ફિલ્મનો વિસ્તાર છે. આ ફિલ્મની સૌથી વિશેષ ખાસિયત એ છે કે એ માત્ર નવ મહિનામાં તૈયાર થઈ છે અને એ પણ ૩૦ મિલિયન ડૉલર (આશરે બે અબજ ૭૦ કરોડ રૂપિયા)ના બજેટમાં. હોલિવૂડ ફિલ્મોના અભ્યાસુઓના કહેવા અનુસાર પરંપરાગત એનિમેટેડ ફિલ્મો બને છે એના કરતાં ઘણા ઓછા સમયમાં અને ઓછા ખર્ચમાં આ ફિલ્મ બની છે. સામાન્યપણે હોલિવૂડની એનિમેટેડ ફિલ્મ તૈયાર થતા ત્રણથી ચાર વર્ષનો સમય લાગે છે અને એનું સરાસરી બજેટ ૧૨૫ મિલિયન ડૉલરનું હોય છે.

બીજી તરફ, CRITTERZ ફિલ્મના નિર્માણમાં મનુષ્યબળની હાજરી છે અને વોઇસ એક્ટર્સનો સુધ્ધાં ઉપયોગ થયો છે, પણ મેકિંગમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ખાસ્સો ઉપયોગ થયો છે. ટેક્નોલોજી અને ક્રિયેટિવિટી હાથમાં હાથ મિલાવી કેવું પરિણામ આપી શકે છે એ જોવા મળશે પણ સાથે સાથે ફિલ્મ નિર્માણમાં સમય અને સંપત્તિની ખાસ્સી બચતનો મુદ્દો ખાસ્સો ગાજશે. અને હા, ફિલ્મમેકિંગના ભાવિમા AI ની ભૂમિકા કેવી અને કેટલી હશે કે હોવી જોઈએ એની પણ ખાસ્સી ચર્ચા થશે. એક વાત નક્કી છે કે આ ફિલ્મ કેવળ ઈતિહાસ નહીં સર્જે, એનિમેશન ફિલ્મો બનાવવા પ્રત્યેના હોલિવૂડના હાલના અભિગમનાં મૂળિયાં સુધ્ધાં હચમચાવી નાખવાની કોશિશ કરશે.

આટલું વાંચી 'મુંબઈ સમાચાર'ના વાચકોને થયેલી હેરતમાં ઉમેરો કરીએ તો ટેક્નોલોજી ક્ષેત્રમાં ધમાલ મચાવી દેનાર ચીનની આર્ટિફિશ્યલ એજન્સીએ હોલિવૂડના


કાન ફેસ્ટિવલમાં રજૂ થનારી 'ક્રીટર્ઝ'

બે ટોપ સ્ટાર ટોમ ક્રૂઝ અને બ્રાડ પિટનો 'દે ધનાધન' કરતો વીડિયો વાઇરલ થતા હોલિવૂડ હચમચી ગયું છે.૧૯૯૪ની Interview with the Vampire પછી ક્યારેય આ બન્ને સ્ટાર એક ફિલ્મમાં નજરે નથી પડ્યા. તો આ ફાઇટનો વીડિયો કઈ બલા છે? ચાઈનીઝ કંપનીના આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના એક ઉપકરણની મદદથી એક બિલ્ડિંગની અગાસી પર બંને કલાકાર એકબીજાને ફેંટ મારી રહ્યા છે, લાતાલાતી એવી રીતે કરી રહ્યા છે જાણે કે આજ કાં તો હું નહીં કાં તુ નહીં. બંનેના શરીર પરથી લોહીનું એક ટીપું પણ નથી પડતું.

ટેક્નોલોજીની આ કમાલ જોયા પછી તીવ્ર પ્રતિક્રિયાઓ ઊમટી છે. હોલિવૂડના અગ્રણી સ્ટુડિયો તરફથી આ વીડિયો બનાવનારી ચીની કંપનીને સણસણતા પત્ર મોકલી ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના ગેરકાયદે ઉપયોગ સામે લાલ આંખ કરવામાં આવી છે. જોકે, આ ક્લિપ જોયા પછી Deadpool Wolverine, Zombieland જેવી પ્રખ્યાત ફિલ્મોના સહ લેખક રેટ રિસની દલીલ છે કે 'જમ ઘર ભાળી ગયો છે. એ સમય દૂર નથી કે સ્ટુડિયો - લૉકેશન અને અન્ય અનેક બાબતની મદદથી બનાવે એવી જ ફિલ્મ કોઈ એક વ્યક્તિ કમ્પ્યુટરની સામે બેસી બનાવી નાખશે અને આપણે જોતા રહી જાશું.'

આ બધા વચ્ચે વધુ એક આંચકો, વધુ તીવ્રતાવાળો. જર્મનીના બર્લિન શહેરની AI વીડિયો પ્રોડક્શન કંપની The Dor Brothers દ્વારા બનાવવામાં આવેલી ત્રણ મિનિટની AI ફિલ્મ સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદ લઈ માત્ર એક જ દિવસમાં આ વીડિયો તૈયાર કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સામાન્યપણે બને છે એ રીતે જો આ ફિલ્મ બનાવાય તો કેટલાક મહિના લાગે અને તોતિંગ બજેટ ફાળવવું પડે એ છોગામાં.

એકંદરે એવું સમીકરણ ઊપસે છે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદથી બનતી ફિલ્મથી સમય અને પૈસામાં બહુ મોટો ફરક પડી શકે છે. રૂપિયાનું કામ ચાર આનામાં થઈ જાય અને મહિનાઓની બદલે વાત દિવસોમાં પૂરી થઈ જાય. સારી વાત છે. રોકાણ ઓછું તો નફો વધે અને ચિત્રપટ શું કોઈપણ બિઝનેસ માટે આ આવકારદાયક વાત છે, પણ...

પણ... હ્યુમન ઇમોશન્સ યાને કે માનવી લાગણીનું શું? હસતી આંખો, રડમસ કે ગુસ્સાથી લાલપીળો ચહેરો કે પ્રિય પાત્રની રાહ જોતી બેચેની... એ બધું AI કેરેક્ટર્સ નથી દાખવી શકતા એનું શું? ગયા વર્ષે આપણે ત્યાં બનેલી AI ફિલ્મ 'લવ યુ'નો રિવ્યુ બધું સ્પષ્ટ કરી દે છે. રિવ્યુમાં ફિલ્મ વિઝ્યુઅલી ઉત્કૃષ્ટ દર્શાવાઈ હતી. કોસ્ચ્યુમ્સની ડિઝાઈન અને સંગીતની પણ તારીફ કરવામાં આવી હતી. જોકે, ફિલ્મના એક્ટરોનો અભિનય કે એના ઈમોશન્સ વિશે બે સારા શબ્દ પણ નહોતા લખવામાં આવ્યા. ઉલટાનું એમ જણાવાયું હતું કે 'AI ની મદદથી તૈયાર કરવામાં આવેલા ચહેરા ટેકનિકલી પ્રભાવી હતા, પણ એ ચહેરા ભાવશૂન્ય હતા. આનંદ કે આક્રંદ દર્શાવવામાં મોળા પડતા હતા. દર્શકોને એ પાત્રો કે એમની મનઃસ્થિતિ પોતીકી નહોતી લાગી.'

ટૂંકમાં શરીર મજબૂત અને સુંદર પણ આત્મા ખોખલો કે એનો અભાવ જેવી વાત છે. ■

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ


દેવ આનંદ - સુરૈયા

# યે કૈસી અજબ દાસ્તાં હો ગઈ...
## સુરૈયા = ગ્રેગરી પેક + દેવ આનંદ

'સુરૈયા ઊઠ, તારો પ્રિય હીરો ગ્રેગરી પેક મળવા આવ્યો છે!' સુરૈયાના કાકાએ એને જગાડતા કહ્યું.

સુરૈયાને થયું કે કાકા મજાક કરી રહ્યા છે. હોલિવૂડ સ્ટાર ગ્રેગરી પેક મુંબઈમાં ને એના ઘરે..? એવી ઉત્સુકતા સાથે

સુરૈયાએ ડ્રોઈંગ રૂમમાં જઈને જોયું તો ખરેખર ગ્રેગરી પેક ત્યાં હતો!

થયું એવું કે પ્રખ્યાત હોલિવૂડ ફિલ્મ ડિરેક્ટર ફ્રેન્ક કાપ્રા ભારત આવેલા. એ સુરૈયા સહિત ઘણાં બોલિવૂડ કલાકારોને મળ્યા. સુરૈયા જાણતી હતી કે કાપ્રા અને ગ્રેગરી એકબીજાને ઓળખે છે. સુરૈયાએ ગ્રેગરી પેક માટે એક ઍવૉર્ડ માટે અભિનંદન પાઠવતો લેટર અને પોતાનો સુંદર ફોટોગ્રાફ ફ્રેન્ક કાપ્રા સાથે મોકલ્યો. કાપ્રાએ યુ.એસ. જઈને એ પરબીડિયું ગ્રેગરી પેકને આપ્યું. ત્યાર બાદ ગ્રેગરી પેકને શૂટિંગ માટે શ્રીલંકા જવાનું હતું. શ્રીલંકા જતાં પહેલા ગ્રેગરી પેક મુંબઈમાં રોકાયા. મુંબઈની જે હોટેલમાં ગ્રેગરી પેક રોકાયો હતો ત્યાં સુરૈયાના કાકા- અભિનેતા એમ.ઝહૂરે એને જોયો. એમણે ગ્રેગરીને કહ્યું, 'મારી ભત્રીજી તમારી ખૂબ મોટી ચાહક છે. એ પણ બોલિવૂડની મોટી અભિનેત્રી છે.'

'નામ શું છે?'

'સુરૈયા.'

ગ્રેગરી પેકને, કાપ્રાએ આપેલ પત્ર યાદ આવ્યો. ગ્રેગરી પેક સુરૈયાને મળવા તૈયાર થઇ ગયા. સુરૈયા તો ગ્રેગરી પેકને જોઈને અવાક્! ગ્રેગરી પેક પણ સુરૈયાને જોતો જ રહ્યો, એના માનવામાં નહોતું આવતું કે આટલી નાની છોકરી ફિલ્મોમાં મુખ્ય હીરોઈનનું કામ કેવી રીતે નિભાવી શકે? ને પાછી આટલી વિખ્યાત પણ હોય! બેઉએ કલાકો સુધી વાતો કરી. સુરૈયાના ચાહકો ઘણા હતા, પણ સુરૈયા ગ્રેગરી પેકને ચાહતી હતી અને એટલે જ ભારતીય ગ્રેગરી પેક દેવ આનંદ સુરૈયાને ખૂબ ગમતા.

સુરૈયા અને દેવ આનંદ 'વિદ્યા' (૧૯૪૮) ફિલ્મના શૂટિંગમાં પહેલીવાર મળ્યાં. એમાં એક બોટીંગના સીનમાં બોટ પલટી ગઈ. સુરૈયાને તરતા આવડતું નહોતું, પણ દેવ આનંદે પાણીમાં કૂદીને સુરૈયાને બચાવી લીધી. ત્યારથી બંને વચ્ચે રોમાન્સ શરૂ થયો.

'જીત', 'શાયર', 'અફસર' ફિલ્મોના સેટ પર દેવ સુરૈયાનો ઇશ્ક પરવાન પર પહોંચ્યો. દેવ આનંદે સુરૈયાને કિંમતી હીરાની વીંટી આપીને પ્રપોઝ કર્યું. સુરૈયાએ હા પાડી પણ સુરૈયા, રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાંથી આવતી હતી. સુરૈયાની દાદીનો એની કારકિર્દી ને અંગત જીવન પર કંટ્રોલ હતો. ત્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા થયા હતા. સાંપ્રદાયિક હિંસાના ઘા તાજા હતા. સુરૈયાની દાદીએ હિંદુ દેવ સાથે લગ્ન માટે ચોખ્ખી ના પડી દીધી. કહેવાય છે કે સુરૈયાની દાદીએ સગાઈની વીંટી દરિયામાં ફગાવી દીધેલી.

એ પછી સુરૈયાને ભાગીને લગ્ન કરવાં માટે પણ દેવ આનંદે પણ કહ્યું હતું પણ સુરૈયામાં દાદી ખિલાફ જવાની હિમ્મત

નહોતી. સુરૈયા-દેવ આનંદની છેલ્લી ફિલ્મ 'દો સિતારે' હતી. દેવ આનંદે પોતાની આત્મકથામાં લખ્યું છે કે જ્યારે એ બંને અલગ થયાં ત્યારે સુરૈયા ખૂબ રડી પણ એ સંજોગો સામે લડી નહીં. એ પછી સુરૈયાએ આજન્મ લગ્ન કર્યા નહીં. આ બાજુ, 'મૈં ઝિંદગી કા સાથ નિભાતા ચલા ગયા' ફિલોસોફીવાળા દેવ, કેરિયરમાં આગળ વધ્યા. નવકેતન ફિલ્મ્સની સ્થાપના કરી ને બોલિવૂડના સદાબહાર રોમેન્ટિક હીરો બન્યા. ૧૯૫૪માં દેવ આનંદે 'બાઝી' અને 'ટેક્સી ડ્રાઈવર' ફિલ્મની સહ-અભિનેત્રી કલ્પના કાર્તિક સાથે લગ્ન કરી લીધાં. વર્ષો પછી દેવ આનંદ ને સુરૈયા એકાદ બે જાહેર કાર્યક્રમો અને ઍવૉર્ડ સમારોહમાં મળ્યાં, પણ ત્યાં સુધીમાં પ્રેમ ભૂતકાળની યાદો બની ગઈ હતી.

દેવ આનંદ સુરૈયા વિશે હંમેશાં પ્રેમથી વાત કરતા, મનમાં ક્યારેય કડવાશ ના રાખી. સુરૈયા પણ નજીકના મિત્રોને કહેતી કે એણે ફક્ત એક જ વાર પ્રેમ કર્યો હતો જે અધૂરો રહી ગયો! ખરેખર તો દેવ પણ સુરૈયાના બ્રેકઅપ બાદ તૂટી ગયેલા અને આજીવન સુરૈયાને ચાહતા રહ્યા.

સુરૈયા જમાલ શેખનો જન્મ ૧૫ જૂન, ૧૯૨૯ના રોજ લાહોરમાં થયેલો. નાનપણમાં જ કાકા ઝહૂર સાથે મુંબઈ આવી હતી. સુરૈયાએ ઓલ ઈન્ડિયા રેડિયોના બાળ કાર્યક્રમમાં બાળ કલાકાર તરીકે શરૂઆત કરી હતી. એની પહેલી ફિલ્મ 'તાજમહલ' (૧૯૪૧) હતી'. તે સમયના ઊભરતા સંગીત દિગ્દર્શક નૌશાદે સુરૈયાની ગાયકી પ્રતિભાને ઓળખી અને ફિલ્મ 'શારદા'નું સદાબહાર ગીત 'પંછી જા, પીછે રહા હૈ બચપન મેરા' ગાવાની તક આપી. ત્યારે સુરૈયા માત્ર ૧૨ વર્ષની હતી ને માઇક્રોફોન સુધી પહોંચવા સ્ટૂલ પર ઉભા રહેવું પડતું હતું. એ પછી તો સુરૈયાએ સુપ્રસિદ્ધ ગાયક અને સુપરસ્ટાર, કે.એલ. સાયગલ સાથે સતત ત્રણ ફિલ્મો- 'તડબિર', 'ઓમર ખય્યામ' ને 'પરવાના'માં એમની હીરોઈન તરીકે કામ કર્યું હતું. કે.એલ. સાયગલની ભલામણ પર જ સુરૈયાને મેઇન હીરોઇન તરીકે ફિલ્મો મળી.

ભારત-પાક ભાગલા પછી, નૂરજહાં અને ખુર્શીદ પાકિસ્તાન ગયાં, પણ સુરૈયા ભારતમાં જ રહી એટલે સુરૈયાની લોકપ્રિયતામાં ઉછાળ આવેલો.

'પ્યાર કી જીત' (૧૯૪૮), 'બડી બહેન' (૧૯૪૯) અને 'દિલ્લગી' (૧૯૪૯) એની સતત ત્રણ સૌથી મોટી હિટ ફિલ્મો હતી. પહેલી બે ફિલ્મોનું સંગીત હુસ્નલાલ ભગતરામનું અને 'દિલ્લગી'નું સંગીત નૌશાદે આપ્યું હતું. આજે પણ, આ ફિલ્મોનાં સદાબહાર ગીતો, જેમ કે 'ઓહ દૂર જાનેવાલે', 'વો પાસ રહે યા દૂર', 'તેરે નૈનો ને ચોરી કિયા', અને 'તુ મેરા ચાંદ મેં તેરી ચાંદની' સુપરહિટ છે.

૧૯૫૦ના દાયકામાં સુરૈયાની મોટાભાગની ફિલ્મો ફ્લોપ રહી. ૧૯૫૪માં સોહરાબ મોદીએ બનાવેલ 'મિર્ઝા ગાલિબ'થી ફિલ્મોમાં વાપસી કરી. ફિલ્મની જબરદસ્ત સફળતાએ સુરૈયાને ફરી એક નવી ઊંચાઇએ પહોંચાડી. રાષ્ટ્રપતિ ઍવૉર્ડ મેળવનાર 'મિર્ઝા ગાલિબ' પહેલી ફિલ્મ હતી. વડા પ્રધાન નેહરુ પણ એ સમારોહમાં હાજર હતા ને સુરૈયાને કહેલું : 'તમે મિર્ઝા ગાલિબના આત્માને જીવંત કર્યો છે.' પછી તો સુરૈયાએ ગાલિબની ગઝલો 'યે ના થી હમારી કિસ્મત', 'આહ કો ચાહિયે', 'દિલ-એ-નાદાન તુઝે હુઆ ક્યા હૈ'ને ગાઇને અમર બનાવી દીધી.

સુરૈયાની છેલ્લી ફિલ્મ પૃથ્વીરાજ કપૂર સાથે 'રુસ્તમ સોહરાબ' (૧૯૬૩) હતી જે ફ્લોપ સાબિત થઇ. એ પછી સુરૈયા ધીમે ધીમે ફિલ્મોથી દૂર થતી ગઈ. મરીન ડ્રાઇવના એપાર્ટમેન્ટમાં દેવની યાદો ને સંગીતમાં ઘેરાયેલી અંતિમ એકાકી આયખું વિતાવતી રહી. ૩૧ જાન્યુ. ૨૦૦૪એ સુરૈયાનો સુરીલો સૂર ખામોશ થઈ ગયો. 'રુસ્તમ સોહરાબ' માટે સુરૈયાએ ગાયેલુ 'યે કૈસી અજબ દાસ્તાન હો ગઈ હૈ' જેવું સુરૈયાની કારકીર્દીનું શ્રેષ્ઠ ગીત જ એના આખરી ઉદાસ જીવનકાળનું સત્ય બની ગયું. ■

# મોકો આપ્યો એને દગો ન દેવો... દગો આપ્યો એને મોકો ન દેવો...



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

બાવીસ પાનાંમાંનું એકનું એક લખાણ સારા અક્ષરોમાં પચ્ચીસ પાનામાં લખી મને સુપરત કર્યું છે એ વાત જાણીને મને નવાઈ સાથે આંચકો પણ લાગ્યો. જે વાત મુળુભાએ ઇન્દુભાભીનાં મોઢે કહેવડાવી કે... આ નાટક લખાશે એવી આશા ન રાખતાં. એ ફિલ્મોમાં એટલાં બિઝી છે કે સમય લખવા માટે કાઢી જ નહિ શકે.

આ વાત મુળુભા ખુદ મને પણ કહી શક્યાં હોત. શક્ય છે કે એમણે મને આપેલો સમય સાચવી ન શક્યાં એટલે કહેવામાં ક્ષોભ અનુભવ્યો હશે. મુળુભા આમ પણ અતિશય લાગણીશીલ. મરતાને મર ન કહે. જયારે બહુરૂપી સંસ્થાએ ત્રીજું નવું યુનિટ શરૂ કર્યું ('ધૂપછાંવ' અને 'કેવડાના ડંખ' નાં બે યુનિટ ઉપરાંત) ત્યારે મને અને પ્રતાપ સચદેવને લાલુ શાહનો સંપર્ક કરવાનું એમણે જ કહેલું અને અમારી ભલામણ પણ એમણે જ કરેલી. દિલનાં બહુ 'આળા' હતા. લેખકની ભાષામાં કહેતા, 'ખિસ્સાનું વજન વધારવામાં દિલ પર વજન વધે તો સમજવું કે સોદો નુકસાનીનો છે. એમની એકાંકીની બુક વતેસરની વાત પબ્લિશ થયેલી. એ કેટલી બધી જગ્યાએ ભજવાઈ હશે, એની 'રોયલ્ટી' આવે તો ઠીક નહિ તો નાટિકા ભજવાઈ ને. એવો સંતોષનો ઓડકાર ખાનાર જીવ.

હવે તો હાલોલનાં લકી સ્ટુડિયોમાં ફોન કરી પૂછવું અર્થ વગરનું હતું. ત્યાં તેઓ પોતાનાં કામમાં અટવાયા હોય ત્યાં હું ક્યાં એમને ટેન્શનમાં મુકું.!

એમનાં ઘરે ફોન કર્યો ત્યારે ઇન્દુભાભીએ કહ્યું'તું કે મુળુભા ૧૫/૨૦ દિવસમાં આવી જશે. એક તો 'મળે સૂર...' માટે 'બંધ'ની વાત કરવાની હિમ્મત નહોતો કરી શકતો ત્યાં હવે મહેન્દ્ર બોહરાનો પ્રોજેક્ટ વધુ લંબાતો જતો હતો. આટલાં અનુભવે મને મેચ્યુરિટી તો આપી, પણ મુકેશ-દેવેશ-વિજયને વાત કહેવાની હિમ્મત ન આપી. મેચ્યોર હોવું એ પણ મુસીબતભર્યું કામ છે, આપણી આંખોને કાબૂમાં રાખી બીજાની આંખો લૂંછવાની. મારી સ્થિતિ આવી જ હતી.

મુળુભાની વાત જણાવવા મેં મહેન્દ્ર બોહરાને ફોન કર્યો. એ સંજય દત્તની કોઈ ફિલ્મનાં ક્લાયમેક્સ શૂટ કરવામાં બિઝી હતો. એ પોતે પણ ૧૫/૨૦ દિવસ સમય કાઢી શકે એમ નહોતો. એને મુળુભા સાથે બધી વાત થઈ ગયેલી. હું જ એવો હતો જેને ઇન્દુભાભી થ્રુ ખબર પડી.

ખેર! તેજપાલનો શો, 'મળે સૂર...' સારો ગયો. બીજા બે સોલ્ડ-આઉટ શો મળ્યાં. એ પણ ગામને ગોંદરે. એક થાણામાં હતો અને બીજો કલ્યાણ. તેજપાલ પછી થાણા હતો. પછી રવિવારે શો નહોતો અને પછી કલ્યાણ હતો.

વિજય રાવલે આછડતી વાત કરી કે, 'દાદુ, હવે જરા હાઉસ સુધરે તો ઠીક નહિ તો...' વાત અધૂરી છોડી એ વાત પણ હું પૂરી ન કરી શક્યો. વિજય-મુકેશ-દેવેશ ઓછા કલેક્શન માટે કશ કહેતા નહોતાં. હું ઈચ્છતો કે એ વાત કાઢે. વિજયે વાત કરી ત્યારે ચાન્સ હતો પણ... મને બહુ ગીલ્ટ ફિલ થતું. મને લાગતું કે હું 'દગો' તો નથી કરી રહ્યો ને?જિંદગીમાં બે વાતનું હંમેશાં ધ્યાન રાખ્યું છે કે જેણે મોકો આપ્યો એને ક્યારેય દગો ન દેવો, અને જેણે દગો દીધો એને ક્યારેય મોકો ન દેવો.

તેજપાલ પછી થાણાનો શો પતાવ્યો. સોલ્ડ-આઉટ હતો એટલે કલેક્શન કેટલું? એ સવાલ જ નહોતો. ત્યાં ઈન્ટરવલમાં અચાનક મુકેશે જ વાત કાઢી. 'દાદુ, તેજપાલ પહેલાનાં બે શોમાં સારા પૈસા તૂટ્યા'. મને હતું કે વાત વિજય રાવલ કરશે એને બદલે મુકેશે કરી. મેં હિમ્મત કરી એ તક ઝડપી લઇ કહ્યું, 'દોસ્ત, મારી સલાહ છે કે હવે આપણે આ નાટક 'બંધ' કરી દેવું જોઈએ, આ સલાહ આપવાનો કેટલા સમયથી વિચાર કરતો હતો પણ હિંમત નહોતી થતી. સલાહથી સસ્તી અને અનુભવથી મોંઘી કોઈ વસ્તુ નથી. તે ગુમાવ્યાનો અફસોસ ક્યારેય કર્યો નહોતો. હું 'આંકડા' જોતો ને અફસોસ કરતો પણ હિંમત કરી તને કહી નહોતો શકતો. આજે તે વાત કાઢી અને મારાથી હિંમત થઈ ગઈ. આપણે કલ્યાણનાં શો પછી નાટક બંધ કરી દઈએ'.

વિજય તરત બોલ્યો, 'ના દાદીયા, એટલું જલ્દી નહિ. એક-બે સારી તારીખો ટ્રાય કર્યા પછી એ વિચારીશું. આપણી નીતિ સારી હશે તો નિયતિ પણ મદદ કરશે. નિયતિ આપણે પહેરેલાં પગરખાથી નહિ, આપણે માંડેલાં પગલાઓથી રચાતી હોય છે...'

મારે પાછું મૌન થઈ જવું પડ્યું. વાત સમજાવી દીધી કે લોસ ખમી ન શકાય તો ખમૈયા કરવા બહેતર છે. વિજયને હજી 'વિજય'ની આશા હતી. અને હોય જ ! કારણ થાણાનો પ્રેક્ષકોનો પ્રતિસાદ જ બધાને પોરસ ચડાવે એવો હતો.

કામચલાઉ નિર્માતા મુકેશ રાવલ અને દેવેશ સાથે સેતુ રૂપ વિજય રાવલ, એટલું તો નક્કી કરી લીધું કે ક્યા અટકવું! બે-ત્રણ શો પછી ખુશીનો આંચકો પણ આવે કે નાટક ફરી ઊપડી જાય, કોને ખબર? માની લેવું, ધારી લેવું અને કહી દેવું એ સંબંધ બગાડવાના રસ્તાઓ છે પણ પૂછી લેવું, જાણી લેવું અને સમજી લેવું એ ગેરસમજ દૂર કરવાના સરળ ઉપાયો છે. અને અમારે હવે કોઈ ગેરસમજ રહી નહોતી. કલ્યાણનાં શો પછી હવે વિજય રાવલ નાટક માટે થિયેટરની સારી ત્રણ તારીખ શોધવાનો હતો.

આ તરફ હું મુળરાજ રાજડા ક્યારે ફિલ્મો પતાવીને આવે એની રાહ જોવામાં હતો. ■

ડબલ રિચાર્જ

*શિક્ષક: 'સિનિયર અને જુનિયરમાં શું ફરક છે?'*

*કાનજી: 'જે સમુદ્રની પાસે રહે છે એ સી-નિયર અને જે પ્રાણી સંગ્રહાલય પાસે રહે છે એ જુ-નિયર'*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# આપણે ત્યાં પણ ફિલ્મમેકિંગમાં AIના ઉપયોગનો આરંભ!

## વિદેશની સાથે સાથે આપણે ત્યાં સુધ્ધાં હિન્દી અને અન્ય ભાષામાં AIના ઉપયોગથી ફિલ્મ બનાવવાની કોશિશ જોવા મળી રહી છે



'નાઈશા'માં સંગીત માનવ નિર્મિત છે



'લવ યુ'માં મનુષ્યની બાદબાકી છે

એકવીસમી સદી ટેકનોલોજીના પ્રભુત્વની સદી તરીકે પણ ગણવામાં આવશે એ હદે એનો પગપેસારો થઈ રહ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ -AI મનુષ્ય જીવનમાં દાખલ થઈ એનો ઝડપથી પ્રસાર થઈ રહ્યો છે. આ સદીના ત્રીજા દાયકામાં ચિત્રપટ સૃષ્ટિમાં એની હાજરી ભલે નજીવી, પણ વર્તાઈ રહી છે એ નોંધવા જેવી હકીકત છે.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ફિલ્મમેકિંગમાં AI કઈ રીતે અને કેવું નજરે પડ્યું એના કેટલાક ઉદાહરણ જોઈએ.

**નાઈશા (૨૦૨૫):** ગયા વર્ષે મે મહિનામાં રિલીઝ કરવામાં આવેલી 'નાઈશા' બોલિવૂડની પ્રથમ AI ફિલ્મ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૨૦૨૪માં આવેલી 'તિકડમ'ના દિગ્દર્શક અને 'નેટફ્લિક્સ' પર રિલીઝ થયેલી રિશી કપૂરની 'રાજમા ચાવલ'ના સહ લેખક વિવેક આંચલિયાની ફિલ્મમાં વિઝ્યુઅલ્સ અને કેરેક્ટર્સ સહિત લગભગ દરેક બાબત આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સની મદદથી રજૂ થયા હતા, પણ એમાં ફિલ્મ સંગીત માનવ નિર્મિત હતું. આવા નિર્ણયનું કારણ આપતા વિવેકએ જણાવ્યું કે 'મારી ફિલ્મમાં સંગીતનું મહત્ત્વ વિશેષ છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સની મદદથી તૈયાર કરવામાં આવતા મ્યુઝિકથી લાગણી - ભાવના પ્રભાવીપણે વ્યક્ત થાય કે નહીં હું નથી જાણતો. સાચું કહું તો મને સંગીતમાં બહુ ગતાગમ નથી પડતી. મેં ટેક્નોલોજીની સહાયથી સિનેમેટોગ્રાફી, પ્રોડક્શન ડિઝાઈન, કોસ્ચ્યુમ ડિઝાઈન, એડિટિંગ વગેરે કર્યું છે. સંગીતમાં ચાંચ ન ડૂબતી હોવાથી દૂર રહ્યો છું અને એટલે જ 'નાઈશા'માં માનવ રચિત ગીત - સંગીત છે.

**લવ યુ (૨૦૨૫):** ગયા વર્ષે બનેલી ૯૫ મિનિટની આ કન્નડ ફિલ્મ થિયેટરમાં રિલીઝ કરવામાં આવેલી AIથી બનેલી પ્રથમ ભારતીય ફિલ્મ છે. વાર્તાનાં પાત્રો, ૧૨ ગીત, ડાયલોગ, લિપ સિંક તેમજ કેમેરા મુવમેન્ટ સહિત ફિલ્મનો પ્રત્યેક વિભાગ AIની મદદથી તૈયાર કરવામાં આવ્યો હતો. મનુષ્ય હાજરીની સંપૂર્ણ બાદબાકી. ટૂંકમાં કહીએ તો માનવીય એક્ટર, સંગીતકાર, કેમેરામેન ઈત્યાદિ ગેરહાજર... તો પછી હાજર કોણ?

આ અનોખું ચિત્રપટ બનાવવાનું સપનું સાકર કરવા કોશિશ કરતા અલાયદા બે જણ અને હા, સંખ્યાબંધ કોડ. કોડ એટલે AI મોડલ્સને શું કરવું એ સમજાવતી ટેકનિકલ ભાષા. ધ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરીકે ઓળખાતા સેન્સર બોર્ડે એને યુ/એ સર્ટિફિકેટ (મતલબ કે ૧૨ વર્ષથી નાની ઉંમરનાં બાળકો સાથે પેરેન્ટ્સની હાજરી અનિવાર્ય) આપવામાં આવ્યું હતું. આ ફિલ્મના નિર્માતા - દિગ્દર્શક છે નરસિમ્હા મૂર્તિ, જે દિવસ દરમિયાન મંદિરમાં પૂજારી તરીકે સેવા આપે છે. માત્ર ૧૦ લાખ રૂપિયાના બજેટમાં તૈયાર થયેલી આ ફિલ્મ રોમેન્ટિક ડ્રામા છે. આ કેવળ ફિલ્મ મેકિંગનો એક નવતર પ્રયોગ નથી, બલકે ભવિષ્યમાં સિનેમા કેવી રીતે બનશે એનું ટ્રેલર છે- એના એંધાણ છે એની એની અદ્ભુત ઝાંખી છે.

બેંગલુરુના એક મંદિરમાં પૂજારીની ફરજ અદા કરતા મિસ્ટર મૂર્તિ માટે સિને જગત નવું નથી. તેમણે બે ફિલ્મ ડિરેક્ટ કરી છે. અલબત્ત, આ વખતે મોટી છલાંગ મારી ફિલ્મમેકિંગમાં ટેક્નોલોજીનું મિશ્રણ કરી અનોખું સાહસ કર્યું છે.

જોકે, આ ફિલ્મના પડદા પાછળ ખરી કમાલ કરી છે નૂતન નામની મહિલાની. નૂતન એલએલબી ગ્રેજ્યુએટ છે પણ વકીલાતને બદલે કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર અને એડિટરનો અનુભવ ધરાવે છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સમાં રુચિ ધરાવતી એ મહિલાએ એનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. ફિલ્મ મેકિંગ દરમિયાન દરેક ટેકનિકલ બાબત જેમ કે પાત્રનું એનિમેશન, કેમેરા મુવમેન્ટ, મ્યુઝિક કમ્પોઝિશન વગેરે પાસાને AIની મદદથી તૈયાર કરવામાં એનું મુખ્ય યોગદાન રહ્યું.

**IRaH - The Immortality App (૨૦૨૪):** આ ફિલ્મ AI-આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સથી તૈયાર નહોતી કરવામાં આવી, બલકે એના પર આધારિત છે. બ્રિટિશ - ઈન્ડિયન સહયોગથી અંગ્રેજી અને હિન્દી ભાષામાં તૈયાર થયેલી આ ફિલ્મમાં AIને કારણે પેદા થઈ શકતા જોખમો અને જાગતી સંભાવનાઓ તેમજ માનવ જીવન પર એના પડનારા પ્રભાવ વિશે વાત કરવામાં આવી છે. સાયન્સ ફિક્શન - થ્રિલર તરીકે રજૂ કરેલા આ ચિત્રપટમાં રોહિત રોય, રાજેશ શર્મા, કરિશ્મા કોટક અને અન્ય કલાકાર હતા. ફિલ્મની કથા રસપ્રદ છે.

હરિ સિંહ (રોનિત રોય) નામનો ટેક્નોલોજી કિંગ એક 'ઈમમોર્ટાલીટી ઍપ' (અમરત્વ પ્રદાન કરતી એપ્લિકેશન) તૈયાર કરી એના એક્સક્લુઝિવ રાઈટ્સ વેરની આગમાં બદલો લેવા તડપતા વિવિધ લોકોને વેચે છે. મજા તો એ વાતની આવે છે કે એના જ અમુક પાર્ટનર/કર્મચારી પણ હરિ સિંહને પાઠ ભણાવવા ઉત્સુક છે. જોકે, ફિલ્મ એટલી હદે ટેકનિકલ બની ગઈ કે દર્શકો વિષય સમજી ન શક્યા અને નબળી પટકથા, નબળું દિગ્દર્શન અને સામાન્ય અભિનયને લીધે દર્શકોએ પીઠ દેખાડી દીધી.

આ સિવાય 'મુંબઈ સમાચાર'માં અગાઉ વિગતે ઉલ્લેખ થઈ ચુક્યો છે એ AIની મદદથી તૈયાર કરવામાં આવેલી અભિનેત્રી ટિલી નોરવૂડની AI Commissioner (૨૦૨૫) ફિલ્મની વાર્તાનું લખાણ પણ ChatGPT (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્ટ ચેટબોટ જે મનુષ્યની ભાષા સમજી માનવીની જેમ વાર્તાલાપ કરી શકે છે અને તમારા મનમાં ઉઠતા સવાલોનો વિગતવાર જવાબ આપવા ઉપરાંત લેખ, કવિતા, અનુવાદ જેવા કામ કરી શકે છે)ના માધ્યમથી કરવામાં આવ્યું હતું. ચીનમાં તો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો આશરો લઈ Chinese AI Microdramas તરીકે ઓળખાતા ઢગલામોઢે સર્જન થઈ રહ્યાં છે. ચેટજીપીટીનું આગમન નવેમ્બર ૨૦૨૨માં થયું અને એ પછી એક જ મહિનાની અંદર The Safe Zone (૨૦૨૨)નામની શોર્ટ ફિલ્મ આવી હતી. આ ફિલ્મનું સંપૂર્ણ બંધારણ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સથી તૈયાર કરવામાં આવ્યું હતું.

કેટલાક હોંશીલા સર્જકોએ ટેક્નોલોજીના વિવિધ સાધનો (AI tools)ની મદદથી શોર્ટ ફિલ્મો પણ બનાવી છે, જેમાં Discarded Companion (૨૦૨૬), Wonderful Dream (૨૦૨૫), LYRA (૨૦૨૫), The Lioness of Bharat A Legend Reborn (૨૦૨૪)વગેરેનો સમાવેશ છે.

ટૂંકમાં ફિલ્મ જગતમાં તો મશીન માણસ પર પ્રભુત્વ પ્રાપ્ત કરે એવો પ્રયાસ માનવી દ્વારા નાના પાયે શરૂ થઈ જ ગયો છે.

---

શો-શરાબા


દિવ્યકાંત પંડ્યા

# ફોર્મ્યુલા રિયુનિયન હાજીર હો!

## ૨૦૨૬માં જૂના જોગીઓની નવી કેમિસ્ટ્રી



કમલ હસન



રજનીકાંત



વિશાલ ભારદ્વાજ



શાહિદ કપૂર



પ્રિયદર્શન



સની દેઓલ

આજે બોલિવૂડમાં હવા એવી ફૂંકાઈ રહી છે કે જાણે આપણે ટાઈમ મશીનમાં બેસીને ૨૦૦૦ના દાયકાના એ સુવર્ણ કાળમાં પાછા પહોંચી ગયા હોઈએ. અત્યારે થિયેટરના દરવાજે ઊભા રહીને જુઓ તો એવું લાગે કે મુંબઈની ફિલ્મ નગરીમાં જાણે કોઈ બહુ મોટું 'ગેટ ટુ-ગેધર' ચાલી રહ્યું છે. ૨૦૨૬માં કંઈક આવું જ થઈ રહ્યું છે. કલાકારો અને ડિરેક્ટર્સની જોડી અત્યારે ફરીથી હાથ મિલાવી રહી છે.

સૌથી પહેલા વાત કરીએ એ જોડીની જેણે હંમેશાં રૂપેરી પડદા પર લોહી અને પરસેવાની સાથે કવિતા વણી છે એટલે કે શાહિદ કપૂર અને વિશાલ ભારદ્વાજ. 'કમીને' એ તોતડો ગુડ્ડુ હોય કે 'હૈદર'નું પાગલપન, વિશાલે હંમેશાં શાહિદની અંદરના અસલી એક્ટરને ઢંઢોળીને બહાર કાઢ્યો છે. હવે ૨૦૨૬માં 'ઓ' રોમિયો' સાથે એવો જ માહોલ ગરમાયો હતો.

હુસૈન ઝૈદીની ડાર્ક અંડરવર્લ્ડ દુનિયા અને એમાં શાહિદનો પેલો ઉસ્તરાવાળો રફ અંદાજ! વિશાલ ભારદ્વાજની

ફિલ્મ્સમાં જે દેશી માટીની સુગંધ અને અંધારી ગલીઓનો રોમાંચ હોય છે, તે આ રિયુનિયનમાં સાફ દેખાય છે. શાહિદ માટે પણ આ એક રીતે પોતાની ચોકલેટી બોયની છાપ પર ફરીથી રગ્ડ (Rugged) અવતારનું રિયુનિયન હતું.

પછી આવે છે સિરિયલ કિસરથી સિરિયસ એક્ટર બનેલો ઈમરાન હાશ્મી. ૨૦૦૭માં 'આવારાપન' જોઈને કોણ એવું હતું, જેણે શિવમના પ્રેમ અને પસ્તાવા માટે આંસુ નહીં સાર્યાં હોય? આજે વર્ષો પછી જ્યારે 'આવારાપન'ની વાત નીકળે છે, ત્યારે દિલમાં એ જ જૂની યાદો તાજી થાય છે. ઈમરાન હાશ્મી અને વિશેષ ફિલ્મ્સનું આ 'આવારાપન' સાથે રિયુનિયન છે. ઈમરાનનો એ ટ્રેડમાર્ક અંદાજ, લાંબા વાળ, આંખોમાં ગમ અને પાછળ વાગતું સૂરીલું મ્યુઝિક, આ બધું જ ફરી પાછું આવી રહ્યું છે.

હવે થોડી હસી-મજાક અને ધમાલની વાત કરીએ.

અક્ષય કુમાર અત્યારે જે રીતે બેક-ટુ-બેક રિયુનિયન કરી રહ્યો છે, તે જોઈને લાગે છે કે એને પોતાની જૂની લય સમજાઈ ગઈ છે. અક્ષય અને પ્રિયદર્શન એટલે હાસ્યનો ગેરંટીડ ડોઝ! 'ભૂત બંગલા'ની જાહેરાત થઈ ત્યારથી ફેન્સ ઉત્સુક થઈ ગયા છે. ૧૪ વર્ષનો વનવાસ પૂરો કરીને જ્યારે આ જોડી પાછી આવે અને સાથે પરેશ રાવલ તથા રાજપાલ યાદવ જેવા કલાકારો હોય ત્યારે ટિકિટબારી પર લાઈનો લાગવાની આશા બંધાય...

પણ અક્ષય અહીં જ નથી અટકતો. પ્રિયદર્શન સાથેની જ તેની બીજી ફિલ્મ 'હૈવાન' માં એ ફરીથી સૈફ અલી ખાન સાથે દેખાશે. યાદ છે 'મેં ખિલાડી તુ અનાડી', 'ટશન' અને તેમની જોડીની અન્ય ફિલ્મ્સ? સૈફ અને અક્ષયની એ જુગલબંદી ૨૦૨૬માં ફરી જીવંત થઈ રહી છે, પણ આ વખતે પ્રિયદર્શન એમને થોડા સિરિયસ થ્રિલર મોડમાં લાવ્યા છે.

દેશભક્તિના અસલી સુપરસ્ટાર સની પાજી એટલે કે સની દેઓલ અત્યારે ૨.૦ વર્ઝનમાં જીવી રહ્યો છે. 'ગદર ૨' પછી તેણે સમજી લીધું છે કે લોકો તેને કયા રૂપમાં જોવા માગે છે. 'બોર્ડર ૨' એ માત્ર જેપી દત્તાની ફિલ્મની સિક્વલ નથી, પણ સની દેઓલના એ ગરમાગરમ તેવરનું રિયુનિયન છે. ૨૯ વર્ષ પછી ફરીથી બોર્ડર પર દુશ્મનોને લલકારતા સની પાજીને જોવા એ એક લહાવો છે, પણ એનાથી પણ વધુ રસપ્રદ તેનું એક રિયુનિયન છે. રાજકુમાર સંતોષી સાથેની તેની આગામી મુલાકાત ... 'ઘાયલ' - 'ઘાતક' અને 'દામિની ' આ ફિલ્મ્સે સનીને જે ઊંચાઈ આપી હતી, એ જ જાદુ 'લાહોર ૧૯૪૭' માં ફરીથી જોવા મળશે એવું લાગે છે. આમિર ખાન જ્યારે આ પ્રોજેક્ટમાં નિર્માતા તરીકે જોડાયો છે ત્યારે સમજી લેવું કે વાર્તામાં દમ જરૂર હશે.

થોડી 'હટકે' વાત કરીએ તો ૨૦૨૬માં એક એવું રિયુનિયન થયું છે જેની કોઈએ આશા નહોતી રાખી. 'હેપ્પી પટેલ'માં આમિર ખાન, વીર દાસ અને ઈમરાન ખાન! હા, વર્ષોથી રૂપેરી પડદાથી દૂર રહેલો ઈમરાન ખાન ફરી પાછો આ ફિલ્મમાં દેખાયો. વીર દાસના ડિરેકશનમાં અને આમિરના પ્રોડક્શનમાં બનેલી આ ફિલ્મ આપણને પેલા 'ડેલ્હી બેલી'ના જમાનામાં લઈ જાય છે, જ્યાં કોમેડી થોડી રફ, હટકે અને એકદમ ઓરિજિનલ હતી.

-અને છેલ્લે આખા ભારતીય સિનેમાનું એક તગડું રિયુનિયન એટલે કમલ હાસન અને રજનીકાંત. ૪૭ વર્ષ! તમે કલ્પના કરી શકો છો? જે બે માણસે આખી ઈન્ડસ્ટ્રી ચલાવી, જે એકબીજાના કટ્ટર હરીફ ગણાયા તે બન્ને આજે નેલ્સન દિલીપકુમારની ફિલ્મમાં સાથે આવી રહ્યા છે. આ રિયુનિયન માત્ર દક્ષિણ ભારત પૂરતું સીમિત નથી, પણ આખા ભારત માટે એક તહેવાર જેવું છે. લેધર જેકેટ, હાથમાં ગન અને એ જૂનો રેટ્રો અંદાજ, આ બંને સુપરસ્ટાર્સને સાથે જોવા એ સિનેમા પ્રેમીઓ માટે ગંગા ન્હાયા બરોબર છે.

આમ જોવા જઈએ તો ૨૦૨૬ એ માત્ર અંક નથી, પણ મનોરંજન દેવની કૃપાથી ભારતીય સિનેમા માટે ભરોસાનું વર્ષ છે. જ્યારે નવું કામ નથી કરતું ત્યારે જૂના સંબંધો અને જૂની કેમેસ્ટ્રી જ કામ આવે છે. આ રિયુનિયન્સ એ વાતની સાબિતી છે કે ભલે જમાનો ગમે તેટલો બદલાય, પણ જ્યારે જૂના જોગીઓ ભેગા થાય છે ને, ત્યારે અસલી મનોરંજનની આશા રખાય છે.

**લાસ્ટ શોટ**

*કમલ હાસન અને રજનીકાંત છેલ્લે ૧૯૮૫ની ફિલ્મ 'ગિરફતાર'માં સાથે દેખાયા હતા!*

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## આમ પરાણે પ્રીત કરવાની ક્યાં જરૂર હતી?




રિમેક તો સમજ્યાં પણ રિમેકની રિમેક અને પછી એની સિકવલ? બાત કુછ હજમ નહીં હુઈ. તો ચાલો વાતને પચાવવાનો પ્રયાસ તો કરીએ. ગોવિંદા, સંજય દત્ત, કાદર ખાન અને અનુપમ ખેરની સુપર હિટ ફિલ્મ 'હસીના માન જાયેગી' મૂળે 'પ્યાર કિયે જા'ની રિમેક હતી. 'પ્યાર કિયે જા' હિન્દી સિનેમા જગતની ટોચની કોમેડીઝમાં સ્થાન ધરાવે છે, જેમાં શશી કપૂર, કિશોર કુમાર, ઓમ પ્રકાશ અને મહેમૂદે પોતાનાં જીવ રેડી દીધાં હતાં.

હવે ડેવિડ ધવને એમની આદત અનુસાર આ ફિલ્મની રિમેક બનાવી દીધી. ખબર નહીં પણ કેમ, પણ બોલિવૂડ નવું કશું કરવાને બદલે જૂનાને ફરી બનાવવાનાં કે પછી એને આગળ વધારવાના ચાળે ચડી ગયું છે.

'હસીના માન જાયેગી'નાં પ્રોડ્યુસર સ્મિતા ઠાકરે તેની સિક્વલ બનાવવા માટે ખૂબ રસ લઇ રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે. શરૂઆતમાં ડેવિડ ધવનને આ ફિલ્મ ડાયરેક્ટ કરવાની ઓફર આપવામાં આવી હતી, પરંતુ ડેવિડને આમાં ખાસ જ્યુસ દેખાયો નહીં એટલે એમણે ના પાડી દીધી.

હવે ફરહાદ સામજીને આ સિક્વલ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. અગાઉ ડેવિડ ધવનની 'કુલી નંબર વન' અને 'જુડવા'ની રિમેક બની ચૂકી છે, પરંતુ, એમની ફિલ્મની સિક્વલ બને એ જરા નવું છે અને એ પણ આટલાં બધાં વર્ષો પછી!

કહેવાય છે કે આ સિક્વલની સ્ક્રિપ્ટ પૂરજોશમાં લખાઈ રહી છે. ફિલ્મનાં કલાકારો સંજય દત્ત, ગોવિંદા વગેરે જ હશે કે પછી...

એવી કોઈ ચોખવટ થઇ નથી.

## બેવડાં ધોરણની બેવડી 'બાજી '



અનુરાગ કશ્યપ




હાલમાં જ 'ધ કેરેલા સ્ટોરી ટુ'નું (હવે 'ધ કેરલમ સ્ટોરી ટુ' એમ સુધારવું પડશે કે નહીં?) ટ્રેલર બધાં એ જોયું. પહેલી ફિલ્મ જે રીતે વિવાદાસ્પદ રહી હતી એટલે એનાં આ બીજા ભાગ વિષે વિવાદ ઊભો ન જ થાય એવું તો વિચારી ન શકાય, પરંતુ આ વિવાદમાં અનુરાગ કશ્યપ જ્યારે કુદ્યા ત્યારે એમનાં બેવડાં ધોરણો બહાર આવી ગયાં છે. આમ પણ આ માટે એ જાણીતાં છે જ.

અનુરાગે આ ટ્રેલરને 'બુલ **' કહ્યું છે. તેમનું કહેવું છે કે ટ્રેલરમાં જેવું દેખાડ્યું છે એ રીતની પ્રતાડના કોઈની થતી નથી. જોકે એ પ્રકારની પ્રતાડના થતી હોય છે એ માટે હજારો ન્યૂઝ આર્ટિકલ ગૂગલ ઉપર ઉપલબ્ધ છે. તેમણે વિપુલ અમૃતલાલ શાહ, જે આ ફિલ્મનાં પ્રોડ્યુસર છે તેમને 'પૈસાનાં લાલચુ' વ્યક્તિ ગણાવ્યા છે. અનુરાગનું કહેવું છે કે આ એક પ્રોપેગેન્ડા મુવી છે અને સમાજમાં ભાગલા પાડવા માટે બનાવવામાં આવી છે.

ચાલો, અહીં સુધી તો માની લઈએ કે અનુરાગને પોતાનું મંતવ્ય આપવાનો જે અધિકાર છે તેનો ઉપયોગ તેમણે કર્યો છે, પરંતુ હાલમાં જ તે 'ધુરંધર'નાં એમ કહીને વખાણ કરી ચૂક્યા છે કે પ્રોપેગેન્ડા મુવી હોય તો શું થઇ ગયું? મુવી તો સારી કે ખરાબ એમાંથી એક જ હોવાની! વાહ રે અનુરાગ કશ્યપ વાહ! જ્યાં તમને તમારી ઈમેજ સેટ થતી હોય ત્યાં એક વાત કહેવાની. જ્યાં તમારો એજન્ડા સેટ થતો હોય ત્યાં બીજી! પણ બાય ધ વે, તમે તો બોલિવૂડને બાય બાય કહીને સાઉથમાં સેટલ થવા ગયાં હતાં ને? તો પછી બોલિવૂડી ફિલ્મ પર પ્રતિભાવ આપવાનું રહેવા દીધું હોત તો?

## ફિલ્મો વત્તા જાહેરાતોથી રેલવેને બખ્ખાં!



ફિલ્મો અને એડમાં ટ્રેનને જોઈએ તો તેની એક અલગ જ મજા આવતી હોય છે. એવું નથી કે જૂનાં જમાનામાં સાચુકલી ટ્રેનમાં શૂટિંગ નથી થયાં, પરંતુ જ્યારથી 'વંદે ભારત' જેવી પ્રીમિયમ ટ્રેન આવી છે ત્યારથી રેલવે ડીપાર્ટમેન્ટનાં ખિસ્સાં ખાસ્સાં એવાં ગરમ થયાં છે. એક રેલવે અધિકારીનાં જણાવ્યાં અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં ફક્ત પશ્ચિમ રેલવેએ પોતાની વિવિધ ટ્રેન અને સ્ટેશનોને શૂટિંગ માટે ઉપયોગમાં લેવા દઈને રૂપિયા સવા કરોડ જેટલી કમાણી કરી છે.

આ અધિકારીનું કહેવું છે કે હવે ફિલ્મ નિર્માતાઓ માટે 'વંદે ભારત'માં શૂટિંગ કરવું એ પ્રાયોરીટી બની ગયું છે. શુજીત સરકારની એક ફિલ્મનું હાલમાં જ આ પ્રીમિયમ ટ્રેનમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પશ્ચિમ રેલવેની અન્ય પ્રોપર્ટી પર પણ શૂટિંગનું ચલણ વધ્યું છે. 'રાજશ્રી'ની આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' જેમાં આયુષ્માન ખુરાના અને શર્વરી મુખ્ય ભૂમિકામાં છે,

તેનું શૂટિંગ ગોરેગાંવ સ્ટેશન પર થયું હતું. તો જ્હોન અબ્રાહમની 'મારિયા આઈપીએસ'નું શૂટિંગ મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને થઇ ગયું છે.

હાલમાં જ રિલીઝ થયેલી 'ઓ રોમિયો'માં પણ ટ્રેનના દૃશ્યો ફિલ્માવવામાં આવ્યાં છે. આશા કરીએ કે આવનારાં વર્ષોમાં ટ્રેનમાં જ કોઈ થ્રિલર ફિલ્મ જોવા મળે જે બધાં સાથે બેસીને જોવાલાયક હોય.

**કટ એન્ડ ઓકે..**

*ફરહાન અખ્તર અને રણવીર સિંહનાં ચાલીસ કરોડનો મામલો હવે કોર્ટમાં જશે. પ્રોડ્યુસર્સ ગિલ્ડે પોતાનાં હાથ ઊંચા કરી દેતાં ફરહાનને આવી સલાહ આપી હોવાના તાજા સમાચાર છે.*



ફરહાન

ફિલ્મનામા
નરેશ શાહ

# એકલા-એકલા જોવા જેવી વેબસિરીઝ

## ‘અપહરણ’ ને ‘અનદેખી’ કરવા જેવી નથી!

અખબારોની પૂર્તિમાં આવતી ‘સેક્સ-સમસ્યા’ઓની કોલમ જેમ ચર્ચ્ચા વગર, ઉડતી નજરે વંચાતી હોય છે. આમ જુઓ તો આ પણ એવી જ વાત છે. આવી કોલમને કારણે કંઈ આપણે અખબાર બંધ કરાવી દેતાં નથી તેમ ઓટીટી પ્લેટફોર્મ પર એવી કેટલીય વેબસિરીઝ છે કે જે સપરિવાર તો નહીં, સજોડે બેસીને જોવામાં પણ કદાચ, રુચિ ન જાગે. એને એકલાં-એકલાં જ વધુ ‘એન્જોય’ કરી શકાય.

ફરી એકવાર તમારી ધારણા ખોટી પાડવાની કે આપણે કોઈ X- રેટેડ વેબસિરીઝની વાત કરતાં નથી અને કરવાના નથી. આ એકદમ રિયાલિસ્ટીક એપ્રોચ અને તળપદા અને રિઅલ ટોનમાં જ ફિલ્માવાતી ગેંગસ્ટરો અને ગેંગવોરની વેબસિરીઝની વાત થઈ રહી છે. સેક્રેડ ગેમ્સ, બિચ્છુ કા ખેલ, જામતારા, ભૌકાલ, ક્રિમીનલ જસ્ટિસ, રંગબાઝ... જેવી અનેક વેબસિરીઝની એક નહીં, બે-બે અને અભય જેવી સિરીઝની ત્રણ-ત્રણ સિઝન ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થઈ ચૂકી છે. તેમાં ક્યાંક જુગુપ્સા જગાવે તેવાં સેક્સ દશ્યોનો સમાવેશ થયો છે પણ વાસ્તવિક દશ્યો બનાવવા અને પાત્રોનું સાચુકલાપણું બયાન કરવા માટે તેમાં અપશબ્દો (ભુંડા બોલી- ગાળો)નો ય ભરપૂર ઉપયોગ થતો હોય છે, જે ચાર દોસ્તો કે સમવયસ્ક અને સમ-મિજાજ બહેનપણીઓ સિવાય અન્ય સાથે જોવામાં અનકમ્ફર્ટેબલ થઈ જવાય.

બેબાક જબાન અને મિજાજને છલકાવતી છતાં જોયા પછી કે જોતાં દરમિયાન મનોરંજનનો તડકો બરાબર લાગે, એવી બે વેબિસિરીઝની આજે અહીં હાઈલાઈટસ આપવી છે. અનદેખી (બે સિઝન) અને અપહરણ (બન્ને સિરિઝ)નામની આ બન્ને સિરિઝને પ્રતિષ્ઠિત ગણાતી આઈએમડીબી (ઈન્ટરનેટ મૂવી ડાટા બેઈઝ) પર તેને (દશમાંથી) સાડા આઠથી વધુ પોઈન્ટના રેટિંગ્ઝ દર્શકો તરફથી અપાયા છે, એટલે યાદ રાખવું કે, એ વેબસિરિઝને ફાલતુ ગણી લેવામાં આપણી જ ના-સમજી છે!







### અનદેખી:

મનાલીના માથાભારે અટવાલ ફેમિલીના લગ્ન પ્રસંગમાં એક ડાન્સરનું, દારૂના નશામાં પરિવારના મુખિયા પાપાજીથી હત્યા થઈ જાય છે, લગ્નનું વીડિયો રેકોર્ડિંગ કરી રહેલાં કેમેરામાં એ ફુટેજ શૂટ થઈ જાય છે અને પછી...

સોની લીવ પર સ્ટ્રીમ થયેલી ‘અનદેખી’ સિરીઝની બન્ને સિઝનમાં આ એક જ હત્યાની ઘટના પછીના પડછાયાંનો ઘટનાક્રમ દર્શાવાયો છે અને એ એટલો ઈન્ટરેસ્ટિંગ છે કે બન્ને સિઝન જોઈ ચૂકેલાં તેની નેકસ્ટ સિઝનની રાહ જોઈ રહ્યાં છે. હિંસા, ગાળાગાળી, ટ્વિસ્ટ એન્ડ ટર્ન્સ અને નિર્દય અટવાલ ફેમિલી, જીવ બચાવવા મથતી વીડિયો કેમેરાની ટીમ, બદલો લેવા આતુર મૃતક ડાન્સરની બહેન, બંગાલી પોલીસ અધિકારીની તપાસ અને અટવાલ ફેમિલીને ધિક્કારતી નવપરિણીત પુત્રવધૂ (જેના વિવાહમાં જ મર્ડર થયેલું)ના દાવપેચ... પુખ્ત લેવલનું કહી શકાય એવા મનોરંજનનું આ વેબસિરીઝમાં નશીલું કોકટેલ છે, પણ આ બધામાં શિરમોર આપણા ગુજરાતી એક્ટર હર્ષ છાયાએ પંજાબી પિયક્કડ પાપાજીનું ભજવેલું પાત્ર છે. હર્ષ છાયાએ ભજવેલું આ કિરદાર ખરેખર એવોર્ડ વિનર ગણી શકાય એવું સશક્ત છે. ‘અનદેખી’ હર્ષ છાયા માટે પણ જોવું રહ્યું.

### અપહરણ:

‘વુટ સિલેક્ટ’ પર સ્ટ્રીમ થયેલી અપહરણ (સબ કા કટેગા)ની બન્ને સિઝનમાં થીમ અપહરણની છે, પણ બન્નેમાં કિસ્સા અને લોકલ અલગ છે. પહેલી સિઝનમાં હરિદ્વારનો અપહરણ સ્પેશ્યાલિસ્ટ રૂદ્ર શ્રીવાસ્તવ એક શ્રીમંતની પુત્રીનું અપહરણ કરે છે, પરંતુ ડગલે ને પગલે તેમાં ઊંધુંચતું થતું રહે છે. અપહરણના એ કિસ્સાની પૂર્ણાહુતિ પછી રૂદ્ર શ્રીવાસ્તવ અને તેની પત્ની રંજના વચ્ચેના સંબંધમાં ખટાશ આવી ગઈ છે અને રંજના ડ્રગ્ઝના રવાડે ચડી જાય છે અને અહીંથી શરૂ થતી બીજી સિઝનમાં રો-ઓફિસર બ્લેકમેઈલ કરીને, પરાણે રૂદ્ર શ્રીવાસ્તવને એક અન્ય ગેંગસ્ટરનું અપહરણ કરવા માટે સર્બિયા મોકલે છે, જ્યાં તેની સાથે નવી ઓળખ માટે નકલી પત્ની પણ હોય છે અને...

‘અપહરણ’ સિરિઝની બન્ને સિઝન રૂદ્ર શ્રીવાસ્તવના નેરેશન સાથે આગળ વધે છે. અંગ્રેજીમાં શૂન્ય એવા રૂદ્ર (અભિમન્યુ સિંહ)ના મિજાજ હંમેશાં ગરમ તાવડા જેવો રહે છે, જેમાં ધાણી ફૂટે તેમ અવિરત ગાળોની બૌછાર વહેતી રહે છે. અપશબ્દોનું આ લઝીઝ આવરણ ‘અપહરણ’ની એવી સ્ટ્રોંગ ઓળખ છે કે એપિસોડના અંતે આવતાં ટાઈટલ્સ વખતના ગીતમાં પણ તેની જ રમઝટ છે. બેશક, અપશબ્દોમાંથી પણ રમૂજનો ધોરિયો કેમ ફૂટે, એ ડાયલોગ રાઈટર વરુણ બડોલાએ ‘અપહરણ’માં દેખાડ્યું છે. માત્ર આ ડાયલોગ અને અપશબ્દોસભર નેરેશન માટે પણ ‘અપહરણ’ જોવી પડે એટલી રસપ્રદ છે જ, જો કે આ ઉપરાંત અભિમન્યુ સિંહ ઉપરાંત દુબેજી બનતા સાનંદ વર્મા (જે હવે નપુંસક બની ગયો છે) અને હસી પડાય તેવી રીતે ગાળો બોલતી ગિલ્લોરી (સ્નેહીલ દીક્ષિત મહેરા) માટે પણ ‘અપહરણ’ જોઈ લેશો તો સરપ્રાઈઝ પેકેટ તરીકે જમ્પિંગ જેક જીતેન્દ્રય બોનસમાં જોવા મળશે!■

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (૧૫૧)


**અમિતાભ બચ્ચનનો અવાજ સૂત્રધાર તરીકે આ કલાકારોની કઈ ફિલ્મમાં હતો એ જાણો છો?**

૧) અર્શદ વારસી - નમ્રતા શિરોડકાર
૨) રાજેશ ખન્ના - જયા ભાદુરી
૩) અક્ષય કુમાર - રાધિકા આપ્ટે
૪) ઉત્પલ દત્ત - સુહાસીની મુલે
૫) આમિર ખાન - ગ્રેસી સિંહ
૬) હૃતિક રોશન - પ્રિયંકા ચોપરા
૭) મનોજ બાજપાઈ - જુહી ચાવલા

## ક્વિઝ (૧૫૨)

**આ ફિલ્મોમાં ‘ખ્વાબ’ શબ્દ ગીતની પહેલી પંક્તિમાં આવે એવું ગીત જાણો છો?**

૧) દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે
૨) તીન દેવિયા
૩) બુઢા મિલ ગયા
૪) સિલસિલા
૫) ઘર
૬) જાગતે રહો
૭) મધુમતી




જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

---

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# તૃપ્તિ ડિમરી

## બહુ ઓછાં સમયમાં ત્રણ-ત્રણ બ્લોક બસ્ટર ફિલ્મમાં અભિનય

ઉત્તરાખંડના ચમૌલીમાં વસનારા પણ પછી દિલ્હી શિફ્ટ થઈ ગયેલા મિનાશ્રી અને દિનેશ ડિમરીને ત્યાં ૨૩ ફેબ્રુઆરી ૧૯૯૪ના જન્મેલી તૃપ્તિ ડિમરીએ બહુ ઓછા સમયમાં બોલીવૂડમાં નામના મેળવી લીધી છે અને તે એક પછી એક બ્લોક બસ્ટર ફિલ્મોમાં અભિનય કરી રહી છે.

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધાં પછી તૃપ્તિ અરબિંદો કોલેજમાંથી સાયકોલોજી સાથે સ્નાતક થઈ છે અને તેણે ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટ ઑફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ)માંથી અભિનયની તાલીમ મેળવી છે.

૨૦૧૭માં તેને પહેલી ફિલ્મ મળી અને હજી ફિલ્મ દુનિયામાં તેને ૧૦ વર્ષ પણ થયાં નથી ત્યાં ‘એનિમલ’, ‘ભૂલભૂલૈયા-થ્રી’ અને ‘ઓ’રોમિયો’ જેવી ત્રણ - ત્રણ બ્લોક બસ્ટર ફિલ્મમાં અભિનય કર્યો છે. અભિનય કારકિર્દીની પ્રથમ ફિલ્મમમાં તૃપ્તિને શ્રીદેવી જેવી પ્રતિષ્ઠિત અભિનેત્રી સાથે કામ કરવાની તક મળી હતી. આ ફિલ્મમાં તેની ભૂમિકા સહાયક અભિનેત્રી જેવી હતી.

‘મોમ’ નામની આ ફિલ્મ ૨૦૧૭માં આવી હતી અને શ્રીદેવીની સાથે જ તૃપ્તિ ડિમરીના અભિનયના વખાણ થયા હતા. એ જ વર્ષે એટલે કે ૨૦૧૭માં તેની બીજી ફિલ્મ આવી ‘પોસ્ટર બોયઝ.’ તેમાં તેની સાથે સની દેઓલ, બોબી દેઓલ અને શ્રેયસ તળપદે હતા. જોકે, આ ફિલ્મને બોકસ ઓફિસ પર જોઈએ એવી સફળતા મળી નહોતી. આ ફિલ્મમાં તે શ્રેયસ તળપદેની હીરોઈન બની હતી.

‘પોસ્ટર બોયઝ’માં તૃપ્તિના અભિનયના વખાણ પણ થયા હતા. ૨૦૧૮માં અવિનાશ તિવારી સાથેની તેની ફિલ્મ ‘લૈલા મજનૂ’ રિલિઝ થઈ હતી. આ ફિલ્મમાં પણ તૃપ્તિના અભિનયના વખાણ થયા હતા, પણ તૃપ્તિને બોકસ ઓફિસ પર જોઈએ એવી સફળતા મળતી નહોતી.

જોકે, તૃપ્તિને આશા હતી કે એક દિવસ હિન્દી ફિલ્મોમાં તેને સફળતા જરૂર મળશે. ૨૦૨૦માં અન્વિતા દત્તની ફિલ્મ ‘બુલબુલ’ રજૂ થઈ, જે ફિલ્મમાં ડિમરીનો અભિનય ખૂબ વખણાયો હતો. અનુષ્કા શર્માના આ ભાઈ કાર્નેશ શર્મા નિર્મિત આ એક સુપર નેચરલ ફિલ્મ હતી એ વખતે કાર્નેશ સાથે એના રોમેન્ટિક સંબંધોની વાત બહુ ચગી હતી...



૨૦૨૨માં તૃપ્તિ ડિમરીએ ફરી અન્વિતા દત્ત સાથે ફિલ્મ કરી. આ ફિલ્મ સીધી જ ઓટીટી પર રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મમાં તૃપ્તિએ પાર્શ્વગાયિકાની ભૂમિકા કરી હતી. આ ફિલ્મ ‘કલા’માં પણ એ છવાઈ ગઈ. આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૨૩માં તેની વધુ એક ફિલ્મ રિલીઝ થઈ અને એ ફિલ્મ હતી રણબીર કપૂર સાથેની ‘એનિમલ’. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખૂબ જ ચાલી તેનું મુખ્ય કારણ ફિલ્મના તેના ‘બિન્ધાસ્ત’ દશ્યો. આ ફિલ્મથી તેની ‘ગ્લેમર ગર્લ’ તરીકેની છાપ પણ ઊભી થઈ. ‘ગ્લેમર ગર્લ’ કરતાં પણ તેની છાપ બિન્ધાસ્ત હિરોઈન તરીકેની ઊભી થઈ અને આ ‘હોટ’ અભિનેત્રીને ત્યાર પછી પાછળ ફરીને જોવાનો સમય જ નથી મળ્યો. તૃપ્તિ ડિમરી એક ‘હોટ’ અભિનેત્રી તરીકે ‘ફેમસ’ થવા લાગી. ૨૦૨૩માં જ તેની ‘બેડ ન્યૂઝ ટુ’ અને ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’ નામની ફિલ્મ આવી.

અહીં સુધી બધું ઠીક હતું પણ ૨૦૨૪માં આવી ‘ભૂલભૂલૈયા-થ્રી’ જેમાં માધુરી દીક્ષિત, વિદ્યા બાલન, કાર્તિક આર્યન અને તૃપ્તિ ડિમરીની મુખ્ય ભૂમિકા હતી. કાર્તિક આર્યન સાથે તૃપ્તિના દશ્યોએ બોકસ ઓફિસ છલકાવી દીધી હતી.

આ ફિલ્મે તૃપ્તિને ટોચની અભિનેત્રીની લાઈનમાં જગ્યા આપી દીધી. ત્યારબાદ તૃપ્તિની ‘ધડક-ટુ’ આવી. ફિલ્મમાં હીરો સિદ્ધાંત ચતુર્વેદી હતો. આ ફિલ્મ પણ બોકસ ઓફિસ પર પટકાઈ ગઈ. તૃપ્તિની કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકવાની વાતો ચાલતી હતી, ત્યાં જ આવી વિશાલ ભારદ્વાજની ફિલ્મ ‘ઓ’ રોમિયો.’

આ ફિલ્મથી તૃપ્તિ ફરી ટોચના લેવલમાં પહોંચી ગઈ. હવે તેની આગામી ફિલ્મ પ્રભાસ સાથેની ‘સ્પીરીટ’ છે. આ એક મલ્ટિસ્ટારર ફિલ્મ છે, પણ તૃપ્તિ તેમાંથી બધા કરતાં અલગ પડી જાય છે. આ ફિલ્મે પણ ખૂબ જ ઓછા સમયમાં સારી એવી કમાણી કરી લીધી છે.

‘સ્પીરીટ’ પછી માધુરી દીક્ષિત સાથેની તેની કોમેડી ફિલ્મ ‘મા બહેન’ રિલીઝ થવાની છે. જે કદાચ ઓટીટી પર જ સીધી રિલીઝ થશે.

બહુ જ ઓછા સમયમાં એટલે કે માત્ર નવ-દશ વર્ષની કારકિર્દીમાં ત્રણ-ત્રણ બ્લોક બસ્ટર ફિલ્મમાં અભિનય કરનારી તૃપ્તિની કારકિર્દીની ગાડી હવે બરાબર જામી ગઈ છે એમ કહી શકાય. આમ પણ આ અભિનેત્રી ફિલ્મોની પસંદગી ખૂબ જ સમજી વિચારીને કરે છે એટલે તેને સફળતા મળતાં કોઈ અટકાવી શકે એમ નથી.

તૃપ્તિ ડિમરી અત્યારે ગોવાના એક બિઝનેસમેન સેમ મર્ચન્ટને ‘ડેટ’ કરી રહી હોવાની વાતો ખૂબ જ ચગી છે. હાલમાં જ તૃપ્તિએ પોતાનો ૩૨મો જન્મદિવસ ઉજવ્યો ત્યારે સેમ મર્ચન્ટ પણ ત્યાં હાજર હતો. ■

---

ટૂંકું ને ટચ
ડી.જે. નંદન

### બોલિવૂડમાં રણબીર કપૂરનાં ૨૦ વર્ષ

# સુપરસ્ટાર સાથે સુપર એક્ટર બનવાની કોશિશ

સાલ ૨૦૦૭માં ફિલ્મ ‘સંવારિયા’ આવી હતી અને એની સાથે બોલિવૂડની નંબર એક ફેમિલીની ચોથી પેઢીના રૂપમાં રણબીર કપૂરનું ડેબ્યુ થયું હતું. આ કપૂર ખાનદાની ચોથી પેઢી હતી. એ તો દેખીતું છે કે તેના પર શરૂઆતથી જ ભાવિ સુપરસ્ટારની આશા મંડાયેલી હતી. રણબીર કપૂર ખાનદાનનો વારસો, બહેતર ટ્રેનિંગ અને સુપર રોમાન્ટિક હીરો તેમ જ આર્ટ હાઉસ અભિનેતાનો ઢાંચો ધરાવે છે. આ જ કારણ છે કે તની પહેલી ફિલ્મ અસફળ રહી. જોકે રણબીરની અભિનય ક્ષમતા અને એની ચુંબકીય પર્સનાલિટી અંગે કોઈને શંકા નહોતી. ત્યાર બાદની ફિલ્મ ‘બચના એ હસીનો’, ‘વેકઅપ સિડ’ અને ‘અજબ પ્રેમ કી ગજબ કહાની’ જેવી ફિલ્મોએ પુરવાર કરી આપ્યું હતું કે તે ફક્ત સ્ટારકિડ નથી, પરંતુ એક ઉત્કૃષ્ટ અભિનેતા પણ છે. સાલ ૨૦૦૯માં ‘વેકઅપ સિડ’માં તેણે શહેરી યુવાનોની સમસ્યાને ઉજાગર કરી. સાલ ૨૦૧૧માં ‘રોક સ્ટાર’માં ઝનૂની કલાકરનો અભિનય કર્યો હતો જે તેનો માઈલસ્ટોન બન્યો હતો. ત્યાર બાદ રણબીર કપૂરે ખાનદાનનો વારસો જાળવી રાખ્યો.



હકીકતમાં રણબીરના પરદાદા પૃથ્વીરાજ કપૂર થીયેટરના સ્તંભ હતા. તેમના દાદા રાજ કપૂર બોલિવૂડના શો મેન હતા. તેના પિતા ઋષિ કપૂર તેના જમાનાના સૌથી રોમાન્ટિક હીરો હતા. પછી તેઓ કેરેકટર એક્ટર બન્યા હતા. આ વારસાને આગળ વધારવાનો બોજો રણબીરે સારી રીતે ઉપાડ્યો. રણબીર કપૂરની સફળ કારકીર્દિ બે ધારામાં આગળ વધે છે. તેણે ‘રોક સ્ટાર, ‘બરફી’, ‘તમાશા’ અને ‘સંજુ‘ જેવા ફિલ્મોમાં શાનદાર અભિનય કર્યો. બીજી બાજુ ‘યે જવાની હૈ દીવાની’ ‘ અજબ પ્રેમ કી ગજબ કહાની’ અને ‘એનિમલ’ જેવી ફિલ્મ માસ એન્ટરટેનર રહી અને એમાં રણબીર છવાઈ ગયો. તેની ફિલ્મ આસાનીથી ૧૦૦ કરોડ કલબનો ભાગ બની જાય છે અને તેનો અભિનય દર્શકોને મંત્રમુગ્ધ કરી નાખે છે. ‘યે જવાની હૈ દીવાની’ ફિલ્મે ૨૦૧૩માં ૨૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. ‘સંજુ’ ફિલ્મે ૨૦૧૮માં ૩૪૦ કરોડ રૂપિયાથી વધારેનો ધંધો કર્યો. ‘એનિમલ’ ફિલ્મે આખી દુનિયામાં ૯૦૦ કરોડ રૂપિયાથી વધારેનો બિઝનેસ કર્યો. આ આંકડા સિદ્ધ કરે છે કે તે પ્રતિભાશાળી અભિનેતા જ નહીં, પરંતુ પેન ઈન્ડિયા સુપરસ્ટાર પણ છે.

રણબીર અભિનેતા અને સુપરસ્ટાર જેવી બે ધારાઓમાં પોતાનું વજૂદ બનાવ્યું છે. તે જોખમી પ્રયોગ કરતા અચકાતો નથી. તેની ‘બેશર્મ’ અને ‘બૉમ્બે વેલવેટ’ અસફળ ફિલ્મ રહી. જોકે આ ફિલ્મમાં તેના અભિનયની સરાહના થઈ. મહત્ત્વની વાત એ છે કે અસફળતાની ચિંતા કર્યા વિના તે અખતરા કરતો રહે છે. ભવિષ્યમાં પણ તેના પ્રયોગોની નવી તાસીર જોવા મળશે. એક તરફ તેણે ‘એનિમલ’ જેવી ઝનૂની ફિલ્મ પણ કરી. તેની આગામી ફિલ્મમાં તે મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના રોલમાં આવવાનો છે. જોવાનું એ છે કે તેના ચાહકો બે અલગ અલગ પ્રવાહના અભિનયને પચાવી શકશે કે નહીં. તેમના અભિનયની વિશ્વસનીયતા એ છે કે તેનો કેરિયર ગ્રાફ ન તો તીરની જેમ ઉપર ગયો છે અને ન તો તે દુર્ઘટનાગ્રસ્ત વિમાનની જેમ નીચે આવ્યો છે. તેનો કેરિયર ગ્રાફ પહાડ જેવો રહ્યો છે, જેમાં ચડાણ, ઢાળ અને ઊંચાઈ બધું જોવા મળે છે.

હકીકતમાં તેના બે દસકાની અભિનય સફરે સાબિત કર્યું છે કે તે કપૂર ખાનદાનના વારસાને આગળ વધારનાર પર્સનાલિટી છે. તેણે અભિનય અને સ્ટારડમ વચ્ચે એક સેતુ બનાવ્યો છે જે દરેક એક્ટરના વશની વાત નથી. તેણે એક મજબૂત ફેન બેઝ બનાવ્યો છે અને મોટા બજેટના નિર્માતા તેના પર વિશ્વાસ રાખે છે.

રણબીર કપૂરની બોલતી આંખો અને સાહજિક બોડી લેન્ગવેજ સંવાદો સાથે દર્શકોને જોડે છે અને એ જ પ્રમાણે તેનુ મૌન પણ ચાહકોને મંત્રમુગ્ધ કરે છે. ■

---

OTTનું હોટસ્પોટ

# ૨૭/૦૨/૨૬ થી ૬/૦૩/૨૬ સુધી...

## ટી-૨૦ વિશ્વ કપની સુપર એઈટ મેચો, સેમિ-ફાઈનલ ને ફાઈનલ




ટી-૨૦ વિશ્વકપનું ફાઈનલ કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ભારત સેમિફાઈનલ સુધી પહોંચશે? કઈ રીતે? એની અટકળો ચાલી રહી છે. સાથે જ સેમિ-ફાઈનલ અને ફાઈનલ મેચનો રોમાંચ તો હજી બાકી જ છે. તો એની સાથે જ ફેબ્રુઆરી મહિનાના અંતમાં અને માર્ચની શરૂઆતમાં ઓટીટી પ્લેટફોર્મ પર ક્યાં કઈ સિરીઝ કે ફિલ્મો રજૂ થવાની છે તેનાં પર એક નજર નાખીએ.

*** જિયો હોટસ્ટાર:**

અહીં ૨૬ ફેબ્રુઆરીથી સૂરજ બડજાત્યા નિર્મિત સીરીઝ ‘સંગમરમર’ રજૂ થવાની છે, જે એક અનોખા પ્રકારની લવસ્ટોરી છે. આ સિવાય ૨૮ ફેબ્રુઆરીએ હોલિવૂડની સુપરનેચરલ હોરર ફિલ્મ ‘બ્લેક ફોન-પાર્ટ-ટુ’ તમને ડરાવવા આવી રહી છે.

*** એમેઝોન પ્રાઈમ:**

ચોથી માર્ચે ‘યંગ શેરલોક’ નામની સીરીઝ શરૂ થઈ રહી છે અને પાંચમી માર્ચથી ‘સુબેદાર’ નામની હિન્દી સીરીઝ ચાલુ થઈ રહી છે.

*** નેટફ્લિક્સ:**

આ પ્લેટફોર્મ પર અત્યારે રણવીર સિંહની મલ્ટિસ્ટારર ફિલ્મ ‘ધૂરંધર’ છવાઈ ગઈ છે. અહીં ૨૭ માર્ચે કોંકણા સેન-શર્મા અભિનીત સિરીઝ ‘એકયુઝ્ડ’ શરૂ થઈ રહી છે. છ માર્ચે અહીં ‘હેલો બચ્ચો’ નામની સિરીઝ શરૂ થવાની છે.

*** ઝી ફાઈવ:**

અહીં ૨૮ ફેબ્રુઆરીએ ‘અંધા પ્યાર’ નામની સિરીઝ શરૂ થવાની છે અને છ માર્ચે ‘જબ ખુલી કિતાબ’ નામની સિરીઝ ચાલુ થઈ રહી છે.

*** એમેઝોન - એમએક્સ પ્લેયર:**

અહીં અત્યારે ‘બિંદિયા કે બાહુબલી’ ખૂબ ધૂમ મચાવી રહી છે. ૨૫ ફેબ્રુઆરીના રવિ કિશન અને તેજસ્વી પ્રકાશ અભિનીત ‘સાઈકો સૈયાં’ રજૂ થશે. ■

# વિજય-રશ્મિકા પરણી ગયાં



સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પોપ્યુલર, પાવરફુલ અને ક્યુટ કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા લાંબા સમય સુધી ડેટિંગ કર્યા બાદ ગઈ કાલે ફાઈનલી સાત ફેરા લેવા જઈ રહ્યું છે. જોકે, આ બધા વચ્ચે બુધવારે કપલની હલ્દી સેરેમનીના ફોટો અને વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ ફોટો જોતાં એવું લાગી રહ્યું છે કે જાણે હલ્દી સેરેમની નહીં પણ હોલી પાર્ટી હોય જાણે. પોપ્યુલર એક્ટર વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ ગઈ કાલે સવારે રાજસ્થાનના ઉદયપુર ખાતે એક પ્રાઈવેટ વેડિંગ સેરેમનીમાં લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ ગયું છે. મળી રહેલી માહિતી અનુસાર વિજય અને રશ્મિકાના લગ્ન ખૂબ જ ખાસ રીતે યોજાયા હતા. ૨૬મી ફેબ્રુઆરીના રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ સવારે તેલુગુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કરી લીધા છે અને સાંજે કપલ આ નવદંપતી કન્નડ પરંપરા મુજબ ફરી એકવાર લગ્નગ્રંથિથી જોડાયું હતું. ■

# ન.મો.ની તોલે કોઈ નહીં: ઈન્સ્ટાગ્રામ પર અધધધ ૧૦ કરોડ ફોલોઅર્સ છે

## આટલી મોટી સંખ્યામાં ફોલોઅર્સ ધરાવતા એક માત્ર વૈશ્વિક નેતા : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પથી બમણા છે ફોલોઅર્સ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈતિહાસ રચ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ ફોલોઅર્સનો ઐતિહાસિક આંકડો પાર કરનારા તેઓ પ્રથમ રાજનેતા બન્યા છે. છેલ્લા એક દાયકામાં તેમનું અકાઉન્ટ વૈશ્વિક નેતાઓમાં પણ લોકપ્રિય થયું છે. વડા પ્રધાન મોદીના ઇન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી બમણી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૪માં ઈન્સ્ટાગ્રામમાં જોડાયા હતા અને એક દાયકામાં તેમનું અકાઉન્ટ વિશ્વમાં સૌથી વધુ ફોલો કરવામાં આવતાં રાજકીય પ્રોફાઈલમાં સામેલ થઈ ગયું છે.

ઇન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સના મામલે ટ્રમ્પ ૪.૩૨ કરોડ ફોલોઅર્સ સાથે બીજા સ્થાન પર છે. તેમની પછી ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબાવો સુબિયાંતો ૧.૫ કરોડ ફોલોઅર્સ સાથે ત્રીજા, બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ ૧.૪૪ કરોડ ફોલોઅર્સ સાથે ચોથા, તૂર્કીના રાષ્ટ્રપ્રમુખ ૧.૧૬ કરોડ ફોલોઅર્સ સાથે પાંચમા ક્રમે છે.

મોદીની ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ ફોલોઅર્સની પહોંચ વિશ્વભરના યુવાનો અને લોકોમાં તેમની લોકપ્રિયતા દર્શાવે છે. ભારતમાં પણ વડા પ્રધાન મોદી અન્ય રાજનેતાઓ કરતાં વધારે લોકપ્રિય છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ ૧૬૧ લાખ ફોલોઅર્સ સાથે બીજા ક્રમે છે. કોંગ્રસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ૧૨૬ લાખ ફોલોઅર્સ સાથે ત્રીજા ક્રમે છે. ■

# વાટાઘાટો પહેલાં રશિયાના યુક્રેન પર મોટા હવાઈહુમલા

કીવ : અમેરિકા અને યુક્રેનના એલચી પાંચમા વર્ષમાં પ્રવેશેલાં યુદ્ધનો અંત લાવવા જીનિવા ખાતે વધુ વાતચીત કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે રશિયાએ બુધવારે રાત્રે ૪૨૦ ડ્રોન અને ૩૯ મિસાઈલ વડે હુમલો કર્યો હતો. એવી માહિતી વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગુરવારે આપી હતી.

ઝેલેન્સ્કીએ વધુમાં માહિતી આપી હતી કે ૧૧ બેલિસ્ટિક મિસાઈલે યુક્રેનનાં આઠ રીજનમાં ઈન્ફ્રાસ્ટ્રકચર અને રહેણાંક વિસ્તારોને લક્ષ્ય બનાવ્યાં હતાં. આ હુમલામાં બાળક સહિત બારેક જણ ઘાયલ થયાં હતાં. જોકે સત્તાવાળાઓએ કેટલા લોકો ઘાયલ થયા એનો ચોક્કસ સત્તાવાર આકંડો આપ્યો નહોતો.

ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે મેં બુધવારે ફોન પર અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કરી હતી, અને તેમણે શાંતિ વાતચીતના પ્રયાસો માટે મારો આભાર માન્યો હતો. અમેરિકાની મધ્યસ્થીથી મોસ્કો અને કિવ વચ્ચે વાતચીત ચાલુ છે. આમાં મડાગાંઠ રશિયા જેના પર દાવો કરે છે એ યુક્રેનના ક્ષેત્રના ભાવિનો છે. (એજન્સી)■

# ભાજપ પશ્ચિમ બંગાળમાંથી એકેએક ઘૂસણખોરને બહાર કઢાશે: અમિત શાહ

અરરિયા (બિહાર): કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણી જીતશે અને રાજ્યમાંથી દરેક ઘૂસણખોરને બહાર કાઢશે, જે વસ્તી વિષયક પરિવર્તનથી સૌથી વધુ પ્રભાવિત રાજ્યોમાંનું એક છે. શાહે આ વાત બિહારના અરરિયા જિલ્લામાં કહી, જ્યાં તેમણે સશસ્ત્ર સીમા દળ (એસએસબી) માટેના ૧૭૫ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા અને રાષ્ટ્રને બે નવી સરહદ ચોકીઓ સમર્પિત કરી હતી.

ભાજપ સરકારની ટોચની પ્રાથમિકતા દેશમાંથી દરેક ઘુસણખોરને બહાર કાઢવાની છે, જે ફક્ત રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો નથી, પરંતુ તેઓ ભારતના લોકો માટેના કલ્યાણકારી લાભો પણ મેળવે છે, જેનાથી સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓનો પ્રભાવ ઓછો થઈ શકે છે, એમ તેમણે કહ્યું.

મોટા પાયે ઘૂસણખોરી સરહદી વિસ્તારોમાં અતિક્રમણનું કારણ પણ બને છે. અમે આને તોડી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ. ઘૂસણખોરી વસ્તી વિષયક પરિવર્તનનો ખતરો પણ ઉભો કરે છે, જે પ્રદેશની સંસ્કૃતિ અને ભૂગોળને પણ નુકસાન પહોંચાડી શકે છે, તેવું શાહે કહ્યું.

બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ વસ્તી વિષયક પરિવર્તનથી સૌથી વધુ પ્રભાવિત રાજ્યો છે. પશ્ચિમ બંગાળમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાવાની છે. અમને વિશ્વાસ છે કે ભાજપ ચૂંટણી જીતશે. અને, ઘૂસણખોરોને બહાર કાઢવા એ દરેક ભાજપ સરકારની ટોચની પ્રાથમિકતા છે, એમ તેમણે ભારપૂર્વક જણાવતા ઉમેર્યુ હતું કે, છેલ્લા દાયકાથી પશ્ચિમ બંગાળમાં ભાજપે પોતાનો પગપેસારો વધાર્યો છે અને તૃણમૂલ કોંગ્રેસ માટે મુખ્ય પડકાર તરીકે ઉભરી આવ્યો છે. ■

# અકસ્માતો ઘટાડવા સરકારનો માસ્ટર પ્લાનઃ ડ્રાઈવિંગ લાઈસન્સ માટે ગ્રેડ આધારિત સિસ્ટમ

નવી દિલ્હીઃ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને જવાબદાર ડ્રાઈવિંગને પ્રોત્સાહન આપવા સરકાર ટ્રાફિકના ચોક્કસ નિયમોનો ભંગ કરવા બદલ લાઈસન્સ રદ સહિત વધુ કડક જોગવાઈ સાથે ગ્રેડ આધારિત ડ્રાઈવિંગ લાઈસન્સ સિસ્ટમની યોજના બનાવી રહી છે.

રોડ, પરિવહન અને હાઈવે ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું હતું કે ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, ઑવર સ્પિડિંગ, ખોટી દિશામાં ડ્રાઈવિંગ અને ડ્રન્કન ડ્રાઈવિંગ જેવી બાબતોને કારણે દર વરસે થતાં અકસ્માતમાં દેશભરમાં ૧.૮ લોકો જીવ ગુમાવે છે. ઔદ્યોગિક સંસ્થા સીઆઈઆઈ દ્વારા દિલ્હીમાં યોજવામાં આવેલા રોડ સુરક્ષા અંગેના મેળાવડાને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે લોકોનું જીવન અતિ મૂલ્યવાન છે અને એટલે જ સરકાર રોડ સુરક્ષાને લઈને વિવિધ પગલાં લઈ રહી છે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરવા બદલ થતો દંડ સરકારે વધારી દીધો છે, પરંતુ સૌથી મોટો પ્રશ્ન તેના અમલનો છે એમ ગડકરીએ કહ્યું હતું. ડ્રાઈવરના ગુનાને ધ્યાનમાં રાખીને તેનું લાઈસન્સ છ મહિના માટે સસ્પેન્ડ કરી શકાશે, ગુનાનું પુનરાવર્તન કરનારનું લાઈસન્સ કાયમ માટે રદ કરી શકશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે જલદી જ અમે આ સ્કીમ લૉન્ચ કરીશું.

રોડની સુરક્ષા દેશનો અતિ મહત્ત્વનો મુદ્દો છે. ભારતમાં દર વરસે અંદાજે પાંચ લાખ અકસ્માતમાં ૧.૮ લાખ લોકો જીવ ગુમાવે છે. અકસ્માતમાં મૃત્યુ પામનારાંઓમાં સૌથી વધુ પ્રમાણ (૭૨ ટકા) ૧૮થી ૪૫ની વયજૂથના લોકોનું હોય છે. ૧૮થી ઓછી વયના ૧૦,૧૧૯ તો હેલ્મેટ ન પહેરવાને કારણે ૫૪,૧૨૨ લોકો દર વરસે અકસ્માતમાં મૃત્યુ પામે છે. (એજન્સી)■

# ભ્રષ્ટાચારના આરોપીને પદ્મભૂષણ શું કામ?: સરકાર પાસે જવાબ મગાયો

કોચીઃ એસએનડીપી યોગમ જનરલ સેક્રેટરી વેલ્લાપલ્લી નાટેશનને પદ્મભૂષણને પડકારતી જનહિતની અરજીને મામલે કેન્દ્ર સરકાર પ્રતિક્રિયા આપે, એમ કેરળ હાઈ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું. મુખ્ય ન્યાયાધીશ સૌમન સેન અને ન્યાયાધીશ શ્યામકુમાર વી. એમ.એ પણ નાટેશન, કેરળ સરકાર અને વિજિલન્સ ઍન્ડ એન્ટિ કરપ્શન બ્યૂરોને નૉટિસ પાઠવી આ મામલે કોલામસ્થિત ટ્રસ્ટની પ્રતિક્રિયા માગી હતી. ટ્રસ્ટનો દાવો છે કે ભ્રષ્ટાચારના અનેક કેસમાં આરોપી હોવાને કારણે નાટેશન દેશના ત્રીજા ક્રમાંકના સર્વોચ્ચ અવૉર્ડ ગણાતા પદ્મભૂષણ મેળવવા માટે પસંદગીને પાત્ર નહોતા. આ પ્રતિષ્ઠિત એવૉર્ડ પાત્ર ન હોય તેવી વ્યક્તિને આપવાથી આ પ્રકારના એવૉર્ડ પરથી જનતાનો વિશ્વાસ ઉઠી જશે, એમ અરજીમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)■

# ચૂંટણીમાં રાજકીય પક્ષના ખર્ચાઃ કેન્દ્ર, ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટે નોટિસ પાઠવી

નવી દિલ્હીઃ ચૂંટણી હેતુ માટે રાજકીય પક્ષો દ્વારા ખર્ચ પર ટોચમર્યાદા લાદવાની માગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે ગુરુવારે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી કેન્દ્ર સરકાર અને ચૂંટણી અધિકારીને નોટિસ પાઠવીને અરજી પર જવાબ માંગ્યો છે.

નોટિસ જારી કરો, જે ૨૭ એપ્રિલના રોજ પરત કરી શકાય, તેવું ખંડપીઠે જણાવ્યું હતું.

અરજદાર એનજીઓ ''કોમન કોઝ અને સેન્ટર ફોર પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન વતી એડવોકેટ પ્રશાંત ભૂષણ હાજર રહ્યા.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭(૧) હેઠળ વ્યક્તિગત ઉમેદવારો પર કડક મર્યાદા હોવા છતાં, રાજકીય પક્ષો પર કોઈ ખર્ચ મર્યાદાનો અભાવ, ચૂંટણી સ્પર્ધાઓમાં તકો ઊભી કરે અસમાન છે, જે બંધારણની કલમ ૧૪ હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૭૭(૧) ની સમજૂતી ૧(એ) ઉમેદવારની ચૂંટણીના સંદર્ભમાં રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલા મોટા ખર્ચને ધ્યાનમાં લીધા વિના કાનૂની કાલ્પનિક બનાવે છે, ભલે તે ખર્ચ સમાન ચૂંટણી હેતુને પૂર્ણ કરે, તેમાં કહેવામાં આવ્યું છે.■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मकसद | વ્યાકુળ |
| मक्कार | પણ |
| मगर | લાચાર |
| मजबूर | ફરેબી |
| मज़रूह | આશય |

### જાણવા જેવું

૧૩ વર્ષની ઉંમરે ઘરની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે મોડલિંગ શરૂ કર્યાં બાદ બિંદુને મોહન કુમારના 'અનપઢ'માં પ્રથમ વાર ફિલ્મોમાં કામ કરવાની તક મળી. 'કટી પતંગ'નો રોલ અને કેબ્રે સોન્ગ પછી એમની ખ્યાતિ ખાસ્સી વધી ગઈ. ૧૯૭૦ના દાયકામાં તેઓ અગ્રણી વેમ્પ તરીકે સ્થાપિત થઈ ગયાં હતાં.

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ચિત્રપટના ઈતિહાસમાં અલાયદું સ્થાન ધરાવતા નરેશ કનોડિયાએ કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જેસલ તોરલ
બ) કડલાની જોડ
ક) તારો સૂર મારું ગીત
ડ) પંખીડા ઓ પંખીડા

### નોંધી રાખો

જેમ્સ કેમરૂન દિગ્દર્શિત ૧૯૯૭ની જગવિખ્યાત 'ટાઈટેનિક' ફિલ્મ એ જ નામથી અલગ અલગ આઠ વખત બનાવવાના પ્રયાસ થયા છે.

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| | | ૯ | | | | | | ૧૦ | |
| ૧૧ | | | | | ૧૨ | ૧૩ | | | |
| | | | | | ૧૪ | | | ૧૫ | |
| ૧૬ | ૧૭ | | ૧૮ | ૧૯ | | | ૨૦ | | |
| | ૨૧ | | | | | ૨૨ | | | ૨૩ |
| ૨૪ | | | | ૨૫ | | | | | |
| | | ૨૬ | | | | | | ૨૭ | |
| | | ૨૮ | | | | ૨૯ | | | |

**આડી ચાવી**

૧ બંડ (૪)
૪ ફરક, તફાવત (૨)
૭ ---- થાબડવો = શાબાશી આપવી (૨)
૯ અંધાધૂંધીવાળુ (૪)
૧૦ ક્ષણ (૨)
૧૧ શૃંગારરસ (૪)
૧૨ દેવોના ગુરુ (૪)
૧૪ ચોક્કસ, જરૂર (૨)
૧૫ કાંઠો, કિનારો (૨)
૧૬ વિસ્તાર, ફેલાવો (૨)
૧૮ ---- લેવા જવું ને દોણી સંતાડવી (૨)
૨૧ સૂર્ય (૪)
૨૨ પરાધીન (૪)
૨૪ ચિઠ્ઠી, કાગળ (૨)
૨૫ હનુમાન (૪)
૨૭ કૃપા, કરુણા (૨)
૨૮ વિષ્ણુનું આયુધ (૨)
૨૯ રજાનો લેખી હુકમ (પરમીટ) (૪)

**ઊભી ચાવી**

૧ કવચ, લોખંડનો પોષાક (૪)
૨ રદ્દ કપડું, કપડાંનો ટૂચો (૨)
૩ ઝાડોમાં શ્રેષ્ઠ, મોટું ઝાડ (૪)
૫ દોરી (૨)
૬ ---- માં અક્કલ નહીં (૩)
૮ બત્રીસ જાતનો ----અને તેત્રીસ જાતનાં શાક (૪)
૯ નિર્વિકાર, રાગ રહિત (૩)
૧૦ પાપી (૩)
૧૩ ઘંટી, ઘાણી (૨)
૧૭ પાવન, શુદ્ધ (૩)
૧૮ કેફ, તોર, મિજાજ (૨)
૧૯ ઉનાળામાં ---- નું વેચાણ વધે (૪)
૨૦ રસ્તો (૩)
૨૨ શત્રુને હંફાવે એવું, અર્જુનનું એક નામ (૪)
૨૩ તંબૂ (૪)
૨૪ ---- પ્રમાણે સોડ તાણવી (૩)
૨૬ સાચને ---- નહીં (૨)
૨૭ ઔષધ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ વા | | ૨ નિ | ૩ શુ | લ્ક | | ૪ ખ | ૫ ત | ૬ રો |
| ૭ આ | બા | લ | વૃ | દ્ધ | | ૮ સ | ત | લ | જ |
| ૯ ના | રી | | તિ | | ૧૦ મ | ગ | | | રો |
| કા | | ૧૧ સ્મ | | ૧૨ રં | જા | ડ | | ૧૩ ત | જ |
| ૧૪ ની | ૧૫ ર | શા | યી | | ક | | ૧૬ આ | બા | |
| | ૧૭ વા | ન | | ૧૮ પા | | ૧૯ હ | સા | હ | ૨૦ સ |
| ૨૧ આ | બ | | ૨૨ સિ | ત | મ | | ન | | મા |
| જી | | | ૨૩ તા | ક | | ૨૪ સ | | ૨૫ સં | પ |
| ૨૬ વ | ૨૭ ર | ૨૮ તા | રો | | ૨૯ અ | ફ | લા | તૂ | ન |
| ૩૦ ન | વ | રું | | ૩૧ અ | મી | ર | | ર | |

### ઓળખાણ પડી?



ગુજરાતી નાટકો તેમ જ ચિત્રપટ ઉપરાંત ટીવી સિરિયલો અને હિન્દી ફિલ્મોમાં પ્રભાવ પાડનારા પ્રભાવી અભિનેતાની ઓળખાણ પડી?

અ) અજિત વાચ્છાની
બ) મહેશ દેસાઈ
ક) રાજીવ મહેતા
ડ) જયેશ મહેતા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં 'કેબ્રે ક્વીન' તરીકે અપાર ખ્યાતિ મેળવનારાં હેલને કઈ ફિલ્મમાં મદદરૂપ માતાનો રોલ કર્યો હતો એ જાણો છો?

અ) મન મંદિર બ) ઈન્કાર ક) અનામિકા ડ) લહુ કે દો રંગ

### માઈન્ડ ગેમ

હિન્દી ફિલ્મમાં હીરો - હિરોઈનની હાજરી હોય જ. કઈ ફિલ્મમાં હિરોઈન ગેરહાજર હતી એ આપેલા વિકલ્પોમાંથી શોધી જણાવશો?

અ) જ્વેલ થીફ બ) અ વેનસડે ક) હાથી મેરે સાથી ડ) ઝહરીલા ઈન્સાન

### સુડોકુ-૯૨૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૭ | | | | | ૪ | ૧ |
| ૩ | | | ૫ | | ૪ | ૨ | | |
| | | | | | | ૭ | | |
| ૫ | | | | ૬ | ૯ | | ૮ | |
| ૬ | | | | | | | | ૨ |
| | ૮ | | ૪ | ૩ | | | | ૬ |
| | | ૯ | | | | | | |
| | | ૮ | ૬ | | ૭ | | | ૪ |
| ૪ | ૬ | | | | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૩ | ૪ | ૧ | ૨ | ૫ | ૮ |
| ૪ | ૨ | ૧ | ૯ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૬ | ૪ | ૧ | ૯ |
| ૧ | ૮ | ૭ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૬ | ૩ | ૨ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૯ | ૫ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૪ | ૭ |
| ૭ | ૬ | ૪ | ૧ | ૫ | ૯ | ૮ | ૩ | ૨ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मंडी | બજાર |
| मंडूक | દેડકો |
| मंथर | સુસ્ત |
| मकड़ी | કરોળિયો |
| मकरंद | પરાગ |

**ગુજરાત મોરી મોરી રેઃ** અરવિંદ ત્રિવેદી

**ઓળખાણ પડી?** ધુમાલ

**માઈન્ડ ગેમ :** રેક્સ હેરિસન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** પરવાના

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા ખોના (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) પ્રવીણ વોરા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અરવિંદ કામદાર (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) વિજય આસર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) કિરીટ છેડા (૪૩) ચેતના છેડા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ડૉ. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ ઉદેશી (૫૧) જયવંત ચીખલ

ક્વિઝ ૧૫૧ જવાબ ૧) હિરો હિન્દુસ્તાની ૨) બાવરચી ૩) પેડમેન ૪) ભુવન શોમ ૫) લગાન ૬) ક્રિશ-૩ ૭) સ્વામી

ક્વિઝ ૧૫૨ જવાબઃ ૧) મેરે ખ્વાબો મેં જો આયે આકે મુજે છેદ.. ૨) ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત કોન હો... ૩) રાત કલી એક ખ્વાબ મેં આયી ઔર ગલે કા... ૪) દેખા એક ખ્વાબ તો યે સિલસિલે હુએ દૂર... ૫) ફિર વોહી રાત હૈં રાત હૈં ખ્વાબ કી રાત ભર.. ૬) ઝીંદગી ખ્વાબ હૈં ખ્વાબ મેં ઝૂઠ હૈં ક્યા... ૭) ટુટે હુએ ખ્વાબો ને હમકો યે સીખાયા હૈં...

# સુરતના હજીરામાં કામદારોએ તોફાને ચડીને વાહનો સળગાવ્યાંઃ પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ પ્લાન્ટમાં ભારે હોબાળો મચાવ્યો હતો. કંપનીમાં કામ કરતા લગભગ ૨૦૦૦ જેટલા કર્મચારી તોફાને ચડ્યા હતા. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે એલ એન્ડ ટીના કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ વિવિધ માગણીઓને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. કંપની દ્વારા કર્મચારીઓને શાંત કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ સ્થિતિ કાબૂમાં ના રહેતા પોલીસને જાણ કરવી પડી હતી. પોલીસે આ લોકોને શાંત કરવા લાઠીચાર્જ કરીને અને ૩૫ જેટલા ટિયરગેસના શેલ છોડ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પાણીપતમાં એલ એન્ડ ટી કામદારો સાથે ચાલી રહેલા વિવાદના વીડિયો વોટ્સ એપ પર વાઈરલ થયા બાદ સ્થિતિ વધારે વણસી હતી, જેના કારણે હજીરા ખાતેના કામદારોમાં ગુસ્સો ભડકી ઉઠ્યો હતો. આ આંદોલન ઝડપથી વકર્યું હતું, કેટલાક કામદારોએ કથિત રીતે વાહનોમાં તોડફોડ કરી હતી અને કેટલાકને આગ લગાવી દીધી હતી. ઓછામાં ઓછા ત્રણ અગ્નિશામક વાહનને નુકસાન થયું હોવાના અહેવાલ છે, જ્યારે ચાર ટુ-વ્હીલરને આગ ચાંપી દેવામાં આવી હતી. કંપનીના વરિષ્ઠ અધિકારીઓ કામદારોને શાંત કરવા અને ચર્ચા કરવા માટે સ્થળ પર દોડી ગયા હતા. જોકે, મોટી ભીડ દ્વારા અચાનક થયેલા ઉશ્કેરાટને કારણે પરિસરમાં થોડા સમય માટે અરાજકતા સર્જાઈ ગઈ હતી, કામદારો શરૂઆતમાં વાતચીત કરવા તૈયાર ન હતા, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. અસ્થિર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પ્લાન્ટમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ટોળાને વિખેરવા માટે, પોલીસે લાઠીચાર્જ કર્યો અને ૩૦ થી વધુ ટિયર ગેસના શેલ છોડ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૦ થી વધુ કામદારની અટકાયત કરવામાં આવી છે. દરમિયાન, એએમએનએસએ એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, એમ/એનએસ ઇન્ડિયા હજીરા પ્લાન્ટ પ્રોજેક્ટ સાઇટ પર એલ-એન્ડ ટી દ્વારા રાખવામાં આવેલા કામદારોનું એક જૂથ આજે તેમના એમ્પ્લોયર, એલ એન્ડ ટી સાથે કેટલીક માગણીઓ ઉઠાવવા માટે એકત્ર થયું હતું. એલ એન્ડ ટી મેનેજમેન્ટ કામદારો સાથે ચર્ચા કરીને પરિસ્થિતિને ઝડપથી નિયંત્રણમાં લાવી રહી છે. સ્થાનિક અધિકારીઓ પણ પરિસ્થિતિને થાળે પાડવામાં સામેલ છે. ■

# સુરતના હથોડા ગામમાં અસામાજિક તત્ત્વોએ ગૌરક્ષકો અને પોલીસ પર ભયંકર હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હથોડા ગામમાં ગૌરક્ષકો પર હુમલો થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ગૌહત્યા અટકાવવા ગયેલી પોલીસ ટીમ અને ગૌરક્ષકો પર ૫૦થી પણ વધારે અસામાજિક તત્ત્વોએ હિંસક હુમલો કર્યો હતો. આ હિંસક હુમલામાં એક ગૌરક્ષક અને કેટલાક પોલીસ કર્મીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. એક ગૌરક્ષકને માથાના ભાગે તલવારના ઘા વાગ્યા હોવાથી સત્વરે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે હથોડા ગામમાં તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન ગૌરક્ષકોની ટીમ પણ સાથે પહોંચી હતી. ગૌહત્યા અટકાવવા આવેલી ટીમ પર અસામાજિક તત્ત્વોએ હુમલો કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે હથોડા ગામમાં ગૌહત્યા થવાની પોલીસને બાતમી મળી હતી. જ્યારે પોલીસ તપાસ કરી રહી હતી ત્યારે છ જેટલા શખસો બાઈક પર આવ્યા અને વિવાદ શરૂ કરી દીધો હતો. આ વિવાદ એટલો ઉગ્ર બન્યો કે, જોતજોતામાં ૫૦થી વધારે લોકોનું ટોળું ત્યાં આવી પહોચ્યું હતું. આ તમામ લોકો પોતાના સાથે લાવેલાં હથિયારો વડે હિંસક હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન ગૌરક્ષક સત્યપ્રકાશ યાદવને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ દરમિયાન પોલીસ કર્મચારીઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાંથી એક પોલીસ કર્મચારીને હાથમાં ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ પોલીસ કર્મચારીઓને કીમ-કોસંબાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ હિંસક હુમલાના કારણે પોલીસે આખા હથોડા ગામમાં બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુરત જિલ્લા પોલીસ વડા દ્વારા આખા ગામને છાવણીમાં ફેરવી દેવાનો આદેશ આપ્યો હતો. પોલીસે કાર્યવાહી કરતા કેટલાક લોકોની ધરપકડ પણ કરી લીધી અને ફરાર આરોપીઓને ઝડપી પાડવામાં માટે પણ કવાયત હાથ ધરી દેવામાં આવી હતી. આ હિંસક હુમલા બાદ ગૌરક્ષકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. ગૌરક્ષકોનો આક્ષેપ છે કે, આ વિસ્તારમાં કસાઈઓ કાયદાના ડર વિના ગૌહત્યા કરી રહ્યા છે. આ સમગ્ર મામલે પોલીસ કાર્યવાહી કરી રહી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ એરપોર્ટના પ્રવાસીઓ પણ અતિથિ દેવો ભવ પોર્ટલ પર સેલ્ફ ડેક્લેરેશન આપી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ (સીબીઆઇસી) દ્વારા પોતાની ઓફિશિયલ વેબસાઈટમાં અતિથિ દેવો ભવ નામની એક એપ્લિકેશન શરૂ કરી છે. આ એપ્લિકેશનના માધ્યમથી દેશના મુંબઈ, દિલ્હી, બેંગલોર, ચેન્નાઇ, કર્ણાટક, હૈદરાબાદ એરપોર્ટ પરથી વિદેશથી આવતા અને જતા પેસેન્જર ઓનલાઇન સેલ્ફ ડેકલેરેશન આપી શકે છે. સીબીઆઇસીના પાયલોટ પ્રોજેક્ટમાં હવે અમદાવાદ એરપોર્ટનો પણ સમાવેશ થયો છે. વિદેશથી અમદાવાદ આવતા પેસેન્જર તેમના એરાઇવલના ત્રણ દિવસ પહેલા અતિથિ દેવો ભવ એપ્લિકેશનના માધ્યમથી ફોરેન કરન્સી ઉપરાંત કેટલા દાગીના અને હાઈ વેલ્યુ ડ્યુશિએબલ ગુડ્સ લઈને આવે છે, તેનું સેલ્ફ ડેકલેરેશન તેઓ ઓનલાઇન સબમિટ કરી શકશે. તેવી જ રીતે અમદાવાદ કે દેશના બીજા એરપોર્ટ પરથી વિદેશ જતા પેસેન્જર આ જ પ્રકારે સેલ્ફ ડેકલેરેશન આપીને જશે તો કસ્ટમ વિભાગ દ્વારા તેમનું કોઈ જ વેરિફિકેશન કરવામાં આવશે નહીં, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. નિયમ અનુસાર ભારતમાં આવ્યા પછી છ મહિનાની અંદર પાછા જવાના હોય અને વિદેશમાંથી છ મહિનાની અંદર ભારત પાછા આવે તો આ સેલ્ફ ડેકલેરેશનનો લાભ મળશે, નહીંતર તેમને વધારે રોકાવવાનું થાય તો સેલ્ફ ડેકલેરેશનનો સમય વધારવો પડશે. જેમ કે અમદાવાદથી દાગીના પહેરીને જતા પેસેન્જરોએ વેલ્યુએશન સર્ટિફિકેટ અને આરબીઆઈના નિયમ મુજબ કેટલી ફોરેન કરન્સી લઈને જાય છે અને કેટલી લઈને પાછા આવે છે તે સાથેનું સેલ્ફ ડેકલેરેશન આપવું પડશે. કસ્ટમ્સના સૂત્રોએ જણાવ્યું હતું કે વિદેશથી કોઈ પેસેન્જર કોઈ સ્ટડી માટે કે પ્રોજેક્ટ માટે હાઈ વેલ્યુ ગુડ્સ લઈને આવશે તો સેલ્ફ ડેક્લેરેશન માન્ય ગણવામાં આવશે, અન્યથા કસ્ટમ વિભાગ પેસેન્જર પાસેથી ડ્યૂટી વસૂલ કરશે અને આ સેલ્ફ ડેકલેરેશન ત્રણ દિવસ પહેલા ફાઇલ કરી શકાશે. અમદાવાદમાં એરપોર્ટ પર એરાઈવલ બિલ્ડિંગની બહાર જ કસ્ટમ દ્વારા હેલ્પ ડેસ્ક પણ શરૂ કરવામાં આવેલું છે, જેથી વિદેશમાં જતા અને આવતા પેસેન્જર કસ્ટમ્સના નિયમોની જાણકારી પણ મેળવી શકે છે. હાલમાં આ પાયલટ પ્રોજેક્ટ નવ એરપોર્ટ પર અમલી બનાવવામાં આવ્યો હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી. કસ્ટમ વિભાગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે માત્ર દાગીનાનું વેલ્યુએશન કરાવ્યું છે તે સાચું છે કે નહીં તેની જ ચકાસણી કરવામાં આવશે. કેટલાક કિસ્સાઓમાં પેસેન્જર દાગીના પહેરીને જતા હોય છે અને પાછા ફરતી વખતે તેમની પાસે દાગીના હોતા નથી. આવી જ રીતે કેટલાક પેસેન્જર દાગીના લીધા વગર વિદેશ જતા હોય છે અને ત્યાંથી દાગીના પહેરીને આવતા હોય છે. આ રીતે કસ્ટમ ડ્યૂટીની ચોરી પણ થતી હોય છે. આ કસ્ટમ ડ્યૂટીની ચોરી અટકાવવા માટે અતિથિ દેવો ભવ એપ્લિકેશનમાં સેલ્ફ ડેકલેરેશન આપવું જરૂરી બની ગયું છે. વિદેશથી આવતા પેસેન્જરો નિર્ધારિત કરેલા મૂલ્ય કરતાં વધારે ડૉલર કે પાઉન્ડ પણ લઈને આવતા હોય છે હવેથી તેમની પાસે કેટલી ફોરેન કરન્સી છે તેનું સેલ્ફ ડેકલેરેશન આપી દેવું પડશે, તેવી માહિતી કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટનાં સૂત્રોએ આપી હતી. ■

# તમાકુ નશીલો પદાર્થ નથીઃ કન્ઝ્યુમર ફોરમે વીમાધારકને નાણાં ચૂકવવાનો આપ્યો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તમાકુનું સેવન કેન્સર પેદા કરી શકે છે, પણ શું તેને નશીલો પદાર્થ ગણી શકાય? વડોદરા કન્ઝ્યુમર ફોરમે તમાકુને નશીલો પદાર્થ ગણવાનો ઇનકાર કર્યો છે, ડભોઈ ખાતે એક રહેવાસીને ઈન્સ્યોરન્સ ક્લેઇમ ચૂકવવા વીમા કંપનીને આદેશ આપતા કન્ઝ્યુમર ફોરમે અવલોકન કર્યું હતું કે જેનાથી વ્યક્તિ પોતાના શરીર કે વર્તન પર કાબૂ ગુમાવી બેસે, એને નશીલો પદાર્થ ગણી શકાય. તમાકુના સેવનથી આવું થતું નથી.

અહેવાલ મુજબ અરજદારે એક ઇન્શ્યોરન્સ કંપની પાસેથી વીમા પોલિસી ખરીદી હતી, વીમા ધારકને ફેબ્રુઆરી ૨૦૨૦ માં જડબાના જમણા ભાગમાં દુઃખાવો શરૂ થયો થયો હતો, જેના ઈલાજ માટે તેણે એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને એપ્રિલ ૨૦૨૦ માં તેને હોસ્પિટલમાંથી રજા મળી હતી. આ સારવાર માટે વીમાધારકે રૂ.૧.૬૪ લાખનો વીમો ક્લેઈમ કર્યો હતો, જો કે કંપનીએ માત્ર રૂ. ૭૬,૧૨૧ જ ચૂકવ્યા હતાં.

ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૧ માં વીમાધારકને ફરીથી દુઃખાવો ઉપડતા, હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન જાણવા મળ્યું કે તેને બકલ મ્યુકોસા મોઢાનું કેન્સર છે. હોસ્પિટલમાં કેન્સરનું નિદાન કરવામાં આવ્યું, સારવારનો ખર્ચ રૂ.૪.૩૧ લાખ રૂપિયા આવ્યો. વીમાધારકે રૂ.૨ લાખનો વીમો ક્લેઈમ કર્યો. વીમા કંપનીએ આ ક્લેઈમ ફગાવી દીધો હતો.

ક્લેઈમ ફગાવતા વીમા કંપનીએ દલીલ આપી કે વીમાધારક લગભગ ૧૦ વર્ષથી સુધી તમાકુનું સેવન કરતો હતો. કંપનીએ દલીલ કરી કે તેની પોલિસી મુજબ દારૂ અને ડ્રગના ઉપયોગ અથવા તેનાથી ઉદ્‌ભવતી કોઈપણ વ્યસનકારક સ્થિતિની સારવાર માટે ક્લેઈમ સ્વીકારવામાં આવશે નહીં.

વીમાધારકે નવેમ્બર ૨૦૨૨માં વડોદરા જિલ્લા કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેસલ કમિશન સમક્ષ વીમા કંપની સામે ફરિયાદ દાખલ કરી હતી. વીમાધારકે જણાવ્યું કે તેણે ક્યારેય તમાકુનું સેવન કર્યું નથી અને તેને કેન્સર તમાકુના સેવનથી ન હતું થયું.

સુનાવણી દરમિયાન કમિશને અવલોકન કર્યું કે ક્લેઈમ ફગાવવાને લગતી કલમમાં ડ્રગ્સ, આલ્કોહોલ અને નશીલા પદાર્થોનો ઉલ્લેખ છે, પરંતુ તમાકુનો કોઈ ઉલ્લેખ નથી. તમાકુને નશીલો પદાર્થ ગણી શકાય નહીં. ■

# ગુજરાતની સ્કૂલોમાં ધુળેટી, રામનવમી, ઈદ, ચેટી ચાંદની રજાની તારીખો બદલાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સ્કૂલોમાં ધુળેટી, રામનવમી, ઈદ, ચેટી ચાંદની રજાની તારીખો બદલાઈ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં રજાના કેલેન્ડરમાં સુધારો કરવામાં આવ્યો છે અને તમામ સંલગ્ન શાળાઓને શૈક્ષણિક સમયપત્રકમાં થયેલા ફેરફારો અંગે જાણ કરતું જાહેરનામું બહાર પાડ્યું હતું.

જે મુજબ ધુળેટીની રજા ૩ માર્ચના રોજ હતી તેને બદલીને ૪ માર્ચ કરવામાં આવી છે. બોર્ડ દ્વારા રમઝાન ઈદ અને ચેટીચંદની રજાઓની તારીખોમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. અગાઉના કેલેન્ડરમાં આ બંને રજાઓ ૨૦ માર્ચના રોજ નક્કી કરવામાં આવી હતી. જોકે હવે ચેટીચંદની રજા ૧૯ માર્ચના રોજ રહેશે, જ્યારે રમઝાન ઈદની રજા ૨૧ માર્ચના રોજ રહેશે. આવી જ રીતે રામનવમીની રજામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ રજા ૨૭ માર્ચના રોજ જાહેર કરવામાં આવી હતી પરંતુ હવે ૨૬ માર્ચના રોજ રામનવમીની રજા રહેશે. બોર્ડ દ્વારા આ ફેરફારો અંગે તમામ સંબંધિત શાળાઓને જાણ કરી દેવામાં આવી છે અને તે મુજબ તેમના શૈક્ષણિક કેલેન્ડર અપડેટ કરવા સૂચના આપી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વડા પ્રધાન શનિવારે સાણંદમાં સેમિકન્ડકટર પ્લાન્ટનું કરશે ઉદ્‌ઘાટન, રોડ શોની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાતના સાણંદ ખાતે માઇક્રોન ટેક્નોલોજીના અદ્યતન એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટનું ઉદઘાટન કરશે. સાણંદમાં માઇક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઇન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા રૂ. ૨૨,૫૧૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આ મુલાકાત દરમિયાન વડા પ્રધાનના રોડ શોની શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે સાણંદમાં માઇક્રોનનો પ્લાન્ટ નિર્ધારિત સમયસીમામાં કાર્યરત થવા જઇ રહ્યો છે. આ પ્લાન્ટ એક એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) સુવિધા છે જેમાં એસએસડી (સોલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારનું સ્ટોરેજ માટેનું આધુનિક ઉપકરણ) અને રેમ પ્રકારના ડીઆરએએમ અને એનએએનડી ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. સાણંદ પ્લાન્ટમાં અત્યારે ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જેમાં આગામી સમયમાં ૫ હજાર લોકોને સીધી રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. માઇક્રોન ટીમ દ્વારા જણાવ્યા અનુસાર અહીં દિવ્યાંગ નાગરિકો પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે કામ કરે છે અને કૌશલ્યથી સજ્જ તમામ પ્રકારના નાગરિકો માટે નોકરીની તકો ઉપલબ્ધ છે. દરમિયાન સૂત્રોના જણાવ્યા અનુસાર વડા પ્રધાનનો સાણંદમાં એક રોડ શો પણ યોજાઈ તેવી સંભાવના છે. આ પ્રસ્તાવિત રોડ શો લગભગ ત્રણેક કિલોમીટરનો હશે, જે હેલિપેડથી ઉદઘાટનના સ્થળ સુધીનો રહેશે. ■

# ગુજરાતમાં માત્ર બે વર્ષમાં ૭૫ પ્રાથમિક શાળાને તાળાં લાગ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારે વિધાનસભામાં રાજ્યમાં છેલ્લાં ૨ વર્ષમાં ૭૫ સરકારી પ્રાથમિક શાળા બંધ થઈ હોવાનું સ્વીકાર્યું હતું. વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા અથવા અન્ય વહીવટી કારણોસર આ શાળાઓનાં પાટિયા પડી ગયાં છે. એક તરફ સરકાર શિક્ષણ પાછળ કરોડોનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ સરકારી શાળાઓનું અસ્તિત્વ જોખમમાં મુકાતા વાલીઓ અને શિક્ષણવિદોએ ચિંતા વ્યક્ત કરી હતી. દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પૂછ્યું કે, ૨૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે, શાળાઓ બંધ કરવાનાં મુખ્યત્વે શું કારણો છે અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં કયા પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

જેનો જવાબ આપતાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં ૭૫ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. વિદ્યાર્થીની સંખ્યા ઘટવાથી અથવા વિદ્યાર્થી સંખ્યા શૂન્ય થવાથી બંધ કરવાની ફરજ પડી હતી. સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવાની સ્થિતિમાં વિદ્યાર્થીઓ નજીકની શાળામાં દાખલ થાય તેની કાળજી રાખવામાં આવે છે તથા તેઓને ટ્રાન્સપોર્ટેશન સુવિધા આપવામાં આવે છે. ■

# વાહનોની ચોરી કરતી આંતરરાજ્ય ગૅંગનો મહેસાણા એલસીબીએ પર્દાફાશ કર્યો

અમદાવાદઃ મહેસાણા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. એલસીબી દ્વારા ગાડીઓની ચોરીના કેસમાં બે યુવકોની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ દિલ્હી અને ઉત્તર પ્રદેશ જેવાં રાજ્યોમાંથી કારની ચોરી કરતા અને તે ગાડીઓને મુંબઈ લાવીને વેચી દેતા હતાં. એલસીબીએ કાર્યવાહી કરતા ત્રણ ગાડી સહિત રૂ. ૧૫ લાખના મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. જોકે આ આરોપીમાંનો એક માત્ર પાંચ ચોપડી ભણેલો હોવા છતાં હાઈટેક સાધનો વાપરી ગાડીઓ ચોરી લેતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે એલસીબી દ્વારા નાગલપુર કોલેજ ત્રણ રસ્તા પાસેથી સલીમ નાનું યામીન પઠાણ (રહે. ઉત્તરાખંડ) અને સૈયદ ઈફાજુલ હસન (રહે. મુંબઇ)ની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ પૂછપરછ કરવામાં આવી ત્યારે આરોપીઓ પાસેથી અન્ય બે કાર પણ મળી આવી હતી, જેને પોલીસે જપ્ત કરી લીધી હતી. પોલીસના જણાવ્યાં પ્રમાણે કાર ચોરી કરતો મુખ્ય આરોપી માત્ર ૫ ધોરણ જ ભણેલો છે. પોલીસે આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાણીને ત્યારે સૌ ચોંકી ઉઠ્યાં હતાં. આરોપી એક હાઈટેક ટેબલેટ દ્વારા સોસાયટીઓમાં પાર્ક કરેલી કારને લોક ખોલીને કારની ચોરી કરતો હતો. કાર્યવાહી કરતા પોલીસે દિલ્હી અને ગાઝિયાબાદથી ચોરી કરેલી ત્રણ લક્ઝુરિયસ કાર સાથે આરોપીઓ પાસેથી ૧૦ માસ્ટર ચાવીઓ, લોક તોડવાનાં સાધનો, વાઈફાઈ રાઉટર, હાઈટેક ટેબલેટ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યાં હતા. તમામ વસ્તુઓ મળીને કુલ રૂ. ૧૫ લાખનો મુદ્દામાલ કબ્જો કર્યો હતો. પોલીસને જણાવ્યાં પ્રમાણે ઓ ચોરીનો મુખ્ય સૂત્રધાર દિલ્હીનો રહેવાસી સરફરાઝ છે, જેને હાલ વોન્ટેડ જાહેર કરી દેવામાં આવ્યો છે. ■

# અમદાવાદના સુભાષ બ્રિજ, વસ્ત્રાલ અને બાવળામાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકનું કામ ગૂંચવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સુભાષ બ્રિજ વસ્ત્રાલ અને બાવળા આરટીઓમાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલર માટેના ડ્રાઇવિંગ ટેસ્ટ માટેના ટ્રેક સેન્સર બેસ બનાવેલા છે, પરંતુ ટ્રાન્સપોર્ટ વિભાગના કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓની તાજેતરમાં સાગમટે બદલીઓ થઈ જતા એક્સપર્ટનો રિપોર્ટ નવી દિલ્હી ખાતે મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેને મોકલવામાં આવ્યો નથી, જેના કારણે આખો પ્રોજેક્ટ અટકી પડ્યો છે. આ અંગે ટોચનાં સૂત્રોએ જણાવ્યું કે ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના ડ્રાઇવિંગ ટેસ્ટ માટેના ટ્રેક જૂના થઈ ગયા હોવાથી વાહન ચાલકોને સંતોષકારક પરિણામ મળતું ન હતું અને અવારનવાર બોલાચાલી થતી હતી. જેથી ટ્રાન્સપોર્ટ વિભાગે આઠ મહિના પહેલા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) બેઈઝડ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો. રાજ્યની ૩૯ આરટીઓમાં એઆઈ બેઈઝડ ટ્રેક બનાવવાનું આયોજન કરાયું હતું. કરોડો રૂપિયાના ખર્ચે પ્રોજેક્ટ હાથમાં લેવાયો હતો. નિયમ મુજબ પેસિફિક ટ્રેક તૈયાર કરવાનો હતો અને બે કેમેરા મૂકવાના હતા જેનું રેકોર્ડિંગ ગાંધીનગરમાં જોઈ શકાય. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ડિસેમ્બર સુધી તમામ ટ્રેક તૈયાર કરવાના હતા, પરંતુ સિવિલ વર્ક ઇન્સ્ટોલેશન અને ઇનપુટનું કામ બાકી હતું. હવે અમદાવાદમાં સુભાષ બ્રિજ, વસ્ત્રાલ અને બાવળામાં આરટીઓના ટ્રેક તૈયાર છે. નિયમ મુજબ ઈન્સ્પેકશન માટેનો રિપોર્ટ નવી દિલ્હી મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેને આપવો પડે છે. તાજેતરમાં ટ્રાન્સપોર્ટ કચેરીમાંથી ૫૦ થી ૬૦ અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અને બદલી કરવામાં આવી હતી હવે નવા સ્ટાફને એઆઈ બેઈઝડ ડ્રાઇવિંગ ટેસ્ટના ટ્રેકની માહિતી નહીં હોવાથી નવી દિલ્હી ખાતે રિપોર્ટ મોકલી શક્યા નથી, જેના કારણે ફરી એકવાર મામલો ગૂંચવાઈ ગયો છે. નવો સ્ટાફ રિપોર્ટ મોકલે નહીં ત્યાં સુધી કમિટી ટ્રેકનું ઇન્સ્પેક્શન કેવી રીતે કરે તે મોટો પ્રશ્ન બની ગયો છે. ■

# સાણંદમાં પ્રીમિયમ હોટલ બનાવવા માટે પ્લોટની હરાજી પૂર્ણ, પાંચ એકર જેટલી જમીન ડેવલપરને ફાળવાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાણંદ ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશથી, હોટલ નિર્માણ માટે પ્લોટની હરાજી પૂર્ણ કરવામાં આવી હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતમાં ૨૦૧૬૮.૫૪ ચોરસ મીટર (અંદાજિત ૫ એકર) જેટલો પ્લોટ વિશેષ રીતે પ્રીમિયમ હોટલ નિર્માણ માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો જેની હરાજી બાવીસ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવી હતી. આ ઇ-હરાજીમાં મહત્તમ બીડ સાથેના ડેવલપરને નિયમોનુસાર પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. ૩ થી ૫ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી શરૂ કરવા માટે કંપનીને ચાર વર્ષનો મોરિટોરિયમ પીરિયડ આપવામાં આવ્યો છે. આ હોટલ સિવાય સાણંદ ઔદ્યોગિક વસાહતની ૩ કિલોમીટર નજીક એક ફાઇવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વડા પ્રધાન માઇક્રોન ટેક્નોલોજીના અદ્યતન સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કરાવશે.

# હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કેમ્પસમાં પરવાનગી સિવાય એન્ટ્રી નહીં મળે, તંત્રએ લીધો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના પાટણમાં આવેલી ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અનેક વખત વિવાદમાં આવતી હોય છે. કેમ્પસમાં વધતી જતા અસામાજિક પ્રવૃત્તિને કારણે નિયમો સખત કરી દેવામાં આવ્યા છે, જેના ભાગરૂપે યુનિવર્સિટી તંત્ર દ્વારા મુખ્ય પ્રવેશ દ્વાર અને હાઈવે તરફ આવેલા દરવાજા પર મજબૂત લોખંડના બેરીકેડ મૂક્યાં છે અને હવે પરવાનગી સિવાય કોઈ પણ વ્યક્તિ યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રવેશ કરી શકશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર યુનિવર્સિટી તંત્રના નવા નિયમ પ્રમાણે દરેક પ્રકારનાં વાહનને રોકવામાં આવશે, ત્યાર બાદ તેમની પૂછપરછ કરીને યુનિવર્સિટીના કેમ્પસમાં આવવાનું કારણ પૂછવામાં આવશે અને બાદમાં જ પ્રવેશ આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે હવે ગેટ પર બે કર્મચારીઓ તૈનાત રાખવામાં આવે, જે કેમ્પસમાં આવતાં વાહનોનું ચેકિંગ કરીને રજિસ્ટરમાં નોંધ કરીને જ જે તે વાહનને પ્રવેશ કરવામાં આવશે.■

# ગુજરાત સરકારે લોન અને મુદત અંગેના આંકડા જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે દેવા મામલે વિધાનસભામાં આંકડા જાહેર કર્યા હતા. આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાએ પૂછેલા રાજ્યના દેવા તેમ જ લોન અને મુદ્દતો અંગે માગેલી વિગતોના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ મુજબ રાજ્યનું કુલ બાકી જાહેર દેવું રૂ. ૩,૯૯,૬૩૩ કરોડ છે. કેન્દ્રીય દેવું ૭ થી ૫૦ વર્ષની મુદત માટે વર્ષ ૨૦૦૦-૦૧ થી ૨૦૨૪-૨૫, એન.એસ.એસ.એફ લોન ૧૦ થી ૨૫ વર્ષની મુદત માટે વર્ષ ૧૯૯૯-૦૦ થી ૨૦૧૫-૧૬, નાણાકીય સંસ્થાઓની લોન ૭ થી ૧૫ વર્ષ સુધી વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૪-૨૫, બજાર લોન ૨ થી ૧૫ વર્ષ માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૨૪-૨૫ લેવામાં આવેલ છે. કેન્દ્રીય દેવાનો વ્યાજદર ૦ ટકા થી ૧૨.૫૦ ટકા છે. ૨૦૨૩-૨૪માં રૂ. ૫૧૦ કરોડ વ્યાજ ચૂકવવામાં આવ્યું છે. ઉપરાંત રૂ. ૧,૧૭૭ કરોડનું મુદ્દલ ચૂકવવામાં આવ્યું હતું. ૨૦૨૪-૨૫માં સુધારેલા અંદાજ મુજબ રૂ. ૫૭૯ કરોડ વ્યાજ અને રૂ. ૮૩૫ કરોડ મુદ્દલ ચૂકવવામાં આવ્યું છે.

એન.એસ.એસ.એફ લોનનો વ્યાજદર ૯.૫૦ ટકાથી ૧૦.૫૦ ટકા છે. ૨૦૨૩-૨૪માં રૂ. ૨,૩૯૦ કરોડ વ્યાજ અને રૂ.૩,૬૨૯ કરોડ મુદ્દલ ચૂકવાયું હતું. જ્યારે ૨૦૨૪-૨૫માં સુધારેલા અંદાજ પ્રમાણે રૂ. ૨,૦૩૮ કરોડ વ્યાજ અને રૂ. ૩,૬૨૯ કરોડ મુદલ ચૂકવ્યું છે. નાણાકીય સંસ્થાઓની લોનનો વ્યાજદર ૨.૭૫ ટકા થી ૮.૧૦ ટકા છે. ૨૦૨૩-૨૪માં રૂ. ૭૫૮ કરોડ વ્યાજ અને રૂ. ૨,૭૭૯ કરોડ મુદ્દલ ચુકવ્યું હતું. જ્યારે ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ મુજબ ૮૮૮ કરોડ વ્યાજ અને રૂ. ૨,૭૦૧ કરોડ મુદ્દલ ચૂકવ્યું હતું. ■

# બૅટ્સમેનોએ ભારતને સેમિ ફાઇનલની લગોલગ પહોંચાડી દીધું: સિક્સર્સનો વિક્રમ રચ્યો







ચેન્નઈમાં ગઈ કાલે અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા તેમ જ હાર્દિક પંડ્યાએ આગવી સ્ટાઈલમાં ઝિમ્બાબ્વેના બોલર્સની બોલિંગનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો અને ભારતને ૨૫૬ રનનો વિક્રમજનક સ્કોર અપાવ્યો હતો. વર્લ્ડ કપમાં ભારતનો આ હાઈએસ્ટ સ્કોર છે. ૪/૨૫૬નો સ્કોર આ વખતના વર્લ્ડ કપમાં નવું વિક્રમજનક ટોટલ પણ છે. ભારતીયોએ કુલ મળીને ૧૭ છગ્ગા માર્યા હતા જે ટી-૨૦ વર્લ્ડ કપની એક ઈનિંગ્સમાં ફટકારાયેલી કુલ સિક્સર્સના વિક્રમની બરાબરીમાં છે. આ વર્લ્ડ કપમાં ભારતીયોએ કુલ ૬૩ છગ્ગા માર્યા છે અને ૨૦૨૪ની ૬૧ સિક્સરનો પોતાનો વિક્રમ તોડ્યો છે. (પીટીઆઈ)

## અભિષેક પંચાવન રન બનાવીને પાછો ફૉર્મમાં, હાર્દિકે બે છગ્ગાથી વિક્રમજનક ટોટલ અપાવ્યું

**▸ ભારતના તમામ છ બૅટ્સમેને ચોગ્ગા-છગ્ગા માર્યા, દરેકના ડબલ-ડિજિટમાં રન**

ચેન્નઈ: ભારતે ગઈ કાલે અહીં ઝિમ્બાબ્વેને ૭૨ રનથી હરાવીને પોતે વર્લ્ડ નંબર-વન કેમ છે એ બતાવી આપ્યું હતું. ૪/૨૫૬નો સ્કોર ટી-૨૦ ફૉર્મેટમાં ભારતનો હાઇએસ્ટ સ્કોર છે. આ સ્કોર વર્તમાન વર્લ્ડ કપમાં સર્વોચ્ચ પણ છે અને આ સફળતાનો જશ પૂર્ણપણે બૅટ્સમેનોને જાય છે. ભારતનો રનરેટ -૩.૮૦૦ હતો એ સુધરીને -૦.૧૦૦ થઈ ગયો છે. જો કૅપ્ટન સૂર્યકુમારે ૨૦મી ઓવર શિવમ દુબને ન આપી હોત તો રનરેટ વધુ સુધર્યો હોત. એ ઓવરમાં ૨૦ રન બન્યા હતા.

ભારતે સેમિ ફાઇનલ માટેનો દાવો મજબૂત કરવા આ મૅચ મોટા માર્જિનથી જીતવી જરૂરી હતી. પ્રથમ બૅટિંગનો મોકો મળતાં ભારતીય બૅટ્સમેનોએ શરૂઆતથી રનમશીનને વેગ આપ્યો હતો અને એક પછી એક દરેક બૅટ્સમૅને નાના-મોટા યોગદાન આપ્યા હતા. પાવરપ્લેમાં પાવર બતાડનાર અભિષેક શર્મા (પંચાવન રન, ૩૦ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) અને હાર્દિક પંડ્યા (૫૦ અણનમ, ૨૩ બૉલ, ચાર સિક્સર, બે ફોર)ની હાફ સેન્ચુરી તેમ જ તિલક વર્મા (૪૪ અણનમ, ૧૬ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) ભારતની ઇનિંગ્સના ત્રણ મુખ્ય સિતારા હતા.

અભિષેક શર્મા અસલ મિજાજમાં રમ્યો જેને લીધે પાવરપ્લેની છ ઓવરમાં ભારતનો સ્કોર ૧/૮૦ ઉપર પહોંચી ગયો હતો. ભારતના ૨૫૬ રનમાં સંજુ સૅમસન (૨૪ રન, ૧૫ બૉલ, બે સિક્સર, એક ફોર), ઇશાન કિશન (૩૮ રન, ૨૪ બૉલ, એક સિક્સર, ચાર ફોર) અને સૂર્યકુમાર યાદવ (૩૩ રન, ૧૩ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ના પણ મહત્ત્વના યોગદાન હતા.

એ પહેલાં, ભારતે વર્લ્ડ કપના સુપર-એઇટ રાઉન્ડમાં અહીં ઝિમ્બાબ્વેના બોલર્સની બોલિંગની જોરદાર ધુલાઈ કરી અને આ વખતના વર્લ્ડ કપના સૌથી ઊંચા ટોટલમાં નવો વિક્રમ રચી દીધો. ટીમ ઇન્ડિયાએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૬ રન કર્યા અને વેસ્ટ ઇન્ડિઝના ઝિમ્બાબ્વે સામેના ૬/૨૫૪ના સ્કોરના વિક્રમને ઓળંગી લીધો હતો. ભારતની ઇનિંગ્સમાં બૅટિંગ કરનાર તમામ છ બૅટ્સમેને ડબલ ડિજિટમાં રન કર્યા હતા અને એક કે એક કરતાં વધુ ફોર તથા સિક્સર ફટકારી હતી.

ઝિમ્બાબ્વેના સાત-સાત બોલર ભારતને ૨૫૬ રનનો રેકૉર્ડ-બ્રેક સ્કોર કરતા રોકી નહોતા શક્યા. ખાસ કરીને બે ફાસ્ટ બોલર રિચર્ડ ઍન્ગેરવા (૬૨ રનમાં એક વિકેટ) અને બ્રાડ ઇવાન્સ (બાવન રનમાં વિકેટ નહીં) સૌથી ખર્ચાળ બન્યા હતા.

**આજે કઈ મેચ**

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ન્યૂ ઝીલેન્ડ, કોલંબો, સાંજે ૭.૦૦

## ઝિમ્બાબ્વેના બોલરના નામે લખાઈ ગયો આ ખરાબ રેકૉર્ડ



ચેન્નઈ: ઝિમ્બાબ્વેના બાવીસ વર્ષીય પેસ બોલર ટિનોટેન્ડા માપૉસાએ વર્લ્ડ કપમાં પહેલી વાર રમતાં પહેલાં ૨૦ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ મૅચમાં ૧૪ વિકેટ લીધી હતી અને એમાં તેના પર્ફોર્મન્સ ઠીક-ઠીક હતા, પરંતુ ગુરુવારે ચેન્નઈમાં ભારત સામેની મૅચમાં તેણે વિશ્વ કપમાં પોતાની પહેલી જ ઓવર એવી કરી કે એના લીધે તેનું નામ ખરાબ રેકૉર્ડ-બુકમાં આવી ગયું. તેને ભારતની ઇનિંગ્સની પહેલી ૧૨ ઓવરમાં ફક્ત એક ઓવર આપવામાં આવી હતી અને એમાં તેણે ૨૩ રન આપી દીધા હતા. પોતાના પ્રથમ વર્લ્ડ કપ મૅચની પહેલી ઓવરમાં સૌથી વધુ રન આપનારાઓમાં માપૉસાનું નામ બીજા નંબરે લખાઈ ગયું છે.

કૅપ્ટન સિકંદર રઝાએ માપૉસાને પાવરપ્લેમાં ઓવર આપવાનું સાહસ કર્યું હતું અને એમાં રઝા થાપ ખાઈ ગયો હતો. એ ઓવરમાં ૨૩ રન બન્યા હતા. ૨૦૦૯માં જોહનિસબર્ગમાં શ્રીલંકા સામે ઝિમ્બાબ્વેના જ સ્ટીવ ટિકોલોની પ્રથમ ઓવરમાં પચીસ રન બન્યા હતા અને આ લિસ્ટમાં તેનું નામ પહેલા સ્થાને છે. ટિકોલોની એ એકમાત્ર વર્લ્ડ કપની ઓવર હતી. માપૉસાની ઓવરમાં અભિષેકે એ ઓવરમાં ત્રણ ફોર અને એક સિક્સર ફટકારી હતી. છેવટે અભિષેકની બહુમૂલ્ય વિકેટ લેવામાં તે સફળ થયો હતો. ■



### ક્રિકેટના જલસા પહેલાં ગીતોની મહેફિલ

ગુરુવારે ચેન્નઈમાં ભારત-ઝિમ્બાબ્વે મૅચ પહેલાં તામિળનાડુના સ્થાનિક ફેમસ સિંગર અનિરુદ્ધ રવિચન્દ્રે એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં હજારો પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું. ગુલાબી ડ્રેસમાં સજ્જ ડાન્સર્સે પણ લોકોના દિલ જીતી લીધા હતા. દિનેશ કાર્તિકે ટ્રૉફી સાથે મેદાન પર આગમન કર્યું હતું. (પીટીઆઈ)



## ‘હોમ ગ્રાઉન્ડ’ અમદાવાદમાં સાઉથ આફ્રિકાની સતત પાંચમી જીત, માર્કરમે ટીમને સેમિમાં લગભગ પહોંચાડી દીધી

અમદાવાદ: ક્રિકેટ જગતનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સાઉથ આફ્રિકા માટે જાણે હોમ ગ્રાઉન્ડ બની ગયું છે, કારણકે આ દેશની ટીમનું અહીં જે વર્ચસ્વ રહ્યું છે એમાં આજે વધુ એક વિજયનો ઉમેરો થયો જેમાં એઇડન માર્કરમની ટીમે વેસ્ટ ઇન્ડિઝને ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-એઇટ મુકાબલામાં નવ વિકેટે હરાવીને સેમિ ફાઇનલમાં સ્થાન લગભગ પાક્કું કરી લીધું હતું. કૅરિબિયનોએ આપેલો ૧૭૭ રનનો લક્ષ્યાંક સાઉથ આફ્રિકાએ ૨૩ બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. સાઉથ આફ્રિકા અમદાવાદના આ જગવિખ્યાત મેદાન પર ડિસેમ્બર, ૨૦૨૫માં ભારત સામેની હાર પછી જે પાંચ મૅચ રમ્યું એ પાંચેયમાં વિજય મેળવ્યો છે.



### અમદાવાદમાં પાંચ વિજય

આ વર્લ્ડ કપમાં અમદાવાદમાં સાઉથ આફ્રિકાના સતત પાંચ વિજય આ મુજબના છે: કૅનેડા સામે ૫૭ રનથી વિજય, અફઘાનિસ્તા સામેની ટાઇ પછીની બે ઐતિહાસિક સુપર ઓવરમાં વિજય, ન્યૂ ઝીલૅન્ડ સામે સાત વિકેટે વિજય, ભારત સામે ૭૬ રનથી વિજય અને વેસ્ટ ઇન્ડિઝ સામે નવ વિકેટે વિજય.

### માર્કરમની બે ભાગીદારી

મૅન ઑફ ધ મૅચ માર્કરમ (૮૨ અણનમ, ૪૬ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) આ જીતનો સુપરહીરો હતો. પહેલાં તેણે ક્વિન્ટન ડિકૉક (૪૭ રન, ૨૪ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર) સાથે પ્રથમ વિકેટ માટે ૯૫ રનની પાર્ટનરશિપ અને પછી રાયન રિકલ્ટન (૪૫ અણનમ, ૨૮ બૉલ, બે સિક્સર, ચાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૮૨ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

### મૅચ વન-સાઈડેડ બનાવી

વેસ્ટ ઇન્ડિઝે પહેલાં બૅટિંગ કરવાનું આમંત્રણ મળ્યા બાદ શરૂઆતથી જ ધબડકો જોયા બાદ છેવટે ૨૦ ઓવરમાં ૧૭૬/૮ના સ્કોર સાથે વિજયની આશા જીવંત રાખી હતી. જોકે સાઉથ આફ્રિકાએ (ખાસ કરીને માર્કરમે) મૅચને વન-સાઇડેડ બનાવી નાખી હતી અને ૧૬.૧ ઓવરમાં ૧/૧૭૭ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ગ્રૂપ-૧માં સાઉથ આફ્રિકા ચાર પૉઇન્ટ સાથે મોખરે છે. આ મૅચના અંતે વેસ્ટ ઇન્ડિઝ બે પૉઇન્ટ સાથે બીજા સ્થાને તેમ જ ભારત અને ઝિમ્બાબ્વે શૂન્ય-શૂન્ય સાથે અનુક્રમે ત્રીજા-ચોથા નંબરે હતા.

### એક જ બોલરને મળી વિકેટ

છ કૅરિબિયન બોલર્સ ઓપનર માર્કરમને નમાની નહોતા શક્યા. માત્ર સ્પિનર રૉસ્ટન ચેઝને એક વિકેટ મળી હતી. બૅટિંગમાં સારું પર્ફોર્મ કરનાર પેસ બોલર જેસન હોલ્ડરને ૩૧ રનમાં વિકેટ નહોતી મળી. રોમારિયો શેફર્ડ પણ ધમાકેદાર બૅટિંગ બાદ બોલિંગમાં ફાવ્યો નહોતો. તેની બે ઓવરમાં બાવીસ રન બન્યા હતા અને તેને વિકેટ નહોતી મળી. મૅથ્યૂ ફૉર્ડેને ૩૦ રનમાં તેમ જ ગુડાકેશ મૉટીને ૨૪ રનમાં અને શમાર જોસેફને ૨૪ રનમાં વિકેટ નહોતી મળી.

### હોલ્ડર અને શેફર્ડની મહેનત પાણીમાં

વેસ્ટ ઇન્ડિઝની ટીમ સાઉથ આફ્રિકા સામેની સુપર-એઇટની મૅચમાં શરૂઆતના ઝટકા બાદ સન્માનજનક સ્થિતિમાં આવી ગયું હતું અને સાઉથ આફ્રિકનોને છેવટે ૧૭૭ રનનો ઊંચો લક્ષ્યાંક આપી શક્યું હતું. એઇડન માર્કરમની ટીમ માટે આ લક્ષ્યાંક સાધારણ હતો, પરંતુ કૅરિબિયનોએ ૬૦ રનમાં પાંચ વિકેટ અને ૮૩ રન સુધીમાં સાત વિકેટ ગુમાવી ત્યાર પછી જેસન હોલ્ડર (૪૯ રન, ૩૧ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) અને રોમારિયો શેફર્ડ (બાવન અણનમ, ૩૭ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર)ની જોડીએ આઠમી વિકેટ માટે ૮૯ રનની ભાગીદારી કરીને વેસ્ટ ઇન્ડિઝની ટીમને મોટી મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. ■

## શ્રીલંકામાં ક્રિકેટપ્રેમીઓ પોતાના દેશના ખેલાડીઓ પર ગુસ્સે થયા, હુરિયો બોલાવ્યો

**▸ ‘અમારા પૈસા પડી ગયા, ખેલાડીઓને ડ્રૉપ કરો, શ્રીલંકન બોર્ડને બરતરફ કરો’**

કોલંબો: ટી-૨૦ વર્લ્ડ કપનું સહ-યજમાન શ્રીલંકા બુધવારે ન્યૂ ઝીલૅન્ડ સામેના પરાજયને પગલે સેમિ ફાઇનલની રેસની બહાર થઈ ગયું એટલે શ્રીલંકામાં અસંખ્ય ક્રિકેટપ્રેમીઓનો પિત્તો ગયો છે અને તેમણે વ્યાપક સ્તરે આક્રોશ ઠાલવ્યો છે તેમ જ વિરોધ નોંધાવ્યો છે. કોલંબોના સ્ટેડિયમમાં દાસુન શનાકાની ટીમ કિવીઓ સામે ૬૧ રનથી પરાજિત થઈ ત્યાર પછી શ્રીલંકન ખેલાડીઓ પૅવિલિયનમાં પાછા આવી રહ્યા હતા ત્યારે પ્રેક્ષકોએ તેમનો હુરિયો બોલાવ્યો હતો. સોશ્યલ મીડિયામાં પણ શ્રીલંકાના ક્રિકેટપ્રેમીઓએ ભરપૂર રોષ ઠાલવ્યો છે તેમ જ ક્રિકેટ સંબંધિત મંચ પર પણ ઘરઆંગણાની ટીમની ટીકા કરી છે. લોકોએ વ્યાપક ફેરફારોની માગણી કરી છે. કેટલાકે ફૉર્મ ગુમાવી બેઠેલા ખેલાડીઓને ટીમમાંથી પડતા મૂકવાની માગણી કરી છે તો કોઇકે તો ક્રિકેટ બોર્ડના આખા વહીવટતંત્રને જ બદલી નાખવાની ડિમાન્ડ કરી છે.

મીડિયામાં ક્રિકેટલવર્સે એવું પણ જણાવ્યું છે કે શ્રીલંકા યજમાન તરીકે આ ટૂર્નામેન્ટમાં રમ્યું એટલે એના પર મોટી અપેક્ષા હતી, પરંતુ વર્તમાન શ્રીલંકન ટીમે દેશનું નામ ડૂબાડ્યું છે. લોકોના મતે શ્રીલંકન ટીમમાં સાતત્યતા નથી, વ્યૂહરચના જેવું પણ કંઈ નથી અને બૅટ્સમેનોમાં બૅટિંગ વિશે વિચિત્ર માનસિકતા છે. ક્રિકેટ ફૅન્સનો એવો પણ આક્ષેપ છે કે તેમણે મહેનતના પૈસાથી સ્ટેડિયમમાં ટિકિટો ખરીદી હતી અને સમય કાઢીને મૅચો જોવા આવ્યા, પરંતુ તેઓ ધાર્યા જેવું રમ્યા જ નહીં.

### કૅપ્ટન શનાકાએ શું કહ્યું?

શ્રીલંકાના સુકાની દાસુન શનાકાએ બુધવારે કિવીઓ સામેના પરાજય બાદ કહ્યું, ‘ટીમના ખેલાડીઓની ફિટનેસનું સ્તર શ્રેષ્ઠ નથી, કેટલાક બેસ્ટ પ્લેયર્સ ટીમની બહાર હતા, ચારથી પાંચ ખેલાડી ઈજાગ્રસ્ત છે. ખેલાડીઓને સિલેક્ટ કરવામાં આવે ત્યારે ફિટનેસને લગતી માર્ગદર્શિકા તેમના ધ્યાનમાં હોવી જ જોઈએ. ક્યારેક હું વિચારું છું કે અન્ય ટીમો ફિટનેસની બાબતમાં શ્રીલંકા કરતાં ક્યાંય આગળ છે.’ ■


## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં) (૮૫૩/એ)

**૧૧. પ્રદર્શન**

પુસ્તક મેળો
ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનો મહાસાગર
તા. ૩-૩-૨૬ સુધી દરરોજ ૧૧ થી ૮
સ્થળ: સરદાર પટેલ ભવન, સિટી સેન્ટર મૉલની સામે, જવાહર નગર હૉલ, એસ.વી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, ગોરેગાંવ વેસ્ટ.
આયોજક: એન. એમ. ઠક્કરની કંપની
(૮૫૪/એ)

**૧૨. યાત્રા સહેલગાહ**

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૧૮૩)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**૧૪. નોકરી ખાલી છે**

CAREER OPPORTUNITY - Retired / Homemakers / Bankers / Pensioners. Good Package + Benefits : 9819578290. (B-17153)

**૧૭. જગ્યા આપવી છે**

SOUTH MUMBAI
Residence / Commercial Properties available for Rent Sale Atul: 9820070445. (B-17076)

LEAVE & LICENCE
Brech Candy 3 BHK 1150' Carpet 2 Lac Sea View Peddar Road 4 BHK 1400 CP 1 Garage. 2.50 Lac 9892710071 / 9619048555. (B-17134)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

વસઈ - કામણ
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

**૨૦. ધંધાદારી જગ્યા**

SOUTH MUMBAI
Residential / Commercial Properties available for Rent / Sale 9892710071 / 9619048555. (B-17135)

**૨૧. હોટલ**

THE KINARA VILLAGE LONAVALA

DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add.: Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17068)

**૩૩. ધંધાદારી**

‘‘પ્રતાપ પેકર્સ-મુવર્સ’’
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

સ્વાદિષ્ટ, સાત્વીક, પૌષ્ટીક
હોળી માટે સ્પેશીયલ
ઠંડાઈ
કેશર ઠંડાઈ
શરબત-સીરપ: ડ્રાયફ્રૂટ, રોઝબદામ, કેશર ઇલાયચી, રાજભોગ વગેરે
નરમસ્ ફૂડ પ્રોડક્ટ્સ
રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી
7977174474/7506953328
અગ્રગણ્ય ડ્રાયફ્રૂટ, જનરલ, સુપર સ્ટોરમાં ઉપલબ્ધ
(એસડીબી-૩૧૨૯)

■ આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા/ પુરુષ/ ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્ક- 9153791752/ 8337081262. (૮૩૨-એ)

DHIRAJ
Old Antique Shop
VALUE GIVEN IS MORE THAN MARKET RATE
We also collect Goods & give free Home Service
Old Furniture, Watches, Old Fountain Pens, Kerba, Old Crockery, Old Resham Kore And Zari, Old Toys, Old Camera, Old Notes And Coins, German Silver.
CONTACT: DHIRAJ
9819774578, 8369666193
Kemps Corner, Kwality Hours Shop No. 112, Mumbai - 36.
(327)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

શાસ્ત્રીજી
જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૧૪૨)

રાજમણી જ્યોતિષ
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ). (બી-૧૭૧૪૧)

**૫૨. કુરીઅર્સ**

ફોરેન
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# વિશ્વબજારના મિશ્ર સંકેત વચ્ચે અટવાઈને સેન્સેક્સ ગબડ્યો, નિફ્ટી ટકી રહ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એનવિડિયાના બ્લોકબસ્ટર પરિણામ બાદ એશિયાઇ બજારોના સુધારા અને અમેરિકન ફ્યુચર્સમાં પીછેહઠ જેવા મિશ્ર સંકેદત બાદ અટવાઇ ગેયેલા સેન્ટિમેન્ટ વચ્ચે મુખ્ય બેન્ચમાર્ક નિફ્ટી અને સેન્સેક્સ પણ અથડાતિ ગયા હતા. ખાસ કરીને હેવીવેઇટ એચડીએફસી બેંકની આગેવાનીમાં ફાઇનાન્શિઅલ શેરોમાં વેચવાલીનું દબાણ વધી ગયું હતું. સત્રને અંતે નિફ્ટી ૧૪ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૨૫,૪૯૬.૫૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો, જ્યારે સેન્સેક્સ ૨૭ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા ઘટીને ૮૨,૨૪૮.૬૧ પોઇન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, ટ્રેન્ટ, ઇટર્નલ, પાવર ગ્રીડ, એચડીએફસી બેંક, એશિયન પેઇન્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનટીપીસી અને એક્સિસ બેંક સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા, જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા, અદાણી પોર્ટ્સ, મારુતિ અને ભારતી એરટેલ સોથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા. વેદાંતાની ડિરેક્ટર્સ કમિટીએ ડિબેન્ચર મારફત પ્રાઇવેટ પ્લેસમેન્ટના ધારણે રૂ. ૩૦૦૦ કરોડ એકત્ર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

સેડેમેક મેકેટ્રોનિક્સ રૂ. ૧૦૮૭ કરોડના આઇપીઓ સાથે ચોથી માર્ચે કેપિટલ માર્કેટમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૨૮૭થી રૂ. ૧૩૫૨છે અને શેર બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટ થશે. કંપની પાવરટ્રેન કન્ટ્રોલ અને ઓટો પાર્ટસનું ઉત્પાદન કરે છે. કંપની ભરાત ઉપરાંત અમેરિકા અને યુરોપના ઓરિજીનલ ઇક્વિપમેન્ટ મેન્યુફેકચરર્સને ઇલેક્ટ્રોનિક કન્ટ્રોલ યુનિટ સપ્લાઇ કરે છે.આ ભરણું સંપૂર્ણપણે ઓફર ફોર સેલ છે, જે છઠી માર્ચે બંધ થશે. એન્કર બિડિંગ બીજી માર્ચે છે.

પંજરથી વધુ દેશોમાં કાર્યરત સ્વીડન સ્થિત ટેકનોલોજી કલેક્ટિવ ક્યુગ્રુપે ભારતીય ટેક્નોલોજી ઉદ્યોગસાહસિક દીપક કુમાર ચૌબે સાથે વ્યૂહાત્મક ભાગીદારીના ભાગરૂપે ભારતમાં સ્લીક ગ્રુપ (ક્યુગ્રુપ સાથે સોફ્ટવેર લેબ્સ ઇન્ડિયા) શરૂ કરવા ૨.૫ મિલિયન ડોલર સુધીનું રોકાણ કરવાની યોજના જાહેર કરી છે. આ નવા સાહસનો ઉદ્દેશ્ય પરંપરાગત આઇટી સર્વિસિસને બદલે સ્કેલેબલ, અનુભવ-આધારિત ડિજિટલ ઉત્પાદનો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્લોબલ પ્રોડક્ટ એન્જિનિયરિંગમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવવાનો છે.

યુએસ-ઈરાન પરમાણુ વાટાઘાટો શરૂ થતા પહેલાં મિશ્ર વૈશ્વિક સંકેતો અને વધેલી સાવચેતી, તેમજ યુએસના પ્રારંભિક બેરોજગારીના દાવાઓ અને ભારતના જીડીપી સહિતના મુખ્ય ડેટાની અટકળો વચ્ચે સ્થાનિક બજારે તેનો પ્રારંભિક સુધારો ગુમાવ્યો હોવાને કારણે પ્રોફિટ બુકિંગ શરૂ થયું, એમ જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે જેમ જેમ સત્ર આગળ વધ્યું, રોકાણકારો ફાર્મા અને આરોગ્યસંભાળ જેવા નોન સાઇક્લિકલ સેગમેન્ટ તરફ વળ્યા, જ્યારે સંરક્ષણ શેરોમાં સંભવિત ભારત-ઇઝરાયલ ટેક-ટ્રાન્સફર પહેલના આશાવાદ વચ્ચે ચમકારો જોવા મળ્યો હતો. ભારતીય અને યુએસ વાણિજ્ય અધિકારીઓ વચ્ચેની બેઠકોના અહેવાલો પછી, દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોમાં પ્રગતિની આશા ફરી સપાટી પર આવતા બજારના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે બીઈએલ ૨.૨૧ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૪૫ ટકા, સન ફાર્મા ૧.૩૪ ટકા, મારુતિ ૧.૦૨ ટકા, ભારતી એરટેલ ૦.૭૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૭૫ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૫ ટકા વધ્યા હતા, જ્યારે ટ્રેન્ટ ૧.૬૧ ટકા, ઈટર્નલ ૧.૫૪ ટકા, પાવર ગ્રીડ ૧.૨૦ ટકા, એચડીએફસી બેન્ક ૦.૯૮ ટકા, એશિયન પેઈન્ટ ૦.૮૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૧ ટકા, એનટીપીસી ૦.૭૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૮ ટકા, એક્સિસ બેન્ક ૦.૫૩ ટકા અને આઈટીસી ૦.૪૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૨,૯૯૧.૬૪ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ પણ રૂ. ૫,૧૧૮.૫૭ કરોડના શેર ખરીદ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પી ૩.૬૭ ટકા ઉછળ્યા હતા. જાપાનનો નિક્કી ૨૨૫ પણ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપના બજારો મોટાભાગે ઊંચા ટ્રેડિંગ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજાર ઊંચા બંધ થયા હતા.

અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપનીના સાધનોએ જણાવ્યું હતું કે, ભારતીય ઇક્વિટી બજારો મોટાભાગે અથડાઇને મૂળ સપાટી નજીક બંધ થયા હતા. ટેકનોલોજી અને ધાતુઓ તરફથી મળતા સકારાત્મક ગ્લોબલ સંકેતોએ શરૂઆતના સમયે સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હતો, પરંતુ રોકાણકારોએ ગતિનો પીછો કરવાને બદલે ઊંચા મથાળે વેચવાલી કરવાનું પસંદ કર્યું હોવાથી વૃદ્ધિ ધીમે ધીમે ઓછી થઈ ગઈ હતી.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૯૫ ટકા ઘટીને ૭૦.૧૮ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બુધવારે, સેન્સેક્સ ૫૦.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૮૨,૨૭૬.૦૭ પર બંધ થયો. નિફ્ટી ૫૭.૮૫ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૨૫,૪૮૨.૫૦ પર સ્થિર થયો હતો.

દરમિયાન, અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૫ ટકાથી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે. અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ બુધવારે આ મોટો નિર્ણય લીધો છે.

અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઇન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે.

આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭ ટકા નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭ ટકા ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઇન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮ ટકા અને લાઓસ માટે ૮૦.૬૭ ટકા રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.

# હરિયાણા સરકારના પગલાં બાદ એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકના શેરમાં કડાકો

મુંબઈઃ હરિયાણા સરકારે શંકાસ્પદ છેતરપિંડીના કારણે સરકારી વ્યવસાયમાંથી એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકને ડી-એમ્પેનલ જાહેર કરી હોવાથી બેંકના શેરમાં સવારના સત્રમાં છ ટકાથી વધુ કડાકો જોવા મળ્યો હતો. સત્ર બંધ થતાં સુધીમાં જોકે મોટાભાગનો ઘટાડો પચાવીને શેર એકાદ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. બેંકે જણાવ્યું હતું કે તેણે બે ખાતાઓની આંતરિક સમીક્ષા શરૂ કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે યોગ્ય રીતે ખોલવામાં આવ્યા હતા અને નીતિઓનું પાલન કરતા હતા. નોંધવું રહ્યું કે, આઇડીએફસી ફર્સ્ટ બેંકને પણ રૂ. ૫૯૦ કરોડના છેતરપિંડી બદલ પેનલમાંથી કાઢી નાખવામાં આવી હતી, જેમાં ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. છેતરપિંડીના ગંભીર આરોપોને કારણે હરિયાણા સરકારે બેંકને પેનલમાં સમાવિષ્ટ ધિરાણકર્તાઓની યાદીમાંથી નિર્ણાયક રીતે દૂર કરવાની જાહેરાત કરી છે. તાત્કાલિક પ્રતિભાવમાં, બેંકે જાહેરાત કરી કે તેણે બે ચોક્કસ ખાતાઓ અંગે આંતરિક સમીક્ષા શરૂ કરી છે. તેઓએ ભારપૂર્વક જણાવ્યું કે બંને ખાતાઓ બેંકની આંતરિક નીતિઓ અને પ્રક્રિયાઓનું સંપૂર્ણ પાલન કરીને, જરૂરી કેવાયસી તપાસ અને જરૂરી અધિકૃતતાઓ પૂર્ણ કર્યા પછી ખોલવામાં આવ્યા હતા.આઇડીએફસી ફર્સ્ટ બેંકને પણ આવી જ પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડ્યો, કારણ કે હરિયાણા સરકારે તેની ચંદીગઢ શાખામાં અનેક કર્મચારીઓ સાથે જોડાયેલી છેતરપિંડીની પ્રવૃત્તિઓને કારણે તેને પેનલમાંથી બહાર કરી દીધી હતી.

# ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધારો અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધની જ ૯૦.૯૧ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૯૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૯૩ અને ઉપરમાં ૯૦.૮૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના ભાવ ટૂ ભાવ ૯૦.૯૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ચાર પૈસા વધીને બંધ રહ્યો હતો.

અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવ ઉપરાંત જિનીવા ખાતે થનારી વાટાઘાટોની ફળશ્રુતિને ધ્યાનમાં લેતા સાવચેતીના વલણ, ટ્રેડ ટૅરિફની અનિશ્ચિતતાઓ જેવાં કારણોસર આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તા ૯૦.૬૦થી ૯૧.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.


## પશ્ચિમ રેલવે

### ઈલેક્ટ્રીકલ કામ

સીની. ડીવી. ઇલેક. એન્જિનિયર (સબ.) પ. રે. મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ. ટે. નો. નં. WR-MMCTOESUB (ESOT)/૧/૨૦૨૬, તા. ૨૪/૨/૨૬. કામનું નામઃ ચર્ચગેટ-વિરાર સેક્શનમાં OHE નજીક વૃક્ષની ડાળીઓનું કટીંગ / ટ્રીમીંગ કરવું. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧૦,૬૦,૬૦૫/-. બીડ સુરક્ષાઃ ₹ ૨૧,૨૦૦/-. સુપ્રતિની તા. & સમયઃ ૨૪/૩/૨૬ ૧૫ ક. ખુલવાની તા. & સમયઃ ૨૪/૩/૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1174

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ

### ટ્રાન્સફોર્મર બદલવાનું કામ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબરઃ 11-TRDBVP-2025-26. કામનું નામઃ** ભાવનગર TSS: 12.5 MVA થી 21.6 MVA ટ્રાન્સફોર્મરમાં ટ્રાન્સફોર્મર બદલવાનું કામ. **ટેન્ડર રકમઃ** ₹ 3,02,40,577.16/- **ટેન્ડર ફીઃ** શૂન્ય **EMD રકમઃ** ₹ 3,01,200/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા - 364003 બિડરોએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 23.03.2026 ના 15:00 વાગ્યા સુધી રહેશે. BVP 283

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન

### ઈ-ટેન્ડર નોટિસ

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેકશન ડિસ્ટ્રુબુશન, પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છેઃ ટેન્ડર નં. **EL/TRD/૫૮/૨X૨૫/EPC-PSI/૦૧, તારીખઃ ૨૪.૦૨.૨૦૨૬. કામનું નામઃ** પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના ગોધરા - રતલામ સેક્શન વચ્ચે ૨x૨૫KV ફિડિંગ સિસ્ટમ માટે ટ્રેકશન સબસ્ટેશન અને સ્વિચિંગ પોસ્ટના સંબંધમાં ૧૩૨/૫૫KV સ્કોટની ડિઝાઈંગ, સપ્લાય, ઈરેકશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧૪૬,૦૬,૦૦,૦૦૦/-. **બાના રકમ ડિપોઝિટ / બીડ સુરક્ષાઃ** રૂ. ૭૪,૫૩,૦૦૦/-. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** Nil. **બંધ થવાની તારીખ અને સમયઃ** ૧૨.૦૩.૨૦૨૬ ૧૫:૦૦ ક. સુધીના બદલે ૨૫.૦૩.૨૦૨૬ ૧૫:૦૦ ક. સુધી. **ટેકનિકલ બિડ ખૂલશેઃ** ૨૪.૦૩.૨૦૨૬ ૧૫.૩૦ ક. પછીના બદલે ૦૬.૦૪.૨૦૨૬ ૧૫.૩૦ ક. સુધી. **ઓફરની માન્યતાઃ** ખોલવાના તારીખથી ૧૮૦ દિવસ. **વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in નોટીસ બોર્ડ સ્થળઃ** Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેકશન ડિસ્ટ્રુબુશન), પશ્ચિમ રેલવે, રતલામ - ૪૫૭૦૦૧ની ઓફિસમાં. AK/13/1/482

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



## પશ્ચિમ રેલવે અમદાવાદ

### લોન્ગ હોલ લૂપ લાઇન અને આઉટડોર અને ઈન્ડોર સિગ્નલિંગ કાર્ય પૂરું પાડવું

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જીનીયર,નિર્માણ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે,અમદાવાદ-૩૮૨૩૪૫ નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે. **૧. ટેન્ડર નંબરઃ DY.CSTE/C-1/ADI/2025-26/120 ૨. કામનું નામઃ** દેવલિયા સ્ટેશન પર લાંબા અંતરની લૂપ લાઇન પૂરી પાડવા માટે હાલના અન્સાલ્ડો મેક ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (ઇઆઇ) સિસ્ટમ દ્વારા હોટ સ્ટેન્ડનું ઉત્પાદન, પુરવઠો. સ્થાપન, વાયરિંગ/પરીક્ષણ અને કમિશનિંગ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર વિરમગામ-સામખ્યાળી વિભાગ વચ્ચે ડબલિંગ કાર્યના સંદર્ભમાં આઉટડોર અને ઇન્ડોર સિગ્નલિંગ કાર્ય. **૩. કામની અંદાજિત કિંમતઃ** ₹ ૫,૧૪,૩૮,૪૪૭/- (રૂ. પાંચ કરોડ ચૌદ લાખ આડત્રીસ હજાર ચારસો સુડતાલીસ માત્ર) **૪. બિડ સુરક્ષાઃ** ₹ ૪,૦૭,૨૦૦/- (રૂ. ચાર લાખ સાત હજાર બસો માત્ર) **૫. ટેન્ડર સબમિટ કરવાનો અને ખોલવાનો સમયઃ** ટેન્ડર સબમિટ કરવાનો સમયઃ ૧૮.૦૩.૨૦૨૬, ૧૫.૦૦ કલાક સુધી અને ખુલવાનો સમય ૧૮.૦૩.૨૦૨૬ ના ૧૫.૩૦ કલાકે **૬. ઈ-બિડ ખોલવાનો સમય અને તારીખઃ** ૧૮.૦૩.૨૦૨૬ ના ૧૫.૩૦ કલાકે **૭. વેબસાઇટ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે.: વેબસાઇટઃ www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જીનીયર, (નિર્માણ -1) નું કાર્યાલય, પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત - 382345) **૮. કામ પૂર્ણ થવાનો સમયગાળોઃ** સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી છ (06) મહિના. CPM 017

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


માર્ચમાં મુક્ત વેચાણ માટેના ૨૨.૫૦ લાખ ટનના ક્વૉટાની જાહેરાત

# મથકો પાછળ ખાંડમાં ₹ બેથી ૨૦નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ ગઈકાલે મોડી સાંજે કેન્દ્રિય ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગ દ્વારા આગામી માર્ચ મહિના માટે ખાંડના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટનના ક્વૉટાની જાહેરાત કરી હતી. એકંદરે આ ક્વૉટા બજારની અપેક્ષા કરતાં ઓછો જણાતા ગઈકાલે મહારાષ્ટ્રનાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૫અને ઉપલા મથાળેથી રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૭૦૫થી ૩૭૪૫માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં ભાવ ક્વિન્ટલે રૂ. બેથી ૨૦ વધી આવ્યા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો.

આજે સરકારે આગામી પહેલી એપ્રિલથી પેટ્રોલમાં ઈથેનોલની ૨૦ ટકા ભેળવણી ફરજિયાત કરી હોવાની ચર્ચાએ બજારમાં જોર પકડ્યું હોવાને કારણે પણ ખાંડના ભાવમાં સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો સહિત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં ધીમો સુધારો છતાં

# સ્થાનિકમાં ચાંદી ₹ ૪૭૫૦ તૂટી, સોનું ₹ ૯૮૬ નરમ

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચે વાટાઘાટો પૂર્વે સાવચેતીના અભિગમ અને ટ્રમ્પની ટૅરિફની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સોનામાં ધીમો સુધારો આવ્યો હતો અને ચાંદીમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે વૈશ્વિક બજારના મિશ્ર વલણના નિર્દેશો છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮૨થી ૯૮૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૪૭૫૦નો કડાકો બોલાઈ ગયો હતો. આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ વધુ ઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૭૫૦ તૂટીને રૂ. ૨,૬૦,૬૬૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ધીમો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮૨ ઘટીને રૂ. ૧,૫૭,૩૮૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૮૬ ઘટીને રૂ. ૧,૫૮,૦૨૨ના મથાળે રહ્યા હતા. વૈશ્વિક વિનિમય બજારમાં સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ પીછેહઠ જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૫૧૭૪.૦૭ ડૉલર આસપાસ અને એપ્રિલ વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૫૧૯૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૮૭.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાન-અમેરિકા વચ્ચેના ભૂરાજકીય તણાવ અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિને કારણે આર્થિક અનિશ્ચિતતાનો માહોલ સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓની તેજીને ટેકો આપી રહ્યો હોવાનું બૅન્કિંગ જૂથ સ્વિસક્વૉટના વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતાં ઉમેર્યું હતું કે એકંદરે બજાર વર્તુળોની નજર આજે મોડી સાંજે અમેરિકા-ઈરાનના પ્રતિનિધિઓની જિનીવા ખાતે ન્યૂક્લિયર ડીલ અંગે યોજાનારી બેઠકની ફળશ્રુતિ અને આવતીકારે જાહેર થનારા અમેરિકાના બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજીનાં ડેટા પર મંડાઈ છે.


## પશ્ચિમ રેલવે — રતલામ ડિવિઝન

W/૬૨૩/૫/૧/NIT — ઈ-ટેન્ડરીંગ નોટીસ — તારીખ ૨૪.૦૨.૨૦૨૬

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | ₹માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | RTM - ૨૦૨૫-૨૬-૧૪૭ | ૨૦,૪૩,૯૨,૫૦૧.૩૬ | ૧૧,૭૨,૦૦૦/- | ૧૮ મહિના |
| | ૧. પવાસાઃ ઈલેક્ટ્રિકલ કામો સહિત સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં UJN અને PLW વચ્ચે નવી "B" કલાસ સ્ટેશનોની જોગવાઈ. ૨. વિક્રમનગર- સિંહસ્થ ૨૦૨૮ના સંબંધમાં લાઈન નંબર ૧ના મશીન સાઈડિંગ અને ડેડ એન્ડ્સને સ્થિર પૂર્ણ લંબાઈની ટ્રેનો સુધી વિસ્તૃત કરવા. ૩. સિહોર- ઈલેક્ટ્રિકલ કામો સહિત સિહોર ગૂડ્સ શેડ લાઈન ખાતે ડાયરેક્ટ એન્ટ્રી અને એક્ઝિટ સુવિધા. ૪. વિક્રમનગર- લાઈન નં. ૫ (૦.૯ TKm)ની CTR (P). **કામનો સમાન પ્રકારઃ ટેન્ડર શેડયૂલમાં સમાવિષ્ટ સ્પેશિઅલ ટેક્નિકલ માપદંડ મુજબ.** | | | |

વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૪.૦૨.૨૦૨૬. ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૮.૦૩.૨૦૨૬. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે. AK/5/1/483

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly



## પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ

### વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

**ટેન્ડર નં. 282-2025-26 થી 283-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | ઇએમડી રૂ. |
|---|---|---|---|---|
| 1 | 282-2025-26 | ગ્રુપ વર્કઃ- (૧) ભાવનગર પરા - સિનિયર ડીએસસી-આરપીએફ-બીવીપી - ઓફિસ બિલ્ડીંગનું બાંધકામ.(૨) ભાવનગર પરા - ડીઆરએમ ઓફિસ પાસે રેલવે મ્યુઝિયમનું સુધારણા,નવીનીકરણ અને વિસ્તરણ. | ૫,૨૪,૦૬,૬૭૭.૯૯ | ૪,૧૨,000.00 |
| 2 | 283-2025-26 | બોટાદ જંકશનઃ ટ્રેક મશીન સ્ટાફ માટે ૧૭ યુનિટ નવા ટાઈપ - II ક્વાર્ટર્સ પૂરા પાડવા. | ૪,૪૩,૧૨,૧૫૬.૩૧ | ૩,૭૧,૬00.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટેઃ બિડિંગ શરૂ થવાની તારીખઃ** 05/03/2026 **બિડિંગ બંધ થવાની તારીખઃ** 19/03/2026 એનઆઈટી ને રેલવે **વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ - 25/02/2026** ના રોજ અપલોડ કરવામાં આવેલ છે BVP 282

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

### નોન-પાવર બ્લોક ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ અનેOHE ફેરફાર

### ઈ - ટેન્ડર સૂચના ક્રમાંકઃ Sr.DEE/TR/ADI/35(2025-26) તારીખ 25.02.2026

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | TRD-ADI-T-24-2025-26 | અમદાવાદ મંડળના અમદાવાદ, વિરમગામ, કલોલ, મહેસાણા અને પાલનપુર TRD ડેપોની નોન-પાવર બ્લોક ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) જાળવણી પ્રવૃત્તિઓનું બે વર્ષ માટે આઉટસોર્સિંગ | ₹ 2,62,74,938.50 | ₹2,81,400/- |
| 2 | TRD-ADI-T-12R3-2025-26 | લાઈન નંબર 9 થી SBI-B થી ICD સુધીના સીધા જોડાણના વીજળીકરણ અને હાલના સ્ટીલ ગર્ડરને PSC U પ્રકારના સ્લેબ દ્વારા એન્જિનિયરિંગ રિપ્લેસમેન્ટના સંદર્ભમાં OHE ફેરફાર | ₹ 93,77,123.50 | ₹ 1,87,600/- |

**ટેંડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમયઃ** 25.03.2026 ને રોજ 15:00 વાગ્યા સુધી. **ટેંડર ફોર્મ ખોલવાની તારીખ અને સમયઃ** 25.03.2026 ને રોજ 15:30 વાગ્યે. **ઓફિસનું સરનામુંઃ** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **વેબસાઇટ સરનામુંઃ** www.ireps.gov.in ADI 289

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ- ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)

નં. HE/૯૦૬૨/AE (M.) WWES-I તા. ૨૫.૨.૨૬

### ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહા ટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૨૮૧૬૧૫_૧ | EEWW(કોન્સ્ટ.) ES સેક્શન હેઠળ સ્ટોર રૂમમાં મોબાઈલ કોમ્પેક્ટર સ્ટોરેજ સિસ્ટમ સુવિધાની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatenders.gov.in) ખાતે મહાટેન્ડર્સ પોર્ટલ વેબસાઈટ અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-

PRO/3111/ADV./2025-26 E.E. (H.W.) W.W.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ટેન્ડર નોટીસ

| | | |
|---|---|---|
| ડિપાર્ટમેન્ટ | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| સેકસન | : | ડીવાય. સીએચ. એન્જિ. (એસડબ્લ્યુએમ) પ્લાનિંગ |
| ટેન્ડર આઈડી નંબર | : | ૨૦૨૬_MCGM_૧૨૮૧૭૯૧_૧ |
| વિષય | : | 'એલ' વોર્ડમાં ઓડીડી આર્ટિકલ્સના કલેકશન અને પરિવહન માટે કલોસ્ડ બૉડી ટેમ્પો (ત્રણ નંબર)ની સેવા ભાડે લેવી. |
| બીડ શરૂઆતની તારીખ અને સમય | : | ૨૭/૦૨/૨૦૨૬એ સવારના ૧૧.૦૦ વાગ્યાથી |
| પ્રી બિડટેટ | : | N.A. |
| બિડ પૂરી થવાની તારીખ અને સમય | : | ૦૫/૦૩/૨૦૨૬ના ૧૬.૦૦ પીએમ સુધી |
| વેબસાઈટ | : | https://mahatenders.gov.in |
| કોન્ટેક્ટ પર્સનઃ- | | |
| એ) નામ | : | શ્રી હેમંત ટી. ભુસારે A.E. (SWM) પ્લાનિંગ |
| બી) ટેલીફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| સી) મોબાઈલ નંબર | : | ૯૭૬૨૦૦૬૪૪૯ |
| ડી) ઈ-મેલ આઈડી | : | eelswm.pl@mcgm.gov.in |

સહી/-

PRO/3120/ADV./2025-26 એક્ઝી. એન્જિ. (SWM) પ્લાનિંગ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

### જાહેર આરોગ્ય ખાતું
### સ્વારસ્ય અભિવ્યક્તિ જાહેરાત

વિષયઃ- એચ/પૂર્વ વૉર્ડના જાહેર આરોગ્ય ખાતા હેઠળના બી. જી. ખેર પ્રસૂતિગૃહ ખેરવાડી, બાન્દ્રા (પૂર્વ)ના 'ડી' કલાસનાં કુલ ૦૫ પદ કોન્ટ્રાક્ટ પદ્ધતિએ સ્વયંસેવી સંસ્થા મારફત ભરવા બાબતે...

એચ/પૂર્વ વૉર્ડ જાહેર આરોગ્ય ખાતા હેઠળ બી. જી. ખેર પ્રસૂતિગૃહ ખેરવાડી, બાન્દ્રા (પૂર્વ)ના 'ડી' કલાસનાં ૦૫ ખાલી પદ કોન્ટ્રાક્ટ પદ્ધતિએ સ્વયંસેવી સંસ્થા મારફત (બચતગટને બાદ કરતા) ભરવા માટે ઈચ્છુક સંસ્થા ભવિષ્ય નિર્વાહ નિધિ રાજ્ય અને કર્મચારી વિમા યોજનામાં નોંધણીકૃત કામગાર સહકારી સંસ્થા, સેવા સહકારી સંસ્થા, બેરોજગાર સેવા સહકારી સંસ્થા, ઔદ્યોગિક સેવા સહકારી સંસ્થા, બિનસરકારી સંસ્થા (આ બધી સંસ્થા સ્થાપનાનો ઉદ્દેશ તેમના સભ્યોને રોજગારી મળે એવો હોવો જોઈએ) વગેરે સંસ્થા પાસેથી તેમની પાત્રતા યાદી તૈયાર કરીને લૉટરી સિસ્ટમથી પસંદગી કરીને કામ કરવા માટે તા. ૦૨-૦૩-૨૦૨૬થી તા. ૧૩-૦૩-૨૦૨૬ના રોજ બપોરે ૦૪.૦૦ વા. સુધી અરજી મગાવવામાં આવે છે.

અરજીનું ફોર્મ બી. જી. ખેર પ્રસૂતિગૃહના કાર્યાલયમાં તા. ૦૨-૦૩-૨૦૨૬થી તા. ૧૩-૦૩-૨૦૨૬ના સવારે ૧૧.૦૦થી બપોરે ૦૪.૦૦ વાગ્યા દરમિયાન (સાપ્તાહિક અને જાહેર રજા બાદ કરતા) મળશે. ઈચ્છુક સંસ્થાઓએ વધુ માહિતી માટે, અરજી અને સોગંદનામાના નમૂના માટે બી. જી. ખેર પ્રસૂતિગૃહ ખેરવાડી, બાન્દ્રા (પૂર્વ) કાર્યાલયનો સંપર્ક કરવો. ફોર્મ મેળવવાની અંતિમ તારીખ ૧૨-૦૩-૨૦૨૬ (બપોરે ૦૪.૦૦ વાગ્યા સુધી) અને ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૧૩-૦૩-૨૦૨૬ (બપોરે ૦૪.૦૦ વાગ્યા સુધી) રહેશે.

નક્કી કરેલી તારીખ પછી અને સમય બાદ કરવામાં આવેલી અરજી (ઈચ્છાપત્ર) માન્ય રાખવામાં આવશે નહીં અને તે અંગે કોઈપણ પત્રવ્યવહાર સ્વીકારાશે નહીં. (અરજી (ઈચ્છાપત્ર) સીલબંધ કવરમાં હોવી જરૂરી છે, નહીંતર અરજી (ઈચ્છાપત્ર) સ્વીકારાશે નહીં.

સહી/-
મેડિકલ ઑફિસર (ઈન્ચાર્જ)
બી. જી. ખેર પ્રસૂતિગૃહ
ખેરવાડી, બાન્દ્રા (પૂર્વ)

PRO/3114/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નંબર | 2026_MCGM_1282045_1 |
| સંસ્થાનું નામ | બૃહદ્મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | મ્યુનિસિપલ હેડ ઓફિસ, ન્યૂ એન્ડ ઓલ્ડ બિલ્ડિંગ ખાતે બે વર્ષ માટે લેન સિસ્ટમનાં નોન કોમ્પ્રિહેન્સિવ ઓપરેશન અને મેઈન્ટેનન્સ, ટેલિફોન સિસ્ટમ, હાઈ ટેન્શન, લૉ ટેન્શન ઈલેક્ટ્રીક ઇન્સ્ટોલેશન અને તે સંબંધિત ઈલેક્ટ્રીકલ સિસ્ટમ માટે ઈ-ટેન્ડર |
| ઈ-ટેન્ડરનો અંદાજિત ખર્ચ | આઈટમ રેટ ટેન્ડર |
| ટેન્ડર ફી | રૂ. ૧૮,૧૫૦/- + ૧૮% જીએસટી |
| બિડ સિક્યુરિટી ડીપોજીટ-ઈએમડી | રૂ. ૧,૮૩,૧૦૦/- |
| ટેન્ડર બહાર પાડવાની તારીખ/સ્ટાર્ટ ડેટ | ૨૭-૦૨-૨૦૨૬ ૯.૦૦ કલાકે |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૦૭-૦૩-૨૦૨૬ ૧૬.૦૦ કલાકે |
| પેકેટ A, B, Cનું ઓનલાઈન સબમિશન | ૦૭-૦૩-૨૦૨૬ ૧૬.૦૦ કલાકે |
| પ્રિ-બિડ મિટિંગ | N.A. |
| ટેક્નિકલ પેકેટ (A & B)નું ઓપનિંગ | ૦૯-૦૩-૨૦૨૬ ૧૬.૦૦ કલાકે |
| કમર્શિયલ પેકેટ (C)નું ઓપનિંગ | પછીથી જાહેરાત કરાશે |
| સંદેશ વ્યવહારનું સરનામું | કાર્યાલયઃ એક્ઝિક્યુટિવ એન્જિનિયર (હેડ ક્વાર્ટર) ગ્રાઉન્ડ ફ્લોર, બીએમસી મુખ્ય ઈમારત, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. |
| ટેન્ડર ખોલવાનું સ્થળ | એક્ઝિક્યુટિવ એન્જિનિયર (હેડ ક્વાર્ટર) ગ્રાઉન્ડ ફ્લોર, બીએમસી મુખ્ય ઈમારત, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ ખાતે ઓનલાઈન |

**આ ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી.**

ઉપરોક્ત વિષય બાબત મળનારી તમામ અરજી કોઈપણ કારણ આપ્યા વિના સ્વીકારવા કે નકારવાનો અધિકાર બીએમસી અનામત રાખે છે. ટેન્ડર ફી ઓનલાઈન ભરવાની રહેશે અને તેની રસીદ પેકેટ 'એ'માં સુપરત કરવાની રહેશે.

સહી/-

PRO/3128/ADV./2025-26 એક્ઝિક્યુટિવ એન્જિનિયર (હેડ ક્વોર્ટર)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# કોસ્ટલ રોડ પાર્કની ખુલ્લી જગ્યા અને મહાલક્ષ્મી રેસકોર્સના રીડેવલપમેન્ટ સામે વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં ખુલ્લી રહેલી જગ્યાનો પુનર્વિકાસ અને મહાલક્ષ્મી રેસકોર્સ પર સેન્ટ્રલ પાર્ક બનાવવાના માસ્ટર પ્લાન સામે મુંબઈ આર્કિટેક્ટસ કલેક્ટિવ (એમસીએ)ના લગભગ ૧૧૯ સભ્યએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત મુંબઈ મહાનગરપાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખી વિરોધ નોંધાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

મળેલ માહિતી મુજબ એમસીએ દ્વારા લખવામાં આવેલા પત્રમાં તેઓએ આ રિડેવલપમેન્ટ સામે ચેતવણી આપી છે કે ૨૯૮ એકરના પ્રોજેક્ટના ખર્ચમાં વધારો, પર્યાવરણીય નુકસાન, નબળી જમીન સહિત અનેક જોખમ આ પ્રોજેક્ટમાં છે.

મુંબઈ આર્કિટેક્ટસ કલેક્ટિવમાં શહેરના અનેક નામાંકિત આર્કિટેક્ટનો સમાવેશ થાય છે. મુંબઈ આર્કિટેક્ટસ કલેક્ટિવ દ્વારા ૧૯ ફેબ્રુઆરીના પત્ર લખીને ચેતવણી આપી હતી કે મુંબઈની ખુલ્લી જગ્યામાં અંડરગ્રાઉન્ડ કન્સ્ટ્રકશન કરવાથી આ જગ્યાને કાયમી ધોરણે નુકસાન થઈ શકે છે.

એ બાદ ૨૨ ફેબ્રુઆરીએ દક્ષિણ મુંબઈ રેસિડન્ટ અસોસિએશન સાથે થયેલા સંવાદ દરમ્યાન પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ પ્રેઝન્ટેશન રજૂ કરીને કોસ્ટલ રોડની ખુલ્લી જગ્યા અને મહાલક્ષ્મી પ્રોજેક્ટ બાબતે માહિતી આપી હતી. આ પ્રેઝન્ટેશન બાદ મુંબઈ આર્કિટેક્ટસ કલેક્ટિવ દ્વારા ફરી એક વખત ચેતવણી આપવામાં આવી હતી કે તેમની આ પ્રોજેક્ટને લઈને ચિંતા ટેક્નિકલ અને પર્યાવરણીય તથા નાણાકીય તથા મુંબઈની લાંબા ગાળાની સલામતીને લઈને છે.

એમસીએ તેમના પત્ર દ્વારા ચેતવણી આપી હતી કે રેસકોર્સ ફક્ત ખાલી જમીન નથી પણ એક મહત્ત્વપૂર્ણ કુદરતી જમીન છે, જે વરસાદી પાણીને શોષી લે છે, ભૂગર્ભજળને રિચાર્જ કરે અને ગરમીને નિયંત્રિત કરે છે. કોસ્ટલ રોડના ઓપન સ્પેસમાં બાંધવામાં આવનારા ત્રિસ્તરીય અંડરગ્રાઉન્ડ બેસમેન્ટ (પાર્કિંગ)મુંબઈની 'સ્પોન્જ સિટી'ની ક્ષમતાને ભારે નુકસાન પહોંચાડશે. ચોમાસામાં પાણીના વહેણને વધુ ખરાબ કરશે.અંડરગ્રાઉન્ડ બેસમેન્ટ અને સેન્ટ્રલ પાર્કથી લાંબા ગાળે પર્યાવરણીય

(જુઓ પાનું ૪) ▶▶

# બેલાસિસ બ્રિજ હવે પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર બ્રિજ તરીકે ઓળખાશે

## વાહનવ્યવહાર માટે ગુરુવારે ખુલ્લો મુકાયો



### આ વિસ્તારોને રાહત મળશે

આ બ્રિજના બાંધકામથી સ્થાનિકો માટે બે વર્ષથી પૂર્વ અને પશ્ચિમનો ટ્રાફિક ખોરવાઈ ગયો હતો, જે તેના ખુલ્લા મુકાવવાની સાથે જ રાહતરૂપ બનશે. જહાંગીર બોમન બેહરામ રોડ, ડૉ. દાદાસાહેબ ભડકમકર રોડ પર (ગ્રાન્ટ રોડ)ખાસ કરીને પઠ્ઠે બાપૂરાવ રોડ અને મહાલક્ષ્મી સ્ટેશન પુલના ટ્રાફિકમાં ઘટાડો થશે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના તાડદેવ- નાગપાડા અને મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનને જોડનારા બેલાસિસ રેલવે ઓવર બ્રિજનું ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લોકાર્પણ કર્યા બાદ સાંજે તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. એ સાથે જ આ રેલવે ઓવર બ્રિજનું નામકરણ કરવામાં આવ્યું હતું. હવેથી આ રેલવે ઓવર બ્રિજ પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર બ્રિજ તરીકે ઓળખાશે.

અગાઉ બેલાસિસ તરીકે ઓળખાતા રેલવે ઓવર બ્રિજનું પુનઃબાંધકામ હાથ ધર્યા બાદ છેલ્લા બે વર્ષથી તેને ખુલ્લો કયારે મુકવામાં આવે છે તેની રાહ જોવામાં આવતી હતી. છેવટે લાંબી રાહ બાદ ગુરુવાર સાંજથી તે વાહનવ્યહાર માટે ખુલ્લો મુકી દેવામાં આવતા નાગરિકોને રાહત થઈ હતી. ગુરુવારે મુખ્ય પ્રધાને વિડિયો

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈની પાણીની જરૂરિયાત પૂરી કરવાં બજેટમાં ₹ ૬,૪૭૫ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકાના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં મુંબઈના પાણીના માળખાને વધુ સક્ષમ કરવા માટે ૬,૪૭૫ કરોડનું જંગી ભંડોળ ફાળવવામાં આવ્યુ છે, જેમાં મનોરી ખાતે પ્રસ્તાવિત ડિસેલિનેશન પ્લાન્ટ અને ગાર્ગાઈ ડેમ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. શહેરના લાંબા ગાળાના પાણીના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આ મહત્વાકાંક્ષી પહેલ છે.

મુંબઈમાં ડિસેલિનેશન પ્લાન્ટનો પ્રસ્તાવ સૌપ્રથમ ૨૦૦૭માં રજૂ કરવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૧માં પાલિકાએ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે એક ઇઝરાયેલી કંપનીની નિમણૂક કરી, જેની ડિઝાઇન સમીક્ષા જાન્યુઆરી ૨૦૨૨માં પૂર્ણ થઈ હતી.

પાલિકા પ્રશાસન હવે પશ્ચિમ ઉપનગરમાં મનોરી ખાતે પ્લાન્ટનું નિર્માણ કરશે જેની પ્રારંભિક ક્ષમતા ૨૦૦ મિલિયન લિટર પ્રતિ દિવસ (એમએલડી) હશે, જે ૪૦૦ એમએલડી સુધી વધારી શકાય છે. આ પ્રોજેક્ટ ૪૮ મહિનાનો નિર્ધારિત પૂર્ણ કરવાની રહેશે. ૨૦૨૬-૨૭ના બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

નવા પુરવઠાને હાલના વિતરણ નેટવર્ક સાથે સાંકળવા માટે મનોરીના પમ્પિંગ સ્ટેશનથી ચારકોપ અને આગળ મહાવીર નગર (કાંદિવલી) સુધી ૭.૦૫ કિમી લાંબી, ૨.૫ મીટર વ્યાસની પાણી પરિવહન ટનલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ મહત્ત્વપૂર્ણ પરિવહન માળખા માટે ૨૦૨૬-૨૭ ના બજેટમાં વધારાના રૂ. ૨૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ગાર્ગાઈ પ્રોજેક્ટ...

પાલઘર જિલ્લામાં ગાર્ગાઈ નદી પર ગાર્ગાઈ ડેમ પ્રોજેક્ટ માટે પાલિકાએ ટેન્ડર બહાર પાડ્યું છે,

(જુઓ પાનું ૪) ▶▶

## જનતાને કોઇ રસ નથી, છતાં વારંવાર ભાષાકીય માથાકૂટ

# હવે કાંદિવલીની 'બાલભારતી' કોલેજના ગુજરાતીમાં લખાયેલા બોર્ડ સામે વાંધો

## બોર્ડ મરાઠીમાં લખાવવા માટે હવે શિવસેના યુબીટી મેદાનમાં




મુંબઈઃ મહારાષ્ટ્રમાં દર વર્ષે ૨૭ ફેબ્રુઆરીએ મરાઠી ભાષા દિવસ ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં મોટાભાગના લોકો મરાઠી ભાષી હોવાથી આ દિવસનું વિશેષ મહત્વ છે. એક તરફ મરાઠી ભાષા દિવસ નિમિત્તે રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ મુંબઈની એક કોલેજમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મુંબઈના કાંદિવલી પશ્ચિમ વિસ્તારમાં આવેલી બાલભારતી મગનલાલ જે. પંચોલિયા કોલેજ ઓફ કોમર્સ નામની કોલેજનું નામ મુખ્ય ગેટ પર મરાઠીને બદલે ગુજરાતીમાં લખવામાં આવ્યું છે, જેને લીધે મોટો વિવાદ સર્જાયો છે.

જનતાને ફક્ત વિકાસકાર્યો જોઇએ છે, ભાષાના વિવાદમાં કોઇને રસ નથી. મુંબઈ જેવા શહેરમાં દરેક જાતિના લોકો હળીમળીને રહે છે તેમ છતાં વિવિધ રાજકીય પક્ષો દ્વારા ભાષાનો મુદ્દો ઉઠાવીને વારંવાર વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે. લોકસભાની હોય કે પછી પાલિકાની ચૂંટણીમાં આવા ભાષાનો મુદ્દો ઉઠાવીને નાગરિકોને ભોળવવાનો પ્રયાસ કરતા રાજકીય પક્ષોને ધૂળ ચાટવાનો વારો આવ્યો છે છતાં તેમને એ સમજાતું નથી કે નાગરિકોને ફક્ત મૂળભૂત સુવિધાઓ અને વિકાસમાં રસ છે, નહીં કે આવા ભાષાકીય વિવાદમાં. કોર્ટ તરફથી પણ કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં મરાઠી ભાષામાં

(જુઓ પાનું ૪) ▶▶

# નાયબ મુખ્ય પ્રધાન બાદ સુનેત્રા પવાર એનસીપીનાં અધ્યક્ષ તરીકે પણ ચૂંટાયા

મુંબઈઃ અજિત પવારના આકસ્મિક મૃત્યુ પછી સુનેત્રા પવારે હિંમતભેર આગળ વધીને નાયબ મુખ્ય પ્રધાન પદ સંભાળ્યું. ત્યારબાદ તેમણે પાર્ટીની બાગડોર પણ પોતાના હાથમાં લીધી. સુનેત્રા પવારને સર્વાનુમતે એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

પ્રફુલ્લ પટેલ રાષ્ટ્રીય અધ્યક્ષ બનવા માગતા હતા. પાર્ટીના લગભગ ૧૫ વિધાનસભ્યોને પણ પડદા પાછળ તેમને ટેકો આપ્યો હતો, પરંતુ 'મહાશક્તિ' ઇચ્છતા હતા કે પવારના પક્ષના પ્રમુખ પવાર

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ત્રાસદાયક ટ્રાફિકઃ ૧૫ મિનિટના બ્લૉકની યોજના

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર વારંવાર ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાતી હોવાથી વાહનચાલકોને આ સમસ્યામાંથી બહાર કાઢવા હાઈવે પોલીસે ૧૫ મિનિટના વિશેષ બ્લૉકની યોજના અમલમાં મૂકવી પડી રહી છે.

એક્સપ્રેસ-વે પર સપ્તાહ પહેલાં ગૅસ વહન કરતું ટૅન્કર આડોશી ટનલ પાસે ઊંધું વળતાં થયેલા ગૅસ લિકેજને કારણે લગભગ ૩૬ કલાક સુધી ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ હતી. કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા વાહનધારકો આ જૅમને કારણે ત્રાસી ગયા હતા. ત્યાર બાદ આ જ માર્ગ પર સોમવારે ગૅસ ટૅન્કરને લોનાવલાના અમૃતાંજન બ્રિજ

(જુઓ પાનું ૪) ▶▶

## બારામતી વિમાન દુર્ઘટના

# કાવતરું કે આપઘાત, દરેક બાજુથી તપાસ કરાશેઃ સીઆઈડી

પુણેઃ મહારાષ્ટ્ર ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટે ગુરુવારે જણાવ્યું હતું કે બારામતી વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોના મોત થયા હતા, જેની તપાસનો મુખ્ય હેતુ તે ભાંડફોડિયા પ્રવૃત્તિ કે ગુનાહિત બેદરકારી હતી કે નહીં એ નક્કી કરવાનો છે.

પત્રકાર પરિષદને સંબોધતા એડીજી (સીઆઈડી) સુનિલ રામાનંદે જણાવ્યું હતું કે ઘટનાની તપાસ વિગતવાર અને વ્યાવસાયિક રીતે હાથ ધરવામાં આવી રહી છે. ''સીઆઈડી તપાસનો હેતુ એ નક્કી કરવાનો છે કે વિમાન દુર્ઘટનામાં કોઈ ગેરરીતિ કે કોઈ ગુનાહિત બેદરકારી હતી કે નહીં, એમ રામાનંદે જણાવ્યું હતું.

એએઆઈબી (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો) તેનો રિપોર્ટ આપે પછી તેને સીઆઈડી તપાસમાં સમાવવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

અમે ઘણા પુરાવા એકત્રિત કર્યા છે. જો તપાસમાં બેદરકારી કે કાવતરું સહિત કોઈ ગુનાહિત પાસા સાબિત થશે, તો સીઆઈડી ભારતીય ન્યાય સંહિતાના સંબંધિત વિભાગો

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં જૂન સુધી કચરામાંથી વીજળી બનવાનું શરૂ થશે

## દરરોજ ૬૦૦ ટન કચરા પર પ્રક્રિયા થશે

(અમારા પતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકાના ૨૦૨૬-૨૭ના બજેટમાં દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં મહત્વાકાંક્ષી કચરા-થી-ઊર્જા (વેસ્ટ ટુ એર્નજી) પ્લાન્ટ જૂન ૨૦૨૬ સુધીમાં કાર્યરત થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ મૂળ ઓક્ટોબર ૨૦૨૫માં પૂર્ણ થવાનો હતો. એકવાર કાર્યરત થયા પછી સુવિધા દરરોજ ૬૦૦ ટન કચરા પર પ્રક્રિયા કરશે અને સાત મેગાવોટ સ્વચ્છ વીજળી ઉત્પન્ન કરશે, જે મુંબઈના કચરા વ્યવસ્થાપન અને ઊર્જા લક્ષ્યને પાર પાડવામાં મદદ મળશે.

પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ હેઠળ, ચાલુ પ્રોજેક્ટ કાર્યો માટે ૨૦૨૫-૨૬ ના સુધારેલા અંદાજમાં ૩૬૪.૬૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં મુંબઈમાં કચરા વ્યવસ્થાપન માટે રૂ. ૫૮૦.૮૨ કરોડ ફાળવવામાં આવ્યા છે.

મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ ખાતે ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં ૪૮.૧૩ લાખ મેટ્રિક ટન કચરા પર પ્રક્રિયા કરવામાં આવી છે અને બાકીના બાવીસ

(જુઓ પાનું ૪) ▶▶

# પનવેલ-કર્જત મુસાફરી માત્ર ૪૦ મિનિટમાં

નવી મુંબઈઃ પનવેલ-કર્જત રેલવે કોરિડોરનું કામ હવે અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં મુસાફરોની પ્રતીક્ષાનો અંત આવવાની શક્યતા છે. રેલવે પ્રશાસન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ પ્રોજેક્ટનું લગભગ ૮૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આ વર્ષના અંત સુધીમાં સમગ્ર કામ પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

આ રૂટની કુલ લંબાઈ ૨૯.૬ કિ.મી. છે. ડબલ લાઇન ટ્રેકનું લગભગ ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. પનવેલ અને કર્જત વચ્ચે બે રેલવે ફ્લાયઓવર બનાવવામાં આવ્યા છે અને તેનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ ઉપરાંત આ માર્ગ પર ત્રણ ટનલ બનાવવામાં આવી છે. આ ટનલની કુલ લંબાઈ ૩.૨ કિ.મી. છે અને તેના માટે લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે ૨,૭૮૨

(જુઓ પાનું ૪) ▶▶

# બહુમાળી ઈમારતોમાં લાગતી આગ રોકવા ફાયર બ્રિગેડ લાવશે કમ્પ્રેસ્ડ એર ફોમ સિસ્ટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં બહુમાળી ઇમારતોમાં આગ લાગવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે મુંબઈ મહાનગર પાલિકા શહેરી વિસ્તારોમાં આગ જેવી કટોકટીને પહોંચી વળવા ફાયર બ્રિગેડને મજબૂત બનાવવા માટે નવી ફાયર ફાઈટિંગ ટેકનોલોજી અમલમાં મૂકવાની છે.

પાલિકા ઝડપી અને વધુ સક્ષમ રીતે આગ બુઝાવવા પાણીનો છંટકાવ કરવા કમ્પ્રેસ્ડ એર ફોમ સિસ્ટમ્સ (સીએએફએસ) દાખલ કરવાની યોજના ધરાવે છે. પરંપરાગત પાણી-આધારિત પદ્ધતિઓથી વિપરીત, સીએએફએસ ઉચ્ચ-દબાણવાળા ફોમનો ઉપયોગ કરે છે જે ઊંચા માળ સુધી ઓછા પાણી સાથે વધુ ફોર્સ સાથે અસરકારક રીતે પહોંચવા માટે સક્ષમ છે. તેમ જ પાણીનો ઓછો વપરાશ અને કોલેટરલ નુકસાનમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. આ સિસ્ટમ ખાસ કરીને ઊંચી ઇમારતો માટે યોગ્ય છે, જ્યાં બિલ્ડિંગમાં ઉપર જવા મર્યાદિત ઍક્સેસ

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**